# આત્મવિદ્યાવિજ્ઞાન

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

# આત્મવિદ્યાવિજ્ઞાન

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

પ્રકાશક :
સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ
જ્ઞાનસાધન આશ્રમ
પો. મુક્તમ્પુર ( જીલ્લા ભરૂચ )

પ્રથમ આવૃત્તિ સં. ૨૦૧૧
દ્વિતીય આવૃત્તિ સં. ૨૦૧૭

કિંમત
૭૫ ન. પૈ.

મુદ્રક :
ભાલ મલજી : લિપિની પ્રિન્ટરી, ૩૮૦ ગીરગામ, મુંબઈ–૨

# પ્રયોજન

આ નાના એવા પુસ્તકમાં શાંકર-વેદાન્તના કર્મઉપાસના-જ્ઞાનકાંડનું સંક્ષિપ્ત તથા સારગર્ભ સંપૂર્ણ વિવેચન છે. "વેદાનુવચન" નામના હિન્દી પુસ્તકની ભૂમિકાને આધારે એ લખાયેલું છે. પ. પૂ. સ્વામી રામતીર્થજીએ એ પુસ્તકની મૂળ હસ્તલેખની પ્રત મેળવીને વાંચી હતી. પંજાબના કપૂરથલા જિલ્લાના ફગવાડા ગામમાં, ખત્રીઓના વંશમાં, શિખધર્મસંપ્રદાયના આદ્ય પ્રવર્તક શ્રી નાનકદેવની તેરમી પેઢીએ જન્મેલા બાબા નગીનાસિંહ નામના સજ્જને, પોતે વિદ્વાન હોઈ, પોતાના શિષ્યવર્ગને ઉપનિષદસમૂહનો અભ્યાસ કરાવ્યો, તેના ફલસ્વરૂપે 'વેદાનુવચન' પુસ્તક લખાયેલું હતું.

એ પુસ્તક પ્રથમ ઉર્દુમાં છપાયા પછી એનો હિન્દી અનુવાદ છપાયો, જે અત્યારે "શ્રી રામતીર્થ પ્રતિષ્ઠાન; સારનાથ, **વારાણસી** સ્થાને પ્રાપ્ત થઈ શકે છે. શ્રી નગીનાસિંહના શિષ્ય લાલા હરનારાયણે 'વેદાનુવચન' નામના પુસ્તકના સારરૂપે ભૂમિકા લખી છે, તેને આધારે 'આત્મવિદ્યાવિજ્ઞાન' ગુજરાતી ભાષામાં સં. ૨૦૧૧માં છપાયું જેની આ બીજી આવૃત્તિ છે.

વેદાન્તનો અભ્યાસ કરતાં પહેલાં નિષ્કામ કર્મથી ચિત્તશુદ્ધિ, અને અવ્યભિચારિણી ભક્તિથી ચિત્તની નિશ્ચલતા પ્રાપ્ત કરવી સાધકને માટે અનિવાર્ય છે. શાસ્ત્રની એ જ આજ્ઞા છે. અદ્વૈતજ્ઞાનનો અધિકારી વિશુદ્ધ અને નિશ્ચલચિત્ત ન હોય તો વિવેકથી માંડીને નિદિધ્યાસન સુધીનાં જે સાત સાધનો છે, તે માટે પણ અધિકારી બની શકતો નથી, એ શાંકરમતની સર્વમાન્ય શાસ્ત્રોક્ત પ્રણાલિકા છે. નિષ્કામ કર્મ ચિત્તને લોકપરલોકની વાસનામાંથી મુકત કરીને ઈશ્વરની એક-નિષ્ઠ ભકિતનું અધિકારી બનાવે છે; ઇશ્વરનાં દર્શન માટેનાં યમ-નિયમથી માંડીને ધ્યાન-ધારણાસમાધિ સુધીનાં સાધનો વડે દ્વૈતદર્શક

સવિકલ્પ સમાધિ પછી કૈવલ્યની નિર્વિકલ્પ સમાધિનો અનુભવ થાય; ત્યાર પછી જીવ–ઈશ્વરનો ભેદ નિર્મૂળ કરવાનું જે ભગીરથ કાર્ય છે, તે છે પ્રસિદ્ધ જ્ઞાનયોગ; અને એ છે આવરણભંગ નામનું અંતિમ સાધન. અદ્વૈતવેદાન્ત કેવળ તર્કસિદ્ધ નથી, અનુભવ એનું પ્રમાણ છે. ઋષિઓના અનુભવપ્રમાણના ઉદ્‌ગાર એટલે ઉપનિષદ–સમૂહ; એને આધારે ભગવાન શંકરાચાર્યે સાધન–પ્રણાલિકા ગોઠવી આપી છે, એ સાધનામાં અણુમાત્ર પણ ઊણપ રહે, તો વેદાન્તગ્રન્થોનો અભ્યાસ કેવળ ગોખણપટ્ટીવાળો વાણીવિલાસ જ રહે છે.

અદ્વૈતવેદાન્તના સહૃદયી મુમુક્ષુઓ આટલું સમજીને સાધનસંપત્તિને માટે અપૂર્વ આગ્રહ રાખે, અને એ જ ક્રમથી અભ્યાસસાધના કરે એવી નમ્ર વિનંતિ સાથે ૐ તત્સત્.

આષાઢીપૂર્ણિમા સં. ૨૦૧૭
જ્ઞાન સાધન આશ્રમ
પો. મુક્તમ્પુર (જિ. ભરૂચ)

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

# આત્મવિદ્યાવિજ્ઞાન

## કર્મકાંડ

સંસ્કૃત ભાષામાં 'વેદ' શબ્દનો મુખ્યત્વે 'જ્ઞાન' એવો અર્થ થાય છે. 'હોવું' 'છે' એવો પણ એનો અર્થ છે; ઉપરાંત મેળવવું –પ્રાપ્ત કરવું એવો પણ ક્યાંક એ શબ્દનો ઉપયોગ કરાય છે; સારાંશ કે, કોઈ વસ્તુ છે, એનું **'જ્ઞાન થાય છે,' 'પ્રાપ્ત કરાય છે;'** એમ ત્રણે અર્થમાં જ્યારે એનો વિચાર કરીએ, ત્યારે જે વસ્તુ, પદાર્થ, કે તત્ત્વ અસ્તિત્વમાં છે, તેને પ્રાપ્ત કરીને તેનું જ્ઞાન મેળવવું, તથા સંપૂર્ણ રીતે પોતાનું બનાવીને અનુભવ કરવો એવો સ્પષ્ટ ભાવાર્થ એનો સમજાય છે.

જ્ઞાન બે પ્રકારનું છે; એક જ્ઞાતા કે દૃષ્ટાથી ભિન્ન જેટલા જ્ઞેય કે દૃશ્ય પદાર્થ લોકલોકાન્તરમાં—બ્રહ્માંડભરમાં હોય તેનું, અને બીજું સ્વયં જ્ઞાતા તથા દૃષ્ટાને જ્ઞેય માનીને એનું જ્ઞાન મેળવવું તે. શ્રી ભગવદ્‌ગીતાના તેરમા અધ્યાયમાં જ્ઞાન તથા જ્ઞેયના સ્પષ્ટીકરણ માટે થોડા શ્લોકો છે જેમાંના મુખ્ય આ રીતે છે :

**अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।**
**एतज्ज्ञानमितिप्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥ ११ ॥**

**અર્થ** :—હમેશાં અધ્યાત્મ ( આત્માસંબંધીના ) જ્ઞાનમાં સ્થિતિ

( મનોવૃત્તિ ) તથા તત્ત્વજ્ઞાનના અર્થરૂપ ( પરમાત્મા )નું દર્શન એ બધાનું નામ જ્ઞાન છે; એ વિનાનું જે હોય તે અજ્ઞાન છે.

ત્યાર પછી '**જ્ઞેય**'ની વ્યાખ્યા આપતાં કહે છે કે;

**ज्ञेयंयत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वाऽमृतमश्नुते ।**
**अनादिमत्परं ब्रह्म नसत्तन्नासदुच्यते ॥ १२ ॥**

**અર્થ**:—જે જ્ઞેય ( પેલા જ્ઞાન વડે જાણવા યોગ્ય ) છે, તથા જેને જાણીને ( જે જ્ઞેયનું જ્ઞાન પામીને ) અમૃત ( અમરપણારૂપ દ્વંદ્વથી મોક્ષ )ને પામે છે, તે વિષે કહું છું. તે બ્રહ્મ આદિ ( ઉત્પત્તિ, વિનાશ ) વગરનું હોવાથી સર્વથી પર ( શ્રેષ્ઠતમ ) છે; એ નથી સત્ ( છે એમ ) તથા અસત્ ( નથી એમ ) કહેવાય એવું નથી. ( કારણ કે એમાં દ્વૈત નથી તેથી મન કે વાચાનો ત્યાં પ્રવેશ નથી. )

આ જે જ્ઞાન અને જ્ઞેય એ કહ્યાં, એ બન્નેનો 'વેદ' નામથી ઓળખાતા શ્રુતિસમુદાયમાં સમાવેશ થાય છે; તેમાં પણ જે વેદનો અંતિમ ભાગ ઉપનિષદ્ છે, અને જે વેદાન્ત નામથી પ્રસિદ્ધ છે, એમાં એનું રહસ્ય વિશેષભાવે ભરેલું છે. વેદજ્ઞાન, વેદવિદ્યા વગેરે શબ્દો જ્યારે વપરાય છે, ત્યારે બ્રહ્મજ્ઞાન અને બ્રહ્મવિદ્યા જેવો જ એનો અર્થ થાય છે.

આ જ્ઞેય-જ્ઞાન એટલે પરમાત્મા સંબંધીનું જ્ઞાન અને જ્ઞાનપ્રાપ્તિનાં સાધન તથા વિધિ વગેરે સમજવાં એટલાં બધાં અઘરાં છે કે, મનુષ્યની સાંસારિક બુદ્ધિ એને સમજી શકતી નથી. કારણ કે આત્મા (બ્રહ્મ, પરમાત્મા, પરમતત્ત્વ ) કોઈ એવી વસ્તુ નથી કે જેને જ્ઞાનેન્દ્રિયો, મન કે બુદ્ધિનો વિષય બનાવીને અનુભવી શકાય. અનુભવીઓ, ઋષિઓ, આચાર્યો તથા સન્તમહન્તો કહે છે કે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં ત્રણ પ્રતિબંધક છે (૧) પાપ જેને સંસ્કૃતમાં '**મલ**' કહે છે (૨) ચિત્તની

ચંચલતા એટલે સ્થિર બનીને ન રહી શકે એ **'વિક્ષેપ'** કહેવાય છે અને (૩) જે પડદો આત્મદર્શનની વચ્ચે વિરોધ કરાવે છે, એ **'આવરણ'** કહેવાય છે. સાધકને પહેલાં મલને દૂર કરવાની જરૂર છે. અને એનું સાધન કર્મકાન્ડ એટલે નિષ્કામ શુભકર્મ છે. મલ તમોગુણનું પરિણામ હોઈ એને દૂર કરવાનું કામ સત્ત્વગુણનું છે. શુભકર્મ સત્ત્વગુણ કેળવ્યા વિના થઈ શકતાં નથી; દૈવી સંપદનો અંતઃકરણમાં વિકાસ થયા વિના નિષ્કામ કર્મમાં પ્રવૃત્તિ થવી અસંભવિત છે; એને લીધે જેમ જેમ શુભકર્મ થતાં જાય છે, તેમ તેમ સત્ત્વગુણ વધતો જાય છે અને નિષ્કામતાને લીધે સાંસારિક વાસના દુર્બલ થઈને ચિત્તની શુદ્ધિ થાય છે.

આત્મસાક્ષાત્કારમાં બીજો પ્રતિબંધક **'વિક્ષેપ'** છે. ચિત્તની ચંચલતા દૂર કરવાનું એ સાધન છે. ચિત્તને બધા વિષયોમાંથી રોકીને કોઈ એક જ ભગવદ્‌ભાવમાં, મૂર્તિમાં, કે દિવ્ય વસ્તુમાં ભક્તિપૂર્વક રોકવું અને એમ કરતાં ચિત્તની સમસ્ત વૃત્તિઓનો નિરોધ થતાં નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરવાની છે. આ સાધનને ઉપાસના પણ કહે છે, અને એનાથી ચિત્તની ચંચલતા ( **વિક્ષેપ** ) દૂર થાય છે.

જ્યારે કોઈનાં **મલ** તથા **વિક્ષેપ** દૂર થાય અને એ બે સાધન સિદ્ધ થયા પછી ચિત્ત કોઈપણ વિચાર વિના નિશ્ચલ રહી શકે, એ ચિત્તની એકાગ્રતા છે. ચિત્તને આત્મતત્ત્વના વિચારમાં કેન્દ્રીભૂત કરતી વખતે ધ્યાનધારણાની ક્રિયામાં જે ભગવદ્-ધ્યેય હોય તેનો આત્માથી ભેદ જણાય, એ અજ્ઞાનનું આવરણ કહેવાય છે. ધ્યાતા અને ધ્યેય, જ્ઞાતા અને જ્ઞેય, દ્રષ્ટા અને દૃશ્ય એ ત્રણેયમાં ધ્યાન, જ્ઞાન તથા દર્શનને ઉમેરતાં જે ત્રિપુટીનો ભેદ પ્રતીત થાય છે એ **આવરણ** કહેવાય છે.

એ આવરણ શ્રોત્રિય તથા બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુના અદ્વૈતબોધથી-

મહાવાક્યના ઉપદેશથી દૂર થાય છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિમાં આવી રીતે ગુરુશાસ્ત્ર નિમિત્ત બને છે. અનુભવીઓ એને માટે એક દષ્ટાન્ત આપે છે. મુખાકૃતિ જોવા માટે આપણી સામે એક દર્પણ પડેલું છે. પણ એના ઉપર મેલ જામેલો છે તેથી એમાં યથાર્થ દર્શન થઈ શકતું નથી. એ મેલને કોઈ પણ રીતે ધોઈ નાંખીએ, તો એ સ્વચ્છ દર્પણ મુખદર્શનમાં નિમિત્ત બને છે. પરન્તુ એની સાથે જો એ નિરન્તર હલ્યા કરે, ચહેરાની સમક્ષ ઠીક રીતે ન રહે તો એમ સ્પષ્ટ પ્રતિબિંબ પડતું નથી. તાત્પર્ય કે સ્વચ્છ દર્પણને ચહેરાની સામે સ્થિર રાખ્યું હોય તો એમાં સ્પષ્ટ રીતે મુખદર્શન થઈ શકે છે. એમ છતાં પણ એક વાતની ત્યાં શંકા થાય એવું એક કારણ છે. જે ચહેરો દર્પણમાં દેખાય છે, તે જોનારનો—દ્રષ્ટાનો પોતાનો, જેવો છે તેવો જ દેખાય છે કે કેમ? આવો સંશય થવાનું કારણ પણ સ્પષ્ટ છે. કોઈ પણ વ્યક્તિ પોતાના ચહેરાને દર્પણ, પાણી કે બીજી ચળકતી વસ્તુને સામે રાખ્યા વિના, પોતાનાં ચક્ષુથી આપોઆપ જોઈ શકતો નથી. પોતાનાં નેત્રથી, દર્પણની સહાયતા વિના કોઈએ પોતાનું મુખદર્શન કર્યું હોય કે કરી શકે એ અશક્ય છે. એવા સંશયનું નામ અજ્ઞાનાવરણ છે. એ વખતે ત્યાં બીજો પુરુષ પાસે હોવો જોઈએ કે જે જોનારને ચહેરો અને દર્પણમાં દેખાતું પ્રતિબિંબ બન્ને એક છે, એમ ચિહ્નો મેળવીને સમજાવે તથા સાક્ષી આપી શકે : એવું હોવા છતાં જોનારનું એ સાચું મુખદર્શન છે એવું માની લેવામાં પણ શ્રદ્ધા જ મુખ્ય સાધન છે, કારણ કે જે સાક્ષી પુરુષ બન્નેયને પ્રત્યક્ષ જોઈ શકે છે, એ પણ યથાર્થવક્તા છે, નિઃસ્વાર્થ છે, જોનારની શંકા નિવારણ કરવામાં એનો મુખ્ય હેતુ કેવલ દ્રષ્ટાના અજ્ઞાનને દૂર કરવાનો છે એવી શ્રદ્ધા હોવી જોઈએ. કોઈ વિવેકી આપ્તજન દર્પણમાં પડેલા પ્રતિબિંબને દેખીને જોનારની શંકાના નિવારણ માટે સમજાવે

છે કે દર્પણમાં જે દૃશ્ય દેખાય છે, તે દૃષ્ટાની યથાર્થ મુખાકૃતિ છે. જે દર્પણમાં જુએ છે એ તારૂં પોતાનું જ રૂપ છે, તારાથી એ ભિન્ન નથી. એકેએક ચિહ્ન, ગતિ, આકૃતિ વગેરેને દર્પણમાં દેખાડીને તથા સ્વરૂપમાં અને દર્પણની મુખાકૃતિમાં જરાયે ભેદભાવ નથી એમ કહીને બન્નેના અભેદનો નિશ્ચય કરાવે છે, ત્યારે એના અજ્ઞાનનું આવરણ દૂર થાય છે. ત્યાર પછી એને નિશ્ચય થાય છે કે દર્પણમાં જે દર્શન થાય છે, તે મારૂં પોતાનું જ છે, મારાથી ભિન્ન નથી; બિંબ અને પ્રતિબિંબ બન્ને બધી રીતે એકસરખાં જ છે, એવો નિશ્ચય થાય તે આવરણ દૂર થવાનું લક્ષણ છે.

એમ થયા પછી દર્પણમાં દેખાતી ચકલીની સાથે કોઈ ચકલી પ્રેમ કરવા કે લડવા માટે દર્પણમાં ચાંચો માર્યા કરે છે, તેવો પ્રસંગ ઊભો થતો નથી. આવરણ ભંગ થયેલો પુરુષ નથી પ્રતિબિંબ સ્વરૂપ દૃશ્ય સાથે પ્રેમ કરીને ભક્તિ કરતો કે નથી દ્વેષ કરીને નાસ્તિક રહેતો. એ તો અદ્વૈત આત્મતત્ત્વનો અનુભવ કરી લીધા પછી રાગદ્વેષથી મુક્ત બને છે. આને જ વેદાન્તમાં આત્મજ્ઞાન, આત્મસાક્ષાત્કાર કે બ્રહ્મજ્ઞાન કહે છે.

આ જ્ઞાન મેળવવા માટે શાસ્ત્રમાં સાધનના ત્રણ વિભાગ એટલે કાંડ છે. પહેલું કર્મકાંડ, બીજું ઉપાસનાકાંડ તથા ત્રીજું જ્ઞાનકાંડ કહેવાય છે. કર્મકાંડનું શિક્ષણ એવી જાતનું છે કે એ પ્રમાણે કરવાથી મલનો નાશ થાય છે, ઉપાસનાથી વિક્ષેપ એટલે ચિત્તની ચંચલતા દૂર થાય છે અને આચાર્યના શ્રીમુખથી જીવાત્મા તથા બ્રહ્મની એકવાકયતા સમજાવનારાં મહાવાકયનું શ્રવણ કરવાથી મનુષ્ય જ્ઞાનવાન બનીને "હું બ્રહ્મ છું"–अहं ब्रह्मास्मिનો સ્વતઃસિદ્ધ અધિકાર પ્રાપ્ત કરે છે. આ બધું શિક્ષણ, એની પદ્ધતિ, એના વિધિઓ, નિયમો, તેમજ પ્રક્રિયા-પુરઃસરનો સ્વાધ્યાય એવાં અઘરાં છે કે સામાન્ય સાંસારિક મનુષ્ય એની યથાર્થતા સમજી શકતો નથી; એના સિદ્ધાન્ત

તથા રહસ્યનું જ્ઞાન પામી શકતો નથી. એ બધી માનવીય બુદ્ધિના અનુમાનની બહારની વાતો છે. વેદ એનું યથાર્થ શિક્ષણ આપે છે. એની શ્રુતિઓ પ્રત્યક્ષ ઉપદેશ આપે છે; અને એમાં શ્રદ્ધા રાખીને વિચારઆચારના યથાર્થ પાલનની આજ્ઞા આપે છે.

વેદવાક્યોનું રહસ્ય સાધારણ બુદ્ધિમાં પ્રવેશ ન કરી શકે એવું હોવાથી શ્રુતિઓ માનવીય રચના કહેવાતી નથી; એ જ્ઞાન પરમ્પરાથી, યુગયુગાન્તરથી, કલ્પકલ્પાન્તરથી, સ્વયંભૂ પરમાત્માની પ્રેરણાથી, ઋષિઓના અંતરમાં દર્શન–સાક્ષાત્કાર રૂપે ઊતરી આવેલું છે. પ્રેરણાપૂરક શ્રવણમાંથી–પરાવાણીમાંથી વૈખરીમાં આવેલું છે તેથી એ શ્રુતિ કહેવાય છે. માનવબુદ્ધિવડે એ કોઈએ રચેલું, ગોઠવેલું, બનાવેલું, અનુમાન કરેલું કે કલ્પેલું હોય એવું એ જ્ઞાન ન હોવાથી એ શ્રુતિજ્ઞાન સનાતન અને ઈશ્વરીય વાણી રૂપ કહેવાય છે. અત્યાર સુધી એવું કોઈએ કહ્યું નથી કે અમે આ શ્રુતિઓ રચી–બનાવેલી છે. જે સ્વયંભૂ પ્રજાપતિએ સૃષ્ટિના પ્રારંભમાં પૂર્ણજ્ઞાન દ્વારા વેદોને પ્રકટ કર્યા, એ પણ વેદોમાં એમ કહેતા જણાય છે કે આ વેદશ્રુતિઓને અમે જેવી છે તેવી જ જ્ઞાનવાન્ પુરુષો પાસેથી સાંભળી છે, પરમ્પરા દ્વારા અમને આ ઉપદેશ મળ્યો છે, જેમણે પણ પહેલાં પરમ્પરાએ સાંભળીને અમને સંભળાવ્યું છે. ઈશાવાસ્ય ઉપનિષદ્‌ની શ્રુતિ છે કેઃ—

**इति शुश्रुम धीराणां ये नस्तद् विचचक्षिरे ॥**

**અર્થઃ**—જે આચાર્યોએ અમને તત્ (વિદ્યા અવિદ્યા, વ્યાકૃત અવ્યાકૃત)નું વ્યાખ્યાન કર્યું છે તે બુદ્ધિમાનોના મુખથી અમે આ સાંભળ્યું છે.

ભ. શંકરાચાર્ય આ વિષે લખે છે કે "આ બધું વેદવેત્તાઓ

કહેતા આવ્યા છે. બુદ્ધિમાનોનું એવું વચન ( શ્રુતિ ) અમે સાંભળ્યું છે. જે આચાર્યોએ અમને વ્યાખ્યાન કરીને કહ્યું એ પરમ્પરા ભાવથી પ્રાપ્ત થયું છે, માટે એ આગમ કહેવાય છે, એમ સમજવું જોઈએ"

ઉપનિષદ્‌માં આવાં તો કેટલાંયે વિધાન છે કે જેમાં "આ જ્ઞાન અમે પરમ્પરાથી સાંભળતા આવ્યા છીએ અને તમને કહી સંભળાવીએ છીએ." આવી રીતે વેદાન્તજ્ઞાન શ્રુતિજ્ઞાન છે. કોઈ એક જ ઋષિએ કે અનુભવીએ એવું અભિમાન નથી કર્યું કે આ અમારી સ્વતંત્ર બુદ્ધિની શોધ છે; અહંકારની એમાં ગંધ માત્ર નથી–પ્રવેશ જ નથી. વ્યક્તિપણાનો કે અહંભાવનો એમાં કલ્પનાભાગ નથી. અસંખ્ય ઋષિઓએ એ પરમ તત્ત્વના શ્રવણમાં સાધનભેદ, કે અધિકારભેદ વર્ણવ્યો હશે, પણ આત્મ–બ્રહ્મ–નું જ્ઞાન અને એનાં સાધન વગેરે એક જ પ્રકારે સમજાવ્યાં છે, અને નિરભિમાનપણે એમ કહેતા આવ્યા છે કે આ જ્ઞાન 'શ્રુતિ' છે, અમારા ચિત્તની 'સ્મૃતિ' નથી. પરંપરાથી સાંભળેલું હોય તે શ્રુતિ, અને એ શ્રુતિને લક્ષ્યમાં રાખીને માનવીય સમાજના હિત માટે ધારાધોરણ રૂપ જે રચના થાય, જે બુદ્ધિના પ્રદેશમાંથી લખાયેલું હોય તે સ્મૃતિ કહેવાય છે. સ્મૃતિને શ્રુતિનો આધાર જોઈએ, પણ શ્રુતિ તો સ્વયં પ્રમાણ છે. કારણ કે એ અનાદિસિદ્ધ શબ્દભંડાર છે. એને બીજા શબ્દપ્રમાણની જરૂર નથી.

મુખ્ય તો વેદના બે જ વિભાગ મનાય છે; એક કર્મકાંડ અને બીજો જ્ઞાનકાંડ, કારણ કે ઉપાસનાકાંડ જ્ઞાનકાંડની અંદર જ આવી જાય છે. વેદોમાં પ્રથમ કર્મકાંડની સમજણ છે અને પછી જ્ઞાનકાંડનું વર્ણન આવે છે. જ્ઞાનનો ઉપદેશ સૌની અન્તે આવે છે, તેથી પણ એ વિભાગને વેદાન્ત કહે છે; અને ઉપનિષદો વેદના અન્તિમ ભાગમાં આવેલાં છે, તેથી એ જ વેદાન્ત તરીકે ઓળખાય છે.

આપણે કર્મકાંડનું અત્યંત સંક્ષિપ્ત નિરીક્ષણ કરી લઈએ.

કર્મકાંડનું શિક્ષણ એવું છે કે મનુષ્ય કઈ રીતે જન્મ ધારણ કરે છે, કેવાં શુભ કર્મો કરવાથી દેવદેવતા બની શકે છે, અને કેવાં કુકર્મો કરવાથી નરકનિવાસી બનીને યાતના ભોગવે છે. ઉપનિષદોમાં એ પ્રક્રિયા ટુંકમાં આવી રીતે સમજાવી છે.

મનુષ્ય પોતાનાં રુચિ, સ્વભાવ કે ભાવના પ્રમાણે કર્મ કરે છે. મૃત્યુ આવે છે, ત્યારે જેને એ પોતાનું નિવાસસ્થાન માનતો હતો, તેવા આ માનવીય શરીરનો એ ત્યાગ કરી દે છે; પરન્તુ એ ત્યાગ એનો સ્વતંત્ર, સ્વેચ્છાપૂર્ણ તથા અંતિમ ત્યાગ હોતો નથી.

સમસ્ત જીવનમાં કોઈ સામાન્ય મનુષ્ય પોતાને શરીરથી પૃથક્ સમજતો નથી. શરીરમાં પણ એનો વિશેષ સંબંધ મસ્તિષ્ક સાથે રહે છે. મસ્તિષ્ક એનું સિંહાસન છે, જ્યાં નિવાસ કરીને જાગ્રત અવસ્થામાં સ્થૂલ શરીર વડે વ્યવહારનાં બધાં કર્મોની વ્યવસ્થા કરે છે. કર્મોની ઈચ્છાઓ, યોજનાઓ, તેમ જ બધો પ્રબંધ પ્રથમ મસ્તિષ્કમાં ગોઠવે છે, અને પછી ઈંદ્રિયો વડે કર્મો કરે છે. પરન્તુ જ્યારે મનુષ્યના પ્રાણોનો વિયોગ થાય છે, ત્યારે શરીરમાં પ્રાણોનું ગમનાગમન બંધ થઈ જાય છે. સંસારના લોકો કહે છે કે અમુક વ્યક્તિનું મૃત્યુ થયું. પરન્તુ જીવાત્મા અત્યાર સુધી જે શરીરને પોતાનું નિવાસસ્થાન નહીં, પણ એને જ પોતાનું સ્વરૂપ સમજતો અને માનતો હતો, એની સાથેનો સંપૂર્ણ સંબંધ ત્યાગી શકતો નથી. પંચપ્રાણમાંના ઉદાનપ્રાણ ઉપર સવારી કરીને એનું સૂક્ષ્મ-લિંગ શરીર શવની આસપાસ ચારે તરફ મમતાનું માર્યું ફર્યા કરે છે. વેદવેત્તા બ્રાહ્મણો ( બ્રહ્મવિદ્ તત્ત્વજ્ઞો ) આ જીવાત્માને એ સ્થૂળ શવશરીરનો મોહ છોડાવવા માટે, એની સાથેની મમતાનો ત્યાગ કરાવીને પરલોકગમન કરી શકે એટલા માટે એ સ્થૂલ શરીરને અગ્નિમાં ભસ્મીભૂત કરે છે.

જ્યારે એ શબને અગ્નિદાહ થાય છે, ત્યારે એના ત્રણ વિભાગ પડે છે. (૧) ધૂમ્ર (૨) અગ્નિ કે પ્રકાશ તથા (૩) ભસ્મ (રાખ). જીવન્ત દશામાં તો જીવાત્મા આખા શરીર સાથે સંબંધ રાખીને એ ત્રણેયને હું તથા એ મારૂં છે એમ માનતો હતો, અને એ ત્રણેય-તત્ત્વોના બનેલા શરીરમાં નિવાસ કરતો હતો; પરન્તુ અગ્નિદાહ કર્યા પછી તો એના ત્રણ છુટા છુટા વિભાગ પડી જાય છે. કારણ કે જે ત્રણ તત્ત્વો (અગ્નિ, જલ અને પૃથ્વી)નું એ સ્થૂલ શરીર બનેલું હતું, તે અગ્નિતત્ત્વના કાર્યથી ત્રણ રીતે વિભક્ત થઈ ગયું. અગ્નિતત્ત્વનું કાર્ય જ રૂપ બદલવાનું છે કારણ કે એ એનો ધર્મ કે ગુણ છે. શરીરને અગ્નિદાહ કર્યા પછી જીવાત્મા જે સાથે મમત્ત્વ બાંધીને જીવતો હતો, જેનામાં એને વિશેષ રાગ કે અભિરુચિ હતાં, એની સાથે એનો સ્વાભાવિક રીતે સંબંધ થઈ જાય છે. ધૂમ્ર, પ્રકાશ કે ભસ્મમાંથી એકની સાથે સંબંધ થાય ત્યારે બીજા એથી એ છુટો પડી જાય છે. જીવાત્મા જો આજીવન કર્મકાન્ડી રહ્યો હોય તો એનામાં સત્ત્વ-ગુણનો અંશ વિશેષ હોવાથી પ્રકાશ, જ્વાલા કે પ્રજ્વલિત અગ્નિની સાથે સંબંધવાળો બને છે. એનાં કર્મ ઉત્તમ ન હોય, પિતૃકર્મ જ કર્યા કરતો હોય, ગૃહસંસાર, પ્રજોત્પત્તિ, પ્રજાપાલન, પિતૃઓનાં ગુણ-ગાન અને એમને માટેનાં જ કર્મ કરવામાં પ્રવૃત્ત રહ્યો હોય તો ધૂમ્રની સાથે એનો સંબંધ બંધાય છે; પણ જો એનાં કર્મ તદ્દન સ્થૂલ શરીરની આસક્તિનાં, વિષયસેવન જેવા તમોગુણનાં જ થયા કર્યાં હોય, તો ભસ્મ કે ધૂળની સાથે એ બંધાઈ જાય છે; એની સાથે એની એકતા થઈ જાય છે. દેહને ભસ્મીભૂત કર્યા પછી જીવાત્માની આવી રીતે ત્રણ ગતિ થાય છે, અને અહીંથી છુટા થયા પછી એ પોતાનો નવીન પ્રવાસ પારલૌકિક શરીર વડે શરૂ કરે છે.

જીવાત્મા પ્રકાશની સાથે ઉર્ધ્વગતિ કરે તો, ક્રમથી પ્રકાશ, દિવસ, શુક્લપક્ષ, તથા ઉત્તરાયણના માર્ગે કિરણની સાથે સંબંધ બાંધીને

સૂર્યલોક એટલે દેવલોકમાં પ્રવેશ પામે છે; ધૂમ્રની સાથે સંબંધ
થાય તો એમાં ભેજ છે એથી રસનો દેવ ચંદ્ર હોવાથી ધૂમ્ર, અંધ-
કાર, રાત્રિ, કૃષ્ણપક્ષ, અને દક્ષિણાયનના માર્ગે ચંદ્રલોકમાં ગતિ કરે
છે. એ બે ગતિનું વર્ણન મુખ્યત્વે ઉપનિષદોમાં અને એને આધારે
ભગવદ્દગીતામાં આવેલું છે. દેવયાન અને પિતૃયાનના સૂર્ય તથા ચંદ્ર-
લોકના એ માર્ગ છે અને એ ઊર્ધ્વગતિ કહેવાય છે. પરન્તુ જો
જીવાત્મા કેવલ પાર્થિવ પદાર્થોની આસક્તિમાં જ પ્રાણત્યાગ કરે અને
મૃત્યુપર્યન્ત સ્થૂલ વિષયસેવનમાં જ રચ્યોપચ્યો હોય તો એ તેની
અધોગતિ કહેવાય છે, અને ક્રમ ઉન્નતિના માર્ગે પ્રગતિ કરવા માટે
પૃથ્વીપર અવતરે છે. જેનો સંબંધ ભસ્મ સાથે થાય છે તેની ગતિ
નીચે પ્રમાણે વર્ણવેલી છે.

ભસ્મ ધૂળમાં ભળી જાય છે, ધૂળને વાયુ આમતેમ પૃથ્વી ઉપર
ઉડાવીને ફેંકી દે છે, જ્યાં એ માટી બની જાય છે. ત્યાર પછી જ્યારે
વૃષ્ટિ થાય ત્યારે પૃથ્વીમાંથી વનસ્પતિ ઊગે છે, એને કાચીપાકી દશામાં
ભિન્ન ભિન્ન પ્રકારનાં જીવ-જંતુ, પશુપક્ષી કે માનવપ્રાણી પણ ખાય છે,
અને એ રીતે એની ક્રમ ઉન્નતિ થાય છે. કારણ કે જીવાત્મા જ્યાં જ્યાં
જાય ત્યાં ત્યાં તે તે શરીર સાથે સંબંધ બાંધે છે.

માનવીય શરીરની ઉત્પત્તિને ઉપનિષદમાં પંચાગ્નિવિદ્યા તરીકે
પણ ઓળખાવી છે. મનુષ્ય પ્રથમ અન્ન ખાય છે, એમાંથી પુરુષ-
શરીરમાં વીર્ય બને છે, એ વીર્યને પુરુષ સ્ત્રીના ગર્ભાશયમાં આહૂતિ
રૂપે હોમે છે, જ્યાંથી બાલક ઉત્પન્ન થાય છે. મનુષ્ય જ્યારે મૃત્યુ પામે
છે ત્યારે અગ્નિમાં એના શરીરને બાળી નાંખવામાં આવે છે. ત્યાર પછી
જીવાત્મા ચંદ્રલોકમાં આહૂતિરૂપે પ્રવેશ કરીને ચંદ્રદેહ ધારણ કરે છે.
જેને આપણે ચંદ્રવંશી કહીએ છીએ. અને એવી જ રીતે સૂર્યલોકમાં

પ્રવેશ કરીને સૂર્યવંશી બને છે. ક્ષત્રિયોમાં સૂર્યવંશી અને ચંદ્રવંશી-ઓનો જે ઉલ્લેખ છે એનો અર્થ એ છે કે જે સૂર્ય ઉપરથી પૃથ્વી ઉપર જન્મ્યા તે સૂર્યવંશી અને ચંદ્ર ઉપરથી અહીં અવતર્યા તે ચંદ્રવંશી કહેવાયા છે.

સૂર્યલોક તથા ચંદ્રલોકમાં જન્મ ધારણ કરીને ત્યાં પોતપોતાનાં કર્મોના ભોગ ભોગવી લીધા પછી જીવાત્મા ત્યાંથી કિરણો દ્વારા પૃથ્વી ઉપર ઊતરતાં મેઘમંડળમાં પ્રવેશ કરીને વૃષ્ટિની સાથે પૃથ્વીમાં હોમાય છે, આનું નામ પંચાગ્નિવિદ્યા છે; પહેલાં વર્ષા દ્વારા પૃથ્વીરૂપ અગ્નિમાં થતો હોમ પ્રથમ અગ્નિ છે, પુરૂષશરીરમાં વીર્ય બનીને સ્ત્રીના ગર્ભાશયરૂપ અગ્નિમાં હોમાવું એ બીજો અગ્નિ છે; ત્રીજો અગ્નિ મનુષ્ય શરીરને મરણ પછી સામાન્ય અગ્નિમાં ભસ્મ કરાય છે તે છે. ચોથો અગ્નિ ચંદ્રલોકમાં હોમાવાનો અને પાંચમો અગ્નિ સૂર્યલોકમાં પ્રવેશ કરવાના પ્રસંગને માન્યો છે. આવી રીતે પાંચ પરિવર્તનને પાંચ મહા અગ્નિ તરીકે વર્ણવીને ઋષિઓએ એને પંચાગ્નિવિદ્યા એવું નામ આપ્યું છે, છાંદોગ્ય ઉપનિષદના પાંચમા પ્રપાઠકમાં ત્રીજા ખંડથી દસમા સુધીમાં તથા એવું જ વર્ણન થોડા ફેરફાર સાથે બૃહદારણ્યક ઉપનિષદ્‌ના છઠ્ઠા અધ્યાયના બીજા બ્રાહ્મણમાં, આ વિદ્યા વિષે વિસ્તારથી કહેલું છે. ઋષિઓની આ વિદ્યા પરાત્પર દર્શનમાંથી ઉદ્‌ભવેલી હોઈ, સામાન્ય મનુષ્યની બુદ્ધિ એમાં પ્રવેશ કરી શકે એમ નથી. તેમ જ જેઓ પ્રત્યક્ષ પ્રમાણ (ઈંદ્રિયોથી દેખાય એટલું જ સાચું માનનારા) ને જ માને છે એમને માટે આ વિદ્યા નકામી છે; જેઓ પ્રત્યક્ષ દેખાતાં, જાગ્રત અવસ્થા અને સ્થૂલ શરીરથી જ વ્યવહાર થઈ શકે એવાં પૃથ્વી વગેરે ગ્રહો, સૂર્ય, ચંદ્ર, તારા કે નક્ષત્ર મંડળ, તેમ જલતત્ત્વ કે વિચરતા વાયુમંડળની પ્રત્યક્ષ-વિદ્યાને વિજ્ઞાન માનતા હોય, તેમને માટે આ જ્ઞાન નથી; અધ્યાત્મશાસ્ત્રમાં

જ્ઞાન વિજ્ઞાન શબ્દોનો જે અર્થ થાય છે, એ છે પરા વિદ્યાના પરોક્ષ અને અપરોક્ષ જ્ઞાન માટે. એમાં તર્ક નહીં પણ યોગ તથા જ્ઞાનના અંતરંગ અનુભવનો આધાર છે અને એકાદ નહિ પણ અસંખ્ય યોગિવર્યોની ધ્યાનધારણા, મંત્રાનુષ્ઠાન, યજ્ઞયાગ ક્રિયાઓ, તેમ જ સાંસારિક પ્રદેશમાંથી ખેંચી લઈને પરમતત્ત્વમાં પ્રવેશ કરાવેલી વિશુદ્ધ પારદર્શિણી બુદ્ધિનો એ પરિપકવ અભ્યાસ છે. એમાં શંકા નહિ પણ શ્રદ્ધા, તર્ક નહિ પણ ઉપદિષ્ટ સાધન પ્રમાણે અભ્યાસ, મોહ નહિ પણ વૈરાગ્ય, તથા લોકલોકાન્તરની ભોગલાલસા નહિ પણ કેવલ સર્વસ્વ સમર્પણ કરવાની સાધનાપદ્ધતિ છે. જ્યાંસુધી શ્રદ્ધા, ભકિત, અને ધ્યાન વડે ચિત્તનું પરિશોધન ન થાય ત્યાં સુધી શ્રુતિઓનું અધ્યાત્મ-રહસ્ય સમજવું અઘરૂં છે.

ઉપર વર્ણવેલી પંચાગ્નિવિદ્યામાં જે જીવાત્માનું આ સૂર્યમંડળમાં આવાગમનચક્ર વર્ણવ્યું છે એ સદૈવ ચાલુ રહે છે, અને સંસારના અસ્તિત્વનું એ જ મુખ્ય કારણ છે. કર્મકાન્ડનાં શિક્ષણ અને યથાવિધ આચારપાલનથી પૃથ્વી ઉપરનો માનવી ચન્દ્રલોક તથા સૂર્યલોકનાં સુખ પ્રાપ્ત કરી શકે છે અને ઉર્ધ્વગતિનો આરોહક હોય તો સૂર્યલોકથી આગળ વધીને અખિલ બ્રહ્માંડમાં વિશ્વકર્મારૂપે રહેલા એકમાત્ર સ્વયંભૂ પ્રજાપતિના બ્રહ્મલોક સુધી પહોંચી શકે છે. બ્રહ્માંડના પ્રલય સમયે પ્રજાપતિ ( બ્રહ્મ ) એને અધિકારી સમજીને આત્મજ્ઞાનનો ઉપદેશ આપે છે ત્યારે જન્મમરણના આવાગમનના ચક્રમાંથી એ મુકિત મેળવે છે. એક બીજો લાભ કર્મકાન્ડના પાલનથી એ થાય છે કે મનુષ્યનું ચિત્ત શુદ્ધ બને છે. ચિત્તનો વાસનારૂપ મલ દૂર થાય ત્યારે અંતઃકરણ શુધ્ધ થતાં આત્માનું પ્રતિબિંબ સ્પષ્ટ પડે છે અને ઉપાસના દ્વારા સ્થિરતા પ્રાપ્ત થાય ત્યારે એવો સાધક આ પૃથ્વી ઉપર માનવશરીરમાં જ બ્રહ્મવિદ્યાનો અધિકારી બને છે. એટલા જ માટે વેદોમાં પ્રથમ શિક્ષણ કર્મકાન્ડનું

છે; આ વિદ્યા અદ્‌ભુત અને અલૌકિક છે એટલું જ નહિ પણ મોક્ષના ક્રમમાર્ગની પ્રાથમિક ભૂમિકાનો એ જ મૂલાધાર છે. અંતઃકરણની શુધ્ધિ એનું પરમ લક્ષ્ય છે, અને એ પ્રથમ સાધન સિધ્ધ થયા પછી ક્રમે ક્રમે ઉપાસના તથા જ્ઞાનનો પણ અધિકાર અપાવે છે. ઉપરાંત એનાથી જીવનયાત્રા પણ સુખકર નીવડે છે. ઈષ્ટ ભોગપ્રાપ્તિનું એ એક માત્ર સર્વોત્તમ અને અત્યંત પાવનકારી સાધન છે. યોગક્ષેમની એ રહસ્યમયી વિદ્યા છે એટલે યથોચિત સાધનસામગ્રીરૂપ ભોગ તથા એના વડે પ્રાપ્ત થતી મુક્તિનો પણ એથી ક્રમશ લાભ થાય છે.

## બ્રહ્મજ્ઞાનની ઉપદેશપદ્ધતિ

હવે આપણે જ્ઞાનકાંડનો વિચાર કરીએ. ઉપનિષદોમાં બ્રહ્મવિદ્યાનું વિવિધ પ્રકારે વર્ણન કરેલું છે. પ્રત્યેક ઉપનિષદમાં એક ખાસ વાત ઉપર લક્ષ્ય આપવામાં આવ્યું છે કે આત્મજ્ઞાનનો ઉપદેશ સુયોગ્ય અધિકારીને જ આપવામાં આવ્યો છે. જેટલી યોગ્યતાવાળો શિષ્ય હોય છે, એ પ્રમાણે બ્રહ્મવિદ્‌ આચાર્ય એની ધારણા અને જ્ઞાન તપાસીને ઉપદેશ આપે છે. કઠોપનિષદ્‌માં યમદેવ આચાર્ય છે, અને નચિકેતા એક સહૃદય શુધ્ધ સરલ ચિત્ત બાલક શિષ્ય છે. જન્મમૃત્યુની પાર રહેલા સૂર્યનારાયણના અનન્ય પ્રતીક જેવા યમરાજ આચાર્ય છે, ત્યારે શ્રધ્ધાથી ભરેલો, ત્રિલોકના ભોગને તિલાંજલિ આપી ચૂકેલો, વૃધ્ધ કર્મકાંડી પિતાના દાનધર્મથી દુઃખી બનીને સ્વેચ્છાથી મૃત્યુ વ્હોરી લીધેલો એ આચાર્ય પાસે જાય છે, અને એની સાથે સાંસારિક લોકપરલોકના પ્રેય લાગતા ભોગ ધરાય છે ત્યારે એનો અસ્વીકાર કરી શ્રેયમાત્ર આત્મતત્ત્વ માટેની જિજ્ઞાસા કરે છે. કેનોપનિષદ્‌માં હિરણ્યમયની દિવ્ય આંતરશક્તિ જેવી ઉમાદેવી આચાર્ય બનીને દેવદેવતાઓને યક્ષના ઉદાહરણ વડે ઉપદેશ આપે છે. મુંડક ઉપનિષદ્‌માં સાક્ષાત્‌ પ્રજાપતિ આચાર્ય બનીને ઉપદેશ આપે છે. છાંદોગ્ય તથા

બૃહદારણ્યક ઉપનિષદોમાં વિવિધ અધિકારીઓનો ઉલ્લેખ આવે છે. વેદવેદાંગપારંગત થઈને વિદ્વાન્ કહેવાતા નારદને સનત્ કુમાર ઉપદેશ આપે છે. સનત્ કુમાર નારદને પહેલાં ભણેલી વિદ્યાઓ વિષે પૂછે છે અને જેટલું ભણ્યા છે, તેનાથી પર જઈને મહાવિદ્યાનો અંતિમ ઉપદેશ આપી જે અપરિચિત, અપરિચ્છિન્ન પરિપૂર્ણ ભૂમા છે, જેની ઉપર કશુંયે બીજું સંભવિત નથી એનું જ્ઞાન આપે છે. યાજ્ઞવલ્કય અને જનકરાજાના સંવાદમાં એમ બતાવ્યું છે કે જનકરાજાને પોતાને વિદ્યાનું અભિમાન હતું, જેને નિર્મૂલ કરવા માટે ઉપદેશ આપ્યો હતો. ઇન્દ્ર અને વિરોચનના આખ્યાનમાં એમ સમજાવ્યું છે કે પ્રજાપતિએ વિરોચનના અજ્ઞાનને લીધે એને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો જ નહિ. પણ ઇન્દ્રને ચાર વાર બોલાવીને ૧૦૧ વર્ષની તપશ્ચર્યા પછી બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો છે. કોઈ કોઈ ઠેકાણે આકાશવાણીથી બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ મળ્યાનો સંકેત છે; કોઈ ઠેકાણે યજ્ઞના અગ્નિ કે બળદના શબ્દથી અધિકારી સાધકોને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ મળવાનાં વૃત્તાંત છે. એક સ્થાનમાં અભિમાની પુત્ર શ્વેતકેતુને એના પિતાએ આચાર્ય બનીને તત્વજ્ઞાન આપ્યું છે, કોઈ જગ્યાએ કેવળ શિષ્ય કયા ગોત્ર કે વર્ણનો છે, એનો વિચાર કર્યા વિના એનો અધિકાર સમજીને ઉપદેશ અપાયો છે. શ્વેતાશ્વતર ઉપનિષદમાં એવી વાત છે કે બ્રહ્મવાદીઓ બેસીને પરસ્પર તત્ત્વશોધનની ચર્ચા કરતા હતા, એમાંથી અભીષ્ટ પરિણામે પહોંચી ગયા. બધાનો સાર એ છે કે બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિના અધિકારમાં સ્ત્રી, પુરુષ, બાલક, યુવાન, વૃધ્ધ, મનુષ્ય, દેવદેવતા, વર્ણ, આશ્રમ, વગેરે કોઈ પણ જાતનો પ્રતિબંધ નથી રખાયો, કેવળ શુધ્ધ અને નિરુધ્ધ મનોદશા તથા તત્ત્વજ્ઞાનની ઉત્કટ જિજ્ઞાસાને જ અધિકાર માનવામાં આવ્યો છે. બધે એક વાતનો સામાન્ય ખ્યાલ રાખવામાં આવ્યો છે કે જે અધિકારી શિષ્ય પુત્રવત્ બનીને આચાર્યને પિતાતુલ્ય ન માને, ભકિતથી સેવા

શુશ્રુષા ન કરે, તપસ્વી ન હોય, વિવેક વૈરાગ્યથી સંપત્તિવાન બનેલો ન હોય, તેને આ બ્રહ્મવિદ્યાનું શિક્ષણ આપવું નહિ. એ બાબતમાં ચોકખી આજ્ઞા આપી છે કે જેવી ઈશ્વરમાં ભક્તિ હોય તેવી જ ભક્તિ આચાર્યમાં હોય તો એને જ આ બ્રહ્મવિદ્યા સફલ થાય છે. અધિકાર જોયા વિના આ બ્રહ્મવિદ્યા ગમે તેને, ગમે તે સ્થાને કે સમયે કહેવા-કથવાનો પણ નિષેધ કરેલો છે. છતાં એટલું ચોક્કસ છે કે એ વિદ્યાદાન કોને કરવું એ બ્રહ્મવિદ્ આચાર્યની અધિકારપરીક્ષા ઉપર આધાર રાખે છે, અને કયા અધિકારીને કેવી શૈલી કે પધ્ધતિથી જ્ઞાનોપદેશ કરવો એમાં આચાર્યને સ્વતંત્રતા આપેલી છે.

આ બ્રહ્મજ્ઞાન સંબંધે આપણે લખીએ તે પહેલાં સંસાર, અને મનુષ્ય તથા તેની ઉત્પત્તિ, સ્થિતિ વિષે થોડો વેદોક્ત પધ્ધતિથી વિચાર કરી લેવો જરૂરી છે, કારણ કે ઉપનિષદ્‌માં જે બ્રહ્મવિદ્યાનું રહસ્ય છે, એના જ્ઞાન માટેની એ પૂર્વ ભૂમિકા છે.

## સંસાર અને મનુષ્ય

સંસાર એટલે આ પ્રત્યક્ષ થતી સૃષ્ટિ. એને ધ્યાનપૂર્વક તપાસી જોઈએ તો પ્રત્યેક જડ, ચેતન વસ્તુ મિશ્ર તત્ત્વોની બનેલી છે એમ જણાશે. લાકડું, પત્થર, વનસ્પતિ, કીટપતંગ, પશુપક્ષી અને મનુષ્ય, બધામાં જે જે તત્ત્વો છે, એના ગુણધર્મ તથા કાર્યનો સૂક્ષ્મ દૃષ્ટિએ ઋષિઓએ વિચાર કરીને એવો અનુભવ પ્રકટ કર્યો છે કે એ બધામાં કેવળ પાંચ તત્ત્વોનું મિશ્રણ છે: (૧) પૃથ્વી એટલે સ્થૂલ જડ તત્ત્વ અને એનો ગુણધર્મ ગંધ (૨) જલ એટલે પ્રવાહી એવું દ્રવતત્ત્વ અને એનો ગુણધર્મ સ્વાદ (૩) અગ્નિ એટલે ઉષ્ણતા અને પ્રકાશ જેનો ગુણધર્મ વસ્તુના આકાર-રૂપને બદલવાનો છે, (૪) વાયુ એટલે એક દિશામાંથી બીજી દિશામાં પ્રવાહરૂપે ઉડનારૂં તત્ત્વ જેનો ગુણધર્મ સ્પર્શ છે (૫) પાંચમું આકાશ એટલે અવકાશ અથવા

પોલાણ જેને લીધે એમાં શબ્દ-ધ્વનિનો ગુણધર્મ જણાઈ આવે છે.

આ પાંચેય તત્ત્વો આપણને શુધ્ધ એક જ તત્ત્વ તરીકે પૃથક્ પૃથક્ મળી શકતાં નથી પણ એ મિશ્ર સ્વરૂપે જ મળે છે. કોઈ પણ એક તત્ત્વને લઈએ ત્યારે એમાં એક તત્ત્વ મુખ્ય ભાગ તરીકે અને બીજાં સ્વલ્પ ભાગથી મિશ્રિત થયેલાં હોય છે. અત્યારનું મિશ્ર અવસ્થાન એવું સૂચન કરે છે કે એક એવો સમય હશે જ્યારે એ બધાં મૂલ પરમાણુ રૂપે અમિશ્ર અવસ્થામાં રહેતાં હશે. ભૌતિક જગતની રચનામાં આ તત્ત્વોની હેરફેર થયા કરે છે અને એકનું રૂપાન્તર થતાં એમાંનાં તત્ત્વોનો વત્તોઓછો ફેરફાર થાય છે. અહીં એ વાતનો વિસ્તાર કરીને સમજાવવાનો ઉદ્દેશ નથી, માત્ર સિધ્ધાન્ત તરીકે જ નિરૂપણ કર્યું છે. પરન્તુ જ્યારે આ તત્ત્વો એના મૂલ અમિશ્ર સ્વરૂપે હતાં ત્યારે એમાં કશી વ્યકત અવસ્થા નહોતી. શ્રુતિમાં એવું કથન છે કે પરમાત્મા પ્રથમ **एकमेवाद्वितीयम्** એટલે એક જ અને અદ્વિતીય હતા; તેમાં કોઈપણ જાતનો ભેદ ન હોવાથી-એક જ હોવાથી ત્યાં શું નામ કે શું રૂપ છે, એવો ભેદભર્યો પ્રશ્ન જ ઊભો થાય એમ નહોતો. એ કેવલ નિરાકાર, નિરવયવ, નિર્ગુણ અને નિરંજન હોવા છતાં સમસ્ત સંસારના ઉપાદાનકારણને પોતાનામાં લીન રાખીને રહ્યા હતા. મનુષ્ય જેમ પોતાના સ્વપ્ન તથા જાગ્રત દશાના વ્યવહારને સુષુપ્તિ અવસ્થામાં લીન રાખીને, સંસારની અવ્યકત દશામાં રહે છે, તેવી જ એ અવ્યકત દશા હતી. વાસ્તવિક રીતે એ પરમતત્ત્વમાં દ્વૈત નથી, સંસાર નથી, પરન્તુ જિજ્ઞાસુને જ્યાંસુધી જીવ, જગત, અને જગદીશની ત્રિપુટીના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન ન થાય, એ ત્રણેયનું જે આત્મસ્વરૂપ અને અધિષ્ઠાન છે, એમાં ત્રિપુટી સ્વરૂપ દ્વૈત તો કેવલ વિવર્ત છે—આભાસ છે, એવું સમ્યગ્ દર્શન ન થાય, ત્યાંસુધી આચાર્ય જીવ તથા જગતની પૃથક્કરણ પધ્ધતિને અનુસરે છે, અને શિષ્યની બુદ્ધિમાં સંસારભાવ છે,

તેનો સદ્ભાવ સ્વીકારીને ઉપદેશ આપે છે. સંસારની સત્તાની માન્યતા મિથ્યા કલ્પના હોવાથી, એને વેદાન્તશાસ્ત્ર અધ્યારોપ કહે છે. અહીં એવી અધ્યારોપની દૃષ્ટિથી જ સૃષ્ટિપ્રકરણ સમજાવવાનો ઉદ્દેશ છે; તેનાથી મૂલ સ્વરૂપ પરમ તત્ત્વમાં કશો ભેદ ન હોવા છતાં, વ્યક્ત દશામાં દેખાતું જગત્ પ્રથમ અવ્યક્ત દશામાં હતું એટલું જ કહેવાનું છે.

એવી અવ્યક્ત દશામાંથી એને વ્યુત્થાન કરવાની ઈચ્છા થઈ એટલે કે "**एकोऽहम् बहुस्याम्** હું એકલો છું તે અનેક થાઉં" એમ લાગ્યું ત્યારે અસંખ્ય નામરૂપાત્મક વ્યક્ત સંસારનો આવિર્ભાવ થયો એમ માનવાનું છે. અવ્યક્તમાંથી વ્યક્તમાં આવવાની પરમાત્માની આવી ઈચ્છા મનુષ્યની ઈચ્છા જેવી નથી. એ તો એની સ્વાભાવિક પ્રવૃત્તિ છે; વાસના કે આવશ્યકતાને માટે માનવીય ચિત્તમાં જે ઈચ્છાઓ, આમ કરું અને તેમ કરું, આમ દેખાઉં ને તેમ દેખાઉં જેમ ઊભી થાય એના જેવી એ નથી, એ ખાસ સમજવાનું છે. કારણ કે સ્વભાવ અને ઈચ્છા વચ્ચે મહાન્ અંતર છે. અગ્નિનો જેવી રીતે બાળવાનો, સૂર્યનો પ્રકાશવાનો, તારાઓનો ઝગમગાટ કરવાનો મોતી, માણેક, હીરા કે બીજાં રત્નોનો જેમ ચમકવાનો સ્વાભાવિક ધર્મ છે, તેવી જ રીતે એ પરમાત્માનો 'એક છું તો હવે બહુ બની જાઉં' એમ થવાનો સ્વાભાવિક ધર્મ છે; અમુક હેતુથી-કારણથી પોતાના કે બીજાના સ્વાર્થ માટે-એવું કશું એમાં કારણ માની લેવાનું નથી.

સૂર્યમાંથી પ્રકાશ નીકળવાનો સહજ સ્વાભાવિક ધર્મ હોવા છતાં સૂર્ય પ્રકાશ આપે છે, અગ્નિનો સહજ સ્વાભાવિક દાહ કરવાનો ધર્મ હોવા છતાં અગ્નિ દઝાડે છે-બાળે છે, એમ કહેવાય છે છતાં

એવાં કાર્યની પાછળ કાંઈ પણ હેતુ કે કારણ હોતાં નથી, તેવી જ રીતે પરમાત્મા એકમાંથી સૃષ્ટિરૂપે અનેક બને એ એનો અલૌકિક, સ્વાભાવિક ધર્મ છે.

ઉપરાંત જે ગુણધર્મ સ્વાભાવિક હોય, તે પ્રકટ કે વ્યકત થવામાં બીજી કોઈ પણ વસ્તુની અપેક્ષા રાખતા નથી, એ પણ ધ્યાનમાં રાખવા જેવી વસ્તુસ્થિતિ છે. પ્રત્યેક ગુણની સ્થિતિ ગુણીમાં હોય છે, તેથી ગુણ ગુણીની સાથે તદ્રૂપ–તદાકાર એકાકાર જેવો હોય તેમ છતાં ગુણીને ગુણનો સ્વામી કે કર્તા કહેવો પડે છે. સૂર્ય પ્રકાશ આપે છે, અગ્નિ બાળવાનું કાર્ય કરે છે, એમાં સૂર્યને કર્તા બનાવીને પ્રકાશ આપવાના કાર્યને પૃથક્ કહેવાની વ્યવહારમાં રૂઢિ પડી ગઈ છે. એવી જ રીતે ઈશ્વરના સ્વરૂપમાં સંસારના આવિર્ભાવ–તિરોધાનનો સ્વાભાવિક ગુણધર્મ હોવાથી સૃષ્ટિની વ્યકત અવ્યકત અવસ્થા થયા કરે છે; છતાં પરમાત્મા સૃષ્ટિ રચે છે એમ કહેવાય છે. આવિર્ભાવ હોય ત્યારે સગુણ, સાકાર તરીકે અને તિરોધાન હોય ત્યારે નિર્ગુણ, નિરાકાર તરીકે આપણે એને ઓળખીએ છીએ: વાસ્તવિક રીતે તો ઈશ્વર જ્યારે બન્ને ધર્મથી મુકત હોય છે, ત્યારે એને સંકેત માત્ર આત્મા, બ્રહ્મ, પરમતત્ત્વ, વગેરે નામ અપાય છે અને તે પણ અનાત્મા વગેરે જગતના ગુણ ધર્મની અપેક્ષાએ. બાકી તો **નેતિ–નેતિ**ના નિષેધ સંકેતથી જ, મૌનરૂપે, નામ રૂપથી વર્જિત તરીકે એને અનુભવ તરીકે ઓળખવા-અનુભવવાનો છે, એ વાસ્તવિક સિદ્ધાંન્ત છે.

વ્યકત-અવ્યકતની લીલા કરોળિયાની જાળની રચના જેવી છે. કરોળીયો પોતાની જ લાળમાંથી જાળ બનાવે છે, અને પછી એને જ પોતાનામાં ગળી જાય છે. એના પોતાના સ્વભાવધર્મને લીધે એ ક્રિયા થયા કરે છે, તેવી જ રીતે ઈશ્વરનો આ સ્વાભાવિક ગુણધર્મ સંસારના આવિર્ભાવ તિરોભાવ કરે છે—આંખ જેમ પોતાની સ્વાભાવિક

ઉઘાડ–મીંચ કરવાની ક્રિયા કરે છે એ રીતે. સાંસારિક પ્રકૃતિના તત્ત્વોની વ્યક્ત, પ્રકટ અવસ્થા ઉત્પત્તિ કહેવાય છે ત્યારે એની અવ્યક્ત અપ્રકટ અવસ્થા લય કહેવાય છે.

જ્યારે ઉત્પત્તિનો સમય આવે છે ત્યારે એમાં 'હું બહુ થાઉં' એવી ઈચ્છાના આધારે 'હું' એવો અહંકાર પ્રથમ ઉત્પન્ન થાય છે. આ સમષ્ટિ અહંકાર પ્રકૃતિની સત્તા (અસ્તિત્વ)ને સિદ્ધ કરી બતાવે છે. પ્રકૃતિ જેવું કાંઈ નહોતું તે અવ્યક્ત અવસ્થા છે. સંસારસ્વરૂપ કાર્યના પ્રત્યક્ષ પ્રકટીકરણથી ઈશ્વરમાં કારણની કલ્પના થાય છે. ત્યારપછી સમષ્ટિ પ્રકૃતિમાં જે ભેદજ્ઞાન કે ભેદવ્યવહાર નહોતાં તેમાંથી એકમાંથી અનેક થવાની ઈચ્છાને લીધે વ્યષ્ટિ (વ્યક્તિગત) અહંકારોના ભેદ પડયા અને પરસ્પરને ઓળખવા જાણવાની વિવેક-બુદ્ધિ ઊભી થઈ. વ્યષ્ટિ અહંકાર અને વ્યષ્ટિ બુદ્ધિને લીધે સમષ્ટિની અભેદ સ્થિતિનો ભંગ થયો અને એનું પરિણામ એ આવ્યું કે સમષ્ટિ અહંબુધ્ધિ એટલે મહત્તત્વમાંથી **આકાશ** ઉત્પન્ન થયું. એ અવકાશ તથા પોલાણ ન હોય તો અગણિત સંખ્યાવાળા વ્યષ્ટિ અહંકારો નિવાસ જ કયાં કરે? **આકાશ**માં વ્યષ્ટિઓની હીલચાલની ગતિ ઊભી થઈ, પ્રવાહો વહેવા માંડયા એ **વાયુ** કહેવાયો, વાયુમાં પ્રવાહોની ગતિને લીધે પરસ્પરના ઘર્ષણથી ઉષ્મા આવી તેમાંથી **અગ્નિ** ઉત્પન્ન થયો અને અસંખ્ય જ્યોતિમંડળો પ્રકટ થયાં. આકાશમાં નિવાસ કરનારા વાયુપ્રવાહો, અને અગ્નિમંડળોની પરસ્પર અસરથી એમાં ભેજ–ભીનાશ–શીતલતા ઊભી થઈ, અને ગ્રહો ઉપર નીચે વહેવા માંડે તેવું દ્રવતત્ત્વ જેવું **જલ** ઉત્પન્ન થયું. એ જલ જેમ જેમ સ્થિર થવા માંડયું, તેમ તેમ તેમાં જડતા આવવાથી **પૃથ્વી** નામનું તત્ત્વ થયું, એ આપણે, એ નામના ગ્રહ ઉપર વસીએ છીએ તેથી પ્રત્યક્ષ થાય છે. તત્ત્વો જેમ સ્થૂલ છે, તેમ સૂક્ષ્મ પણ છે, જે

એના ગુણ-ધર્મ ઉપરથી આપણે જાણી શકીએ છીએ. પ્રત્યેક તત્ત્વ પ્રથમ સૂક્ષ્મરૂપમાં હોય છે અને પછી એનું સ્થૂલ રૂપાન્તર થાય છે, એવો પ્રકૃતિનો ક્રમ છે.

આ તત્ત્વોનો પ્રભાવ આપણને અહીં પ્રત્યક્ષ થાય છે. વૃક્ષ, વનસ્પતિ, ઔષધિ વગેરેમાંથી જે અન્ન ઉત્પન્ન થાય છે, એ વર્ષા તથા જલથી પોષાય છે, એમ જોઈએ છીએ. જલ વિના સ્થૂલ પદાર્થ પણ સ્થિર રહી શકતા નથી, જલ વિના બધી વસ્તુઓ અગ્નિને લીધે શુષ્ક બનીને વિકીર્ણ તથા વિલુપ્ત થઈ જાય છે. જલની સ્થિરતા ઉષ્ણતાને આભારી છે. ઉષ્ણતા (ગરમી) જ્યારે પૂર્ણમાન ઉપર હોય ત્યારે જ આકાશમાંથી પુષ્કળ વર્ષા આવે છે. અગ્નિની ઉત્પત્તિ તથા સ્થિતિ વાયુને લીધે છે, કારણ કે વાયુ ન હોય તો અગ્નિ બુઝાઈ જાય છે; વાયુની સ્થિતિ આકાશને લીધે છે કારણ કે આકાશ ન હોય તો વાયુની ગતિ જ સંભવતી નથી. આ પાંચ તત્ત્વો, મૂલ એક ઈશ્વરમાંથી થયાં અને પૃથક્ પૃથક્ થયાં ત્યારે એના પરસ્પરના મિશ્રણની ક્રિયા શરૂ થઈ, જેને શાસ્ત્રમાં પંચીકરણ કહે છે.

પૃથ્વીમાં અર્ધો ભાગ મૂલ પૃથ્વી તત્ત્વનો છે અને બાકીના અર્ધામાં બીજાં ચાર તત્ત્વો સરખે ભાગે મિશ્રિત થયેલાં છે; એવી જ રીતે જલ, અગ્નિ, વાયુ તથા આકાશ માટે માની લેવાનું છે. આ રચના માટે પાંચે સૂક્ષ્મ તત્ત્વો સ્થૂલ થયાં ત્યારે એનું રૂપ પ્રકટ થયું; નહિ તો સુક્ષ્મ અવસ્થામાં એનું અનુમાન કરી લેવાનું જ હતું. પૃથ્વીના ગંધ ગુણને સૂંઘવા માટે શરીરમાં નાસિકા નામની જ્ઞાનેન્દ્રિય છે. જલના સ્વાદને ચાખવા જીભ છે; અગ્નિના રૂપ (આકાર) બદલવાના ગુણ જોવા માટે આંખ છે; વાયુનો સ્પર્શ અનુભવવા ચામડી છે, અને આકાશનો શબ્દ સાંભળવા માટે

કાન છે. આ નાસિકા, રસના (જીવ્હામાં રહેલી સ્વાદેન્દ્રિય) ચક્ષુ, ત્વચા અને કર્ણ, પાંચેય જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે. એના વડે મનુષ્યને બાહ્ય જગતનાં પાંચે તત્ત્વોની સત્તા (અસ્તિત્વ)નું જ્ઞાન થાય છે. આ પાંચે ઈન્દ્રિયો સૂક્ષ્મ છે; જે સ્થલ જણાય છે એ તો માત્ર એનાં ગોલક છે—જ્ઞાનદ્વાર છે.

હવે એમાંથી સ્થૂલ કરણો એટલે કર્મેન્દ્રિયો ઉપજી. પગ ચાલવા માટે, હાથ લેવડ દેવડ માટે, જિવ્હા બોલવા માટે, જનનેન્દ્રિય તથા ગુદા મલમૂત્ર વિસર્જન માટે છે. એ બધી સ્થૂલ કર્મો કરે છે એથી કર્મેન્દ્રિયો કહેવાય છે. જ્ઞાન મેળવવા તથા ક્રિયા કરવા માટે આ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોમાં જે ચૈતન્ય છે, એમાં શક્તિ—દૈવત હોવું જોઈએ. જે ચૈતન્ય એમાં કામ કરે છે, તે દેવના કહેવાય છે. જેવી રીતે પાંચ તત્ત્વોને શરીરરચના માટે બ્રહ્માંડમાંથી જ લીધેલાં છે, તેમ તે માટેની દેવતાઓ પણ બ્રહ્માંડમાંથી લીધેલી છે.

આ તત્ત્વોની ઉપર જરા વધારે વિચાર કરીએ ત્યારે જણાશે કે પ્રત્યેકમાં ત્રણ ગુણનો અનુભવ થાય છે, જેનાં નામ સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ છે. એ બધા એનાં કાર્ય ઉપરથી ઓળખાય છે. સત્ત્વગુણનો ધર્મ—સ્વભાવ પ્રકાશમય અને હલકાપણું છે; રજોગુણનો સ્વભાવ ગતિશીલ તથા ચંચલ છે, જ્યારે તમોગુણનો સ્વભાવ અંધકાર, જડતા, તથા આવરણ ઊભું કરવાનો છે.

પાંચે તત્ત્વો ત્રિગુણાત્મક છે, જેમાંના સત્ત્વગુણના અંશમાંથી અંતઃકરણ ઉત્પન્ન થયું છે કારણ કે એમાં પ્રકાશ—સ્વરૂપ જ્ઞાન એટલે સમજણ છે; તમોગુણ અંશમાંથી સ્થૂલ શરીર બન્યું છે જે જડ છે અને પ્રાણના ચલાવ્યાથી ચાલે છે. અને રજોગુણનું કામ ગતિ કરવાનું હોવાથી તથા વાયુનો સ્વભાવ પણ ગતિ કે વેગ હોવાથી એની સાથે મળીને શરીરમાં પ્રાણ બનીને પાંચ પ્રકારે વિભક્ત થઈને રહે છે.

પ્રાણમાં **પ્ર+अन्** એમ જે શબ્દો છે, તેમાં **अन्** શબ્દનો અર્થ ગતિ કરવી એવો થાય છે. પ્રકૃષ્ટ રીતે જે ગતિ કર્યા જ કરે તે પ્રાણ. એ પ્રાણ શરીરમાં શ્વાસોચ્છ્વાસ રૂપે ગતિ કર્યા જ કરે છે. નાસિકા અને મુખમાં ચાલે છે એ પ્રાણ છે; ભોજનને પકવાશયમાં લઈ જઈને મલને બહાર ફેંકી દે છે તે અપાન છે; અન્નજલને પકવીને જેમાંથી શરીરને પોષણ આપે છે એ સમાન છે, જેની સત્તાથી શરીરનાં ભિન્ન ભિન્ન અંગ ગતિશીલ રહે છે, વળે છે એ વ્યાન છે; અને મૃત્યુ પછી જીવાત્મા જેનો આધાર લઈને, જેને વાહન બનાવીને પરલોક ગમન કરે છે તે ઉદાન છે.

સૂક્ષ્મ તત્ત્વોનું બનેલું અંતકરણ ચાર પ્રકારનું બને છે. એટલે મુખ્યત્વે ચાર રીતે કામ કરતું હોય એમ જણાય છે. (૧) જ્ઞાનેન્દ્રિયો દ્વારા અનુભવ કરેલી વસ્તુઓ વિષે સંકલ્પ-વિકલ્પ કર્યા કરે એ **મન** કહેવાય છે. (૨) વસ્તુઓ અને ભૂતકાળના સંકલ્પો કે સંસ્કારોના સારા ખોટાનો વિવેક કરીને નિશ્ચય કરે છે એ **બુદ્ધિ**. (૩) બાહ્ય સાધનોની અનુપસ્થિતિમાં ભૂતકાળમાં જ્ઞાનેન્દ્રિયો દ્વારા અનુભવેલી વસ્તુઓનું સ્મરણ–ચિંતવન કર્યા કરે છે એ **ચિત્ત**. (૪) જેના વ્યક્તિત્વથી અંતકરણ પોતાનું બધું કાર્ય કરે છે તે **અહંકાર**.

આ અંતઃકરણ પંચતત્ત્વોના સૂક્ષ્મ દિવ્ય સાત્વિક અંશોનું એક દર્પણ છે,—તેજોમય મૂર્તિ છે, જ્યાં બિમ્બ સ્વરૂપ આત્માના સચ્ચિદાનન્દ સ્વરૂપનો પ્રકાશ પડે છે. અંતઃકરણમાં પડતા પ્રતિબિંબને જીવાત્મા કહે છે. પ્રતિબિંબની સત્તા આત્માની સત્તાને લીધે છે તેથી બિમ્બસ્વરૂપ આત્મા પ્રતિબિંબ સ્વરૂપનો સ્વામી, ઈશ્વર કે નિયામક મનાય છે.

એક બીજી રીતે પણ વેદમાં આ સૃષ્ટિ પ્રકરણ વિષે આખ્યાન છે. પ્રજાપતિને જ્યારે સંસારરૂપે પ્રકટ થવાની સ્વામાવિક ઈચ્છા થઈ,

ત્યારે ચણાના દાણાની પેઠે પ્રકટ થયા. એણે પોતે પોતાનું દર્શન કર્યું. એને લાગ્યું કે હું કૈંક છું, એટલે એનું નામ કેવલ અહમ્—હું એટલું જ પડ્યું. એ 'હું' અત્યારસુધી પ્રત્યેક મનુષ્યને, કોણ છો ? એમ પૂછવાના ઉત્તરરૂપે "હું" છું એમ સચવાઇ રહ્યું છે. એવા 'હું' સ્વરૂપ પ્રજાપતિને એકલાપણું લાગ્યું ત્યારે ભય લાગ્યો; અત્યારે પણ મનુષ્ય જ્યારે એકલો પડે છે ત્યારે ભયભીત બને છે. પ્રજાપતિએ વિચાર કર્યો કે મારા વિના બીજું કાંઈ કે કાંઈ નથી. એટલે એનો ભય દૂર થયો. કારણ ભય તો હંમેશાં પોતાના કરતાં કોઈ બીજું હોય—દ્વૈત હોય તો જ રહે છે, નહિ તો ભયનો સંભવ જ નથી. મનુષ્યને પણ બીજું કાંઈ હશે એમ લાગે ત્યારે ભય લાગે છે, પણ પોતાના સિવાય બીજું કંઈ છે જ નહિ એવો નિશ્ચય થાય ત્યારે જે દ્વૈતનો ભય હતો તે નાશ પામે છે. ત્યાર પછી એકલાને ગમ્યું નહિ એટલે દાણાની બે દાલ થાય તેવી રીતે પ્રજાપતિ એકના બે થયા; અને એ રીતે એમાં દ્વૈત ઊભું થયું. આ કથાનકનું રહસ્ય એવું છે કે જે એક પરમતત્ત્વ હતું, એનામાં જે સ્વાભાવિક "બહુ થાઉં" એવી વૃત્તિ થઈ, એમાંથી પ્રવૃત્તિ બની, એ પ્રવૃત્તિ થવામાં એક "હું" ના અનેક "હું" થયા, અને પોતાને હું તથા પોતાનાથી અન્યને તું, આ કે તે કહીને સંબોધવા માંડયા. અસંખ્ય થયા ત્યારે એમાં સ્પર્ધા થઈ તેથી ભય પણ ઊભો થયો. આવી રીતે વૃત્તિમાંથી પ્રવૃત્તિ અને પ્રવૃત્તિ એ જ પ્રકૃતિ બની.

આ કથા આગળ ચાલે છે. એમાંથી અનેક થયા પછી એને ક્રિયા કરવાનું-કૈંક કામધંધો કરવાનું મન થયું, કારણ કે પ્રકૃત્તિમાં ત્રણ ગુણ થયા જેમાંનો રજોગુણ સ્વરૂપ પ્રાણ ગતિ વિના રહી શકે નહિ અને તમોગુણી જડ તત્ત્વો વિના ગતિ ( થાય ) નહિ એટલે નામરૂપમાં પરિવર્તન થાય, વિષયોનો પરસ્પર સંયોગ વિયોગ થાય, જડચેતનના વિભાગને લીધે વિષયી અને વિષયના, ભોકતા અને ભોગ્યના ભેદ ઊભા થાય, એ પણ સહજ અને સ્વાભાવિક છે.

આમાં એક બીજી વાત વિચારવા જેવી છે; જડમાં પાંચ તત્ત્વોના મિશ્રણથી થયેલા અનેક નામરૂપના અસંખ્ય ભેદ છે, પણ એ ભેદમાં ક્રિયા કરાવનાર ચૈતન્ય તો એક જ છે, એ ભૂલવાનું નથી.

ચૈતન્યમાં બે હોવાનો સંભવ નથી; કલ્પના જ થઈ શકે એમ નથી. એટલા માટે જે ચૈતન્ય રહ્યું તે પરમાત્મા, ઈશ્વર, સમષ્ટિચૈતન્ય, સમષ્ટિપ્રાણ, સમષ્ટિપુરુષ, એવા નામે, તથા મૂલસત્તારૂપે હોવાથી, અને જડને પણ ક્રિયાશીલ કરવામાં પ્રેરકસ્વરૂપ હોવાથી એ સત્તાધીશ, સ્વામી કે પુરુષ કહેવાયું, અને જડતત્ત્વોનું સમષ્ટિ નામ, સ્ત્રીજાતિ-વાચક પ્રકૃતિ પડયું. જેટલાં રૂપાન્તર થતાં હતાં તે પ્રકૃતિનાં થતાં હતાં, અને રૂપાન્તર કરનાર ચૈતન્ય તો પુરુષરૂપે એક જ હતું.

આ વિષેની કથાને નીચે પ્રમાણે ઉપનિષદ્‌માં ગોઠવી છે. મનુષ્ય જ્યારે એકલો પડે છે ત્યારે જેમ બીજાનો ભય રહે છે, તેમ બીજા વિના એને ગમતું પણ નથી; તેવી જ રીતે કંઇ કામધંધો ન હોય તો ચેન પણ પડતું નથી અને કામધંધો વધી પડે ત્યારે થાકીને એકલાં બેસી રહેવાની મનોવૃત્તિ થઈ આવે છે; આવી દ્વિધા-વૃત્તિનું અવલોકન-નિરીક્ષણ કરીને જ અધ્યારોપ–અપવાદ ન્યાયે સૃષ્ટિની ઉત્પતિ તથા લય સમજાવેલાં છે. એકમાંથી અનેક થવા માટે, ઉત્પત્તિની વાત માટે જેમ एकोऽहम् बहुस्याम्‌ની કલ્પના કરી છે, તેવી જ રીતે द्वितीयादेव भयं भवति એવું વાક્ય પણ અપવાદ માટે ગોઠવેલું છે.

એકલાં રહેવું, અને કામધંધા વિના રહેવું એ અશક્ય, અસં-ભવિત, તથા અયોગ્ય લાગવાથી પ્રજાપતિના બે વિભાગ પડયા, જેમાંના એક ભાગને, જેમાં ક્રિયાની, વૃદ્ધિની, વિકાસની, ઉત્પત્તિની કલ્પનાઓ હતી એને પુરુષ નામ આપીને પ્રત્યેક 'કલ્પ'ના આદિકાલમાં થતા પ્રથમ પુરુષને મનુ નામ આપ્યું, અને એને

પુરુષ સંજ્ઞા આપી. પુર એટલે કોઈ પણ શરીરમાં પ્રવેશ કરીને રહેનારું, દ્વૈતની ઈચ્છાવાળું પ્રતિબંબ-ચૈતન્ય. એ પુરુષ તે મનુ-મનનશીલ પુરુષ. એ ચૈતન્યમય મનુની સામે જડતત્ત્વનાં અસંખ્ય નામ રૂપ ધારણ કરે એવી જે પ્રકૃતિ તેનું નામ શતરૂપા. મનુ અને શતરૂપાની જોડીએ સંસારની રમત રમવા માંડી; બન્ને સ્વૈરવિહારી બન્યાં, મનુ અને શતરૂપાનું વાસ્તવિક રૂપ સમજીએ એટલે આપણને સંસારમાં અસંખ્ય નામરૂપવાળા જડચેતન પ્રાણીપદાર્થોનું રહસ્ય સમજાશે. ચૈતન્ય સ્વરૂપ પ્રાણ હંમેશાં ગતિ કર્યા જ કરે છે. જડમાં જ્યાં ત્યાં પ્રવેશીને નવાંનવાં નામરૂપે પ્રકટ થાય છે. જૂનાં ત્યાગે છે, નવાં ધારણ કરે છે, અને એવી રમત-ખેલ-લીલા જે ચાલ્યા કરે છે એ છે આ સંસાર.

આ મનુ અને શતરૂપાએ ભોક્તા અને ભોગ્ય બનીને સુખભોગ મ્હાણવા માંડયા, જેમાંથી આ માનવીય સર્જનની પરમ્પરા ઊભી થઈ. મનુ અને શતરૂપા સૃષ્ટિના આદિકાલમાં, સાક્ષાત્ પ્રજાપતિનાં સર્જન હોવાથી સત્યસંકલ્પ અને શક્તિશાલી હતાં. તેમ છતાં પણ શતરૂપા ભોગથી થાકી-કે થાકવા માંડી, ત્યારે મનુ હવે એનો કેડો છોડે તો ઠીક એમ સમજીને અવનવાં રૂપ બદલવા માંડી, તાત્પર્ય કે ભોગ વિષયનો કોઈ પણ નામરૂપવાળો પદાર્થ ભોક્તાનો ભોગ બનતાં જ્યારે ભોગવાસના અગ્નિમાં હોમાઈ જાય છે, ત્યારે દુર્બલ અને નાશવંત બને છે. આ છે શતરૂપાનો થાક. શતરૂપાનું કોઈ પણ નામરૂપવાળું ભોગસ્થાન નિત્ય રહી શકતું નથી કારણ કે ભોક્તા હમેશાં ચૈતન્ય યુક્ત હોય છે. ચેતનભોગ્યા શતરૂપાના એક ભોગશરીરને ભોગવીને જ્યારે એને દુર્બલ તથા ક્ષીણ બનાવે છે, ત્યારે શતરૂપા થાકે છે એમ આખ્યાયિકામાં કહેલું છે. શરીર શતરૂપામાં જ બદલાય છે, ચૈતન્યમાં નહિ; શતરૂપાએ થાકીને મનુથી ગુપ્ત થવા અવનવાં રૂપ ધારણ કરવા માંડયાં. શતરૂપાએ મનુષ્યનું શરીર છોડીને

પશુ, પક્ષી વગેરેનાં સ્ત્રીરૂપ ધારણ કર્યાં, ત્યાં મનુ તે તે પુરુષ શરીર ધારણ કરીને એની પાછળ પડ્યો, અને તે તે વર્ગની જીવસૃષ્ટિ ખડી થઈ; મતલબ કે આવી રીતે પુરુષ વાચક મનુ, અને પ્રકૃતિ વાચક શતરૂપાની ભોક્તા ભોગ્યની લીલામાંથી અસંખ્ય પ્રકારની–વનસ્પતિથી માંડીને મનુષ્ય સુધીની ભિન્ન ભિન્ન પ્રકારની સૃષ્ટિ ઊભી થઈ. તત્ત્વોની ખનિજ વર્ગની સૃષ્ટિ તો પ્રથમથી જ મુખ્ય પુરુષ પ્રજાપતિની પ્રેરણાથી પરિવર્તન પામીને જાતજાતનાં ખનિજો રૂપે પ્રકટ થઈ હતી.

પરન્તુ છેવટે મનુ થાકે છે; ભોગનો અંત નથી. શતરૂપાને અસંખ્ય શરીરો ધારણ કરવાં પડે, છતાં મનુ-માનવને એમાં તૃપ્તિ નથી. પરંતુ ભોગરૂપ એક જ જાતનાં અસંખ્ય કર્મથી એ વિરકત બને છે; એ વિચાર કરે છે કે આવી રીતે અનિયંત્રિત રીતે સૃષ્ટિ-સંસાર રચવામાં કશો લાભ નથી; એકના અનેક થયા, બીજાનો ભય અને સંકોચ રહેવા માંડયો, અને એમાં નિરંકુશ ઉત્પત્તિથી અસંખ્ય ભેદ વધી પડયા, જેનાથી શાંતિ ઊડી ગઈ–નિર્મૂળ થઈ. મૂલસ્વરૂપની શાંતિ, ચૈતન્યયુકત આનંદ અને નિરંકુશ તૃપ્તિમાંથી દ્વૈતમાં આવી પડવાથી વિચ્છેદ-વિક્ષેપ ઊભો થયો, ત્યારે એને સમજાયું કે આ શતરૂપાનાં-જડનાં આવરણનો તમોગુણી મલ ( વિષયભોગની વાસનાની મલિનતા ) એનામાં કયાંક, કયાંઈથી આવીને ઘર કરી બેઠો છે, માટે હવે માનવીય સૃષ્ટિમાં વ્યવસ્થા આવવી જોઈએ. એણે વિવાહપદ્ધતિ શોધી કાઢી; એમાં નિયમન કર્યું; એક પતિવ્રત, એક પત્નીવ્રત, સંયમ, સદાચાર, ખગોળ, ભૂગોળ, જ્યોતિષ, આયુર્વેદ વગેરેનું જ્ઞાન મેળવ્યું, અને ધીરે ધીરે એ બધામાંથી તપશ્ચર્યાદ્વારા બુદ્ધિશોધનથી એ સાર લીધો કે નિષ્કામ કર્મો તથા બ્રહ્માંડના દેવદેવતાનો સ્વશરીરમાં થતો દુરુપયોગ અટકાવવા માટે સંયમ, દેવદેવતાના તૃપ્તિ અર્થે યજ્ઞયાગ, કર્મકાંડ, ઉપાસના વગેરેનાં શાસ્ત્રો રચ્યાં, અનુષ્ઠાનો કર્યાં, જેનું વર્ણન આપણને શ્રુતિ, સ્મૃતિ અને પુરાણોમાં જોવા મળે છે.

આ ઉપરથી એમ સમજાય છે કે જેવો સંસાર અત્યારે છે, તેવો એક સમયે, પૂર્વકાળમાં, આરંભમાં નહોતો—નહિ હોય. પ્રાણતત્ત્વ ગતિશીલ છે એ ખરું, પણ દ્વૈત બનતાં જ એમાં ત્રણે ગુણોનો ક્રમ હોવાથી તમોગુણનું આવરણ પહેલું આડે આવે છે; એ પ્રતિબંધક એવો વિશિષ્ટ છે કે શતરૂપાના અસંખ્ય વિષયોમાં ભોગબુદ્ધિ કરાવીને એમાં જ સુખની આશા–તૃષ્ણા–વાસના ઉપજાવે છે. આ છે મુખ્ય ગતિને આધારે થતી મનુષ્યની અધોગતિ. પણ એ અધોગતિ નિત્ય રહેતી નથી. જેમ જેમ ભોગની નિષ્ફલતા સિદ્ધ થતી જાય છે તેમ તેમ મનુષ્ય પ્રાણી સચેત અને સચિંત બનતું જાય છે. બુદ્ધિમાં વિવેક ઉઘડે છે, ત્યારે સંયમ, સદાચાર તથા સત્કર્મ પ્રતિ વળે છે.

પણ અહીં આપણે સંસાર અને માનવપ્રાણીની ઉત્પત્તિનો જ વિચાર કરવાનો હોઈ વિશેષ વિવેચનમાં ઉતરવાની જરૂર નથી. સંસારનો આ નિત્યક્રમ છે; એકવાર સંસારનો વૃદ્ધિ વિકાસ થાય છે, ઉત્પત્તિ જણાય છે, ત્યારે બીજીવાર એનો જ પ્રલય થાય છે. ઉત્પત્તિ અને પ્રલય એ તો આ સંસારનાં, એક જ કાગળની બે બાજુ જેવાં પાસાં છે. પહેલાં એક જુઓ, પછી બીજું જુઓ, પછી બન્નેનો નાશ કરવો હોય તો એકનો નાશ કરવાથી બીજાનો સ્વાભાવિક રીતે જ નાશ થઈ જશે. પુરુષ--પ્રકૃતિ, મનુ અને શતરૂપાની આ રમત યુગે યુગે, કલ્પે કલ્પે, શરૂ થાય છે, અને અન્તે એનો પ્રલય થાય છે. પરમેશ્વર એકમાંથી અનેક બને છે; પાછો એ એક જ છું એમ સમજે છે ત્યારે एकोऽहम्, बहुस्याम्માંથી ઊડી જાય છે, અને પછી बहुस्याम् एकोऽहम् નો ભાવ આવતાં જ એક અને બહુ બન્ને બંધ થાય છે.

એકમાંથી અનેક થતી વખતે જેમ પાંચ તત્ત્વો, એનું પંચીકરણ, માનવીય શરીરની રચના, દેવદેવતા વગેરેની સત્તા તથા સ્વધર્મ એ બધું ઊભું થાય છે, તેવી જ રીતે પ્રલય વખતે એ બધાં તત્ત્વો જે

ક્રમથી ઉત્પન્ન થયાં હતાં તે જ ક્રમે પાછાં પરમેશ્વરમાં લય પામે છે. આ છે સંસારની ઉત્પત્તિ તથા પ્રલયની ટૂંકી—સાવ ટૂંકી, પણ વેદાન્તના અભ્યાસીને સમજાય એવી સીધી સાદી, રહસ્ય ભરી પણ ખૂબ ઉપયોગી એવી આખ્યાયિકા તથા એનું અલ્પસ્વલ્પ રહસ્ય.

## બ્રહ્મજ્ઞાન

આપણે પહેલાં જોઈ ગયા છીએ કે ઉપનિષદોમાં બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ ભિન્ન ભિન્ન અધિકારીઓને જુદી જુદી રીતે, અંતઃકરણનો અધિકાર તપાસીને આપવામાં આવ્યો છે; તેથી બધી પદ્ધતિ કે પ્રક્રિયાઓ પણ અધિકાર ભેદે જુદી જુદી છે. બ્રહ્મજ્ઞાન, આત્મજ્ઞાન, આત્મસાક્ષાત્કાર એ બધું જેમ એક હોવા છતાં, શબ્દભેદે જુદું જણાય છે, તેમ પ્રક્રિયાઓ જુદી જુદી હોવા છતાં, અનુભવમાં ભેદ રહેતો નથી. એ બધાનો હેતુ, તાત્પર્ય, ઉદ્દેશ્ય, લક્ષ્ય તો એક આત્માની ઓળખાણ એટલે અનુભવ જ છે.

આત્મા સચ્ચિદાનન્દ સ્વરૂપ છે; અને એ સિવાયની બધી વસ્તુઓ જે આત્માથી વિલક્ષણ છે એ જડ કે અનાત્મા કહેવાય છે; આત્મા એક અને અદ્વિતીય છે, અનાત્મ વસ્તુઓ અસંખ્ય અને અગણિત નામરૂપવાળી તથા વિકારી છે—અનિત્ય છે. જે મનુષ્ય આત્મા અને અનાત્માના ભેદનો વિવેક કરીને આત્માની સાથે અભેદ અનુભવે તે આત્મવેત્તા કે બ્રહ્મવિદ્ કહેવાય છે. જે સર્વવ્યાપક હોય, પ્રત્યેક વસ્તુનું અધિષ્ઠાન, સ્વરૂપ હોય, જેમાં ઉત્પત્તિ, વિનાશનો ભાસ થવા છતાં સ્વરૂપે એવું ને એવું રહે, એ છે આત્માનું સ્વરૂપ.

એ સર્વવ્યાપક છે; સર્વત્ર વિદ્યમાન છે; એમાં દેશપરિચ્છેદ નથી; કાલપરિચ્છેદ પણ નથી; અને તેથી એની શોધ સર્વત્ર અને સર્વદા થઈ શકે છે. એને માટે મનુષ્ય **જ્યાં,** અને **જ્યારે** હોય, ત્યાંથી દૂર જવાની કે ભવિષ્યમાં એની રાહ જોવાની જરૂર નથી. આમ હોવાથી

સૌથી શ્રેષ્ઠ, સરલ અને સહજસાધ્ય વિધિ એ છે કે મનુષ્યે પોતાની બુદ્ધિ–વિવેકશક્તિ વડે પોતાના શરીરમાં, અંતઃકરણમાં જ એની શોધ કરવી જોઈએ, કારણ કે જ્યાં જશે ત્યાં, જ્યારે જશે ત્યારે શરીર અને મન તો સાથે જ છે, તો પછી વર્તમાનમાં જ્યાં હોય, ત્યાં તે જ સમયે એનું શોધનકાર્ય સૂક્ષ્મ વિવેકબુદ્ધિ વડે શરૂ કરી દેવું જોઈએ. જેટલો વિલંબ થાય એટલી હાનિ છે, એમ સમજીને જિજ્ઞાસુએ એના સાક્ષાત્કાર માટે કટિબદ્ધ થવું જોઈએ.

એની શોધ, પરિચય, અને અભિજ્ઞાન કરવામાં જે આવરણો છે એનો હવે વિચાર કરીએ. માનવીય શરીરમાં જે પહેલું આવરણ આત્માની ઉપર છે તે અન્નમય કોશ છે. મનુષ્યના શરીરમાં જે કેવળ જડ, ઘન, નક્કર ભાગ પ્રત્યક્ષ દેખાય છે, અને એની સાથે જ્યારે જીવાત્મા અધ્યાસ બાંધે છે, ત્યારે અન્નમયકોશનું આવરણ કહેવાય છે. આત્મા આ અન્નમયકોશમાં વ્યાપક છે, અને એની સત્તાથી જ—અસ્તિત્વથી જ અન્નમયકોશની સત્તા–સ્થિતિ નભી રહેલી છે.

આ અન્નમયકોશમાં આપણે પ્રાણનો સર્વત્ર સંચાર જોઈએ છીએ. શ્વાસ અને ઉચ્છ્વાસ લેવાય છે, તથા સમસ્ત શરીર સજીવન લાગે છે, એ પ્રાણમય કોશનું કાર્ય છે; પ્રાણ સમસ્ત અન્નમય કોશમાં વ્યાપી રહે છે, શરીરના જે ભાગમાં પ્રાણ ન હોય તે ભાગ જડ બની જાય છે. એનું દૃષ્ટાંત જેને આપણે લકવો કહીએ છીએ એ સ્થિતિમાં અનુભવ થાય છે કે એ ભાગમાં પ્રાણનું ગમનાગમન નથી તેથી એમાં થતા આઘાતનું જ્ઞાન અંતઃકરણને થતું નથી; કારણ કે એ કેવળ જડ બની જવાથી સૂમસામ બની જાય છે. શરીરમાં જે કાંઈ ક્રિયા થાય છે, તે બધું પ્રાણમય કોશને લીધે છે. એના વડે જ આહાર લેવાય છે, અન્ન પચે છે, શરીરમાં નસ, નાડીઓ, અસ્થિ, માંસ, મજ્જા વગેરે ઉત્પન્ન થાય છે અને શરીર કર્મ કરે છે તથા

હલનચલન કરી શકે છે. આ બીજું આવરણ પ્રાણમય કોશના નામથી પ્રસિદ્ધ છે. આ પ્રાણમયકોશ અન્નમય કોશમાં વ્યાપક છે અને આત્મા એ બન્નેમાં વ્યાપક હોઈ, બન્ને સાથે તાદાત્મ્ય અનુભવે છે.

આ બન્ને કોશોની ઉપર કે અંદર ત્રીજું આવરણ છે, જે મનોમય કોશ કહેવાય છે, કારણ કે પ્રાણમય કોશની ગતિ થાય છે, પણ જ્ઞાનેન્દ્રિયોનું તથા કર્મેન્દ્રિયોનું જ્ઞાન, તથા એને અધીન રાખીને પ્રેરણા કરવાનું કામ મન કરે છે. ઉપર કહ્યું તેમ આ મનોમય કોશ પ્રાણમય તથા અન્નમય કોશમાં વ્યાપક છે, અને આત્મા ત્રણેયમાં વ્યાપક છે. આ ત્રણેય આવરણ આત્માને ઢાંકીને પડયાં છે, અને આત્મા એનાથી પૃથક્ છે એવું જ્ઞાન સહજ સ્વભાવથી થવા દેતા નથી.

આ ત્રણેની ઉપર જે ચોથું આવરણ છે એનું નામ વિજ્ઞાનમય કોશ છે. એને અધીન રહીને મનોમય તથા પ્રાણમય કોશ કર્મ કરે છે, અને અન્નમય કોશ વડે વ્યવહાર કર્યે જાય છે. જેનું વિજ્ઞાન બલવાન હોય તે મન અને પ્રાણની ગતિ તથા ક્રિયાને રોકી પણ શકે છે. આ વિજ્ઞાનમય કોશ નીચેના ત્રણે કોશમાં વ્યાપક છે, અને આત્મા ચારેય કોશમાં એકતા અનુભવતો વ્યાપી રહેલો છે. આત્માની સત્તાથી એ બધાયની સત્તા છે એ પણ સ્પષ્ટ વાત છે.

આની પણ અંદર અને ઉપર હજુ એક પાંચમું આવરણ છે, એ આનંદમય કોશ છે: જેનો અનુભવ સ્વપ્ન વિનાની જે નિદ્રા સુષુપ્તિ કહેવાય છે એમાં થાય છે. સૂતેલો મનુષ્ય જ્યારે જાગે છે ત્યારે અનુભવસિદ્ધ વાત કહે છે કે હું આનન્દપૂર્વક-સુખપૂર્વક સૂતો હતો. એ વખતે સમસ્ત ગતિ તથા ક્રિયા કરનાર તથા એને રોકી રાખનાર કોશ નિવૃત્ત થયેલા હોય છે, ત્યારે આ

આનન્દમય કોશને આશ્રયે શરીરની સ્થિતિ રહે છે. આ આનન્દમય બાકીના-એની બહારના કે નીચેના ચારેય કોશમાં વ્યાપક છે, જેને લીધે મનુષ્યને આ દુઃખમય સંસારમાં પણ સુખ લાગે છેઃ અને આત્મા પણ વ્યાપક હોવાથી, આભાસ માત્રની સત્તાથી એની સાથે અભેદ અનુભવીને વ્યક્તિગત અહંભાવથી બંધાઈ રહેલો છે.

આત્મા એ પાંચેય કોશથી ઢંકાઈ રહેલો હોવા છતાં વાસ્તવિક રીતે તો અસંગ અને મુક્ત છે. જેમ કોઈ સ્ફટિકની મૂર્તિને ઉપરાઉપર પાંચ વસ્ત્રો પહેરાવ્યાં હોય તો મૂર્તિને આધારે અને આશ્રયે એ વસ્ત્રનાં આવરણ રહ્યાં હોય એમ દેખાય છે, પણ વસ્તુ પોતે આવરણથી મુક્ત છે; એને વસ્ત્રના આવરણનો આધાર નથી. મતલબ કે મૂર્તિ વસ્ત્રાવરણનો આધાર છે, પણ મૂર્તિને વસ્ત્રાવરણનો જરાયે આશ્રય નથી. એ તો આવરણ વિના સ્વતંત્ર વિદ્યમાન રહી શકે છે. ઉપરાંત એ વસ્તુ વસ્ત્રોના આવરણોને લીધે એની સાથે કોઈ પણ જાતનો સંબંધ પણ બાંધતી નથી. બાંધે છે એમ કહી પણ શકાતું નથી. વસ્ત્રોથી મૂર્તિમાં કોઈ પણ જાતનો સંસર્ગદોષ ઊભો થતો નથી કે જેથી મૂર્તિની સ્વતંત્ર સત્તાને કોઈ પણ જાતનો બાધ આવે. મનુષ્ય પોતાના શરીર ઉપર ઉપરાઉપર પાંચ વસ્ત્ર પહેરે તો વસ્ત્રને એવી રીતે રહેવામાં શરીરનો આધાર જોઈએ છીએ, પણ શરીરને પોતાને વસ્ત્રના આધારની જરૂર હોતી નથી. એ તો વસ્ત્ર વિના સ્વતંત્ર રીતે રહી શકે છે.*

આ કોશના આવરણોનો વિચાર કરીને આપણે આત્માને અસંગ, મુક્ત, તથા સ્વતંત્ર સત્તાવાન્ જોયો, તેવી જ રીતે માંડૂક્ય ઉપનિષદ્‌માં શરીરની અવસ્થાઓનો વિચાર કરેલો છે. ત્યાં આત્માને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાથી તેવી જ રીતે અસંગ અને મુક્ત સિદ્ધ કર્યો

---

* જુઓ, ભગવદ્‌ગીતા-અ-૨-શ્લોક-૨૨.

છે. મનુષ્ય જ્યારે જાગતો હોય છે ત્યારે જીવાત્મા જાગ્રત અવસ્થાનો દ્રષ્ટા હોય છે; જ્યારે એ સ્વપ્ન દેખાતો હોય છે, ત્યારે સ્વપ્ન અવસ્થાનો દ્રષ્ટા બને છે; અને જ્યારે ગાઢ સ્વપ્ન વગરની નિદ્રામાં પ્રવેશ કરે છે, ત્યારે એમાં મળતા આનન્દ તથા જાગ્રત અને સ્વપ્ન અવસ્થાના અજ્ઞાનનો સાક્ષી બને છે. જાગ્રત અવસ્થામાં હોય ત્યારે સ્વપ્ન તથા સુષુપ્તિ અવસ્થાને અધીન હોતો નથી, સ્વપ્નમાં હોય છે ત્યારે જાગ્રત અને સુષુપ્તિ અવસ્થાથી સ્વતંત્ર હોય છે, અને સુષુપ્તિમાં હોય ત્યારે જાગ્રત તથા સ્વપ્નની અવસ્થાથી મુક્ત હોય છે. આથી એમ સિધ્ધ થાય છે કે એ ત્રણેય અવસ્થાઓનો આત્માની સાથે કોઈ પણ જાતનો વાસ્તવિક સંબંધ નથી; આત્મા તો સ્વતંત્ર, ત્રણેયનો સાક્ષી, દ્રષ્ટા તથા તદ્દન સ્વતંત્ર—સ્વાધીન છે.

એ ત્રણે અવસ્થાઓ જીવાત્માને લીધે જ હોવાથી એનો આધાર અને આશ્રય જીવાત્મા છે, પણ જીવાત્માને એ ત્રણેય અવસ્થાનો આશ્રય કે આધાર નથી. આત્માની સત્તા (અસ્તિત્વ) સ્વતંત્ર છે, જ્યારે અવસ્થાઓની સત્તા આત્માને અધીન છે; એ સાચી વાત છે કે આત્માને એ ત્રણેય અવસ્થાથી સ્વતંત્ર તથા મુક્ત કોઈએ જોયો નથી અને જ્યારે જોયો ત્યારે ત્રણ અવસ્થામાંથી એકની સાથે સંબંધવાળો હોય એમ જોયો છે, તો પણ એટલું તો સિદ્ધ થાય છે કે જ્યારે આત્મા એક અવસ્થાની સાથે સંબંધમાં હોય છે ત્યારે બીજી બે અવસ્થાઓમાંથી મુક્ત હોય છે. આવી રીતે જ્યારે એને આપણે કોઈ પણ એક અથવા ત્રણેય અવસ્થાઓથી સંબંધ કે સંસર્ગવાળો નિત્યને માટે નથી જોઈ શકતા, ઉપરાન્ત ત્રણેય અવસ્થાઓ વારા ફરતી આવજા કરે છે, છતાં એ તો સદાએ અસંગ, સ્વતંત્ર તથા મુક્ત જણાય છે, તેથી આત્મા નિર્વિકારી છે, અસંગ છે, નિત્ય-મુક્ત છે એમ સિદ્ધ થાય છે. જે પરિવર્તન થાય છે એ તો અવસ્થાઓમાં થાય છે. ત્રણેય અવસ્થાઓમાં આત્મા આવજા કરે છે

એમ કહેવા કરતાં આત્માની સમક્ષ ત્રણે અવસ્થાઓ વારા કરતી આવે જાય છે, એમ કહેવું વધારે યોગ્ય છે–સયુક્તિક છે–સપ્રમાણ છે.

આપણે એક દૃષ્ટાન્ત લઈએ. કોઈ શાળામાં એક શિક્ષક બેઠા છે; એની પાસે જુદા જુદા ત્રણ વર્ગના વિદ્યાર્થીઓ ભણવા માટે આવે છે; પહેલા વર્ગના વિદ્યાર્થીઓ આવે, ત્યારે બીજા બે વર્ગના વિદ્યાર્થીઓ ત્યાં હોતા નથી, તેથી શિક્ષક પહેલા વર્ગના શિક્ષક કહેવાય છે કારણ કે તે વખતે એનો સંસર્ગ એની સાથે છે.

પહેલો વર્ગ જાય પછી બીજો વર્ગ આવે ત્યારે શિક્ષક બીજા વર્ગના શિક્ષક કહેવાય છે અને પહેલા વર્ગના વિદ્યાર્થીઓના સંગથી મુક્ત થાય છે. તેવી જ રીતે ત્રીજા વર્ગના વિદ્યાર્થીઓ આવે ત્યારે પહેલા તથા બીજા વર્ગના વિદ્યાર્થીઓ ત્યાં હોતા નથી અને બન્નેના સંગથી મુક્ત હોય છે. ત્રણેય વર્ગના વિદ્યાર્થીઓ આવી જાય, પછી શિક્ષક પણ શિક્ષક કહેવાતા નથી, તેમ વિદ્યાર્થીઓ કે વર્ગનો કશોએ સંબંધ એની સાથે છે એમ કહી શકાતું નથી. શિક્ષક તો એક શાળા કે એક ઓરડામાં બેઠા છે, અને જે જે વર્ગના વિદ્યાર્થીઓ આવે છે, તે વખતે તેના સંબંધમાં છે એમ કહેવાય છે.

આવી જ રીતે આત્મા સદૈવ અસંગ રહે છે અને એની સમક્ષ જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ ત્રણેય અવસ્થાઓ આવજા કર્યા કરે છે; જે વખતે જે અવસ્થા હાજર હોય, તે વખતે તેના સંબંધીથી જીવાત્મા જાગે છે, સ્વપ્ન જુએ છે, નિદ્રા લે છે, એમ કહેવાની રૂઢિ પડી ગઈ છે, પણ વાસ્તવિક રીતે આત્મા તો ત્રણેય અવસ્થામાં સાક્ષી, દૃષ્ટા, પ્રકાશસ્વરૂપ, સ્વસત્તાવાન, મુક્ત જ હોય છે. બધી અવસ્થાઓની સાથે એનો ક્ષણિક સંબંધ રહે છે, છતાં પોતે તો નિત્ય, નિરન્તર અસંગ જ હોય છે. એટલા માટે આવી અનેક પ્રક્રિયાથી માનવીય શરીરમાં જ આત્માનું શોધન કરવા માટે વેદાન્ત

શાસ્ત્ર–ઉપનિષદ્‌સંગ્રહ આગ્રહપૂર્વક કહે છે. એનું યથાર્થ વાસ્તવિક સ્વરૂપ જાણવા સારુ શુદ્ધ વિવેકબુદ્ધિ જોઈએ, કારણ કે એ ખાસ આવશ્યક છે.

પંચકોશ અને ત્રણ અવસ્થાની સાથે સંબંધવાળો, સંગવાળો, એકતાવાળો, દેખાવા અને મનાવા છતાં આત્મા એ બધાથી મુક્ત, અસંગ, અભેદ તથા કોઈ પણ જાતની એવી માન્યતા કે અધ્યાસ વગરનો છે એમ આપણે જોયું. તેવી જ રીતે હવે સંસારની પ્રત્યેક વસ્તુને આપણે તપાસી જોઈએ તો જણાશે કે આત્મા સર્વનું અધિષ્ઠાન હોઈ સદાસર્વથા શુદ્ધ, બુદ્ધ, મુક્ત છે અને કોશ, અવસ્થા, ગુણ વગેરે બધું એમાં કેવલ અધ્યસ્ત છે.

એ માટે આપણે એક **લાકડી**નું દૃષ્ટાન્ત લઈએ. **લાકડી**નું જે રૂપ (આકાર) છે, અને ચક્ષુ (જ્ઞાનેન્દ્રિય)થી જોઈ શકાય છે, તે **લાકડી**નો કેવલ રૂપગુણ છે કે જે ચક્ષુના જ્ઞાનમાં આવે છે. એવી રીતે શબ્દ કે ધ્વનિ સંભળાય તે કર્ણેન્દ્રિયનો ગુણ છે જે કર્ણથી સંભળાય છે, અને સ્વાભાવિક રીતે કર્ણમાં પ્રવેશ કરે છે. જે સ્વાદ છે તે રસનાનો ગુણ છે અને ચાખવાથી, જીભ અડકાડવાથી જાણવામાં આવે છે; કઠોર, કે કોમલ જે સ્પર્શ અનુભવાય તે ત્વચાનો ગુણ છે, અને સૂંઘવાથી જે ગંધ જણાય તે નાસિકા ઈંદ્રિયનો ગુણ છે; આવી રીતે **લાકડી** પાંચે જ્ઞાનેન્દ્રિયોના સંબંધમાં આવે ત્યારે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એવા પાંચે ઈન્દ્રિયોના તથા તે તે તત્ત્વોની એ ઈંદ્રિયો બનેલી હોવાથી એના ગુણનો અનુભવ થાય છે, એમાં **લાકડી** શું છે એ તો કેવળ અજ્ઞાત જ રહે છે. એ બધા તો **લાકડી**ના ગુણ હતા, **લાકડી** પોતે શું છે એ તો એમનું એમ અજાણ્યું જ રહે છે. ઈંદ્રિયો ગુણાનુભવ ઉપરાન્ત કશુંયે આપણને ઓળખાવી શકતી નથી. માત્ર પાંચ તત્ત્વોના ગુણનું જ્ઞાન થાય છે અને તેથી

જ પાંચે જ્ઞાનેન્દ્રિયોએ, પોતપોતાના ગુણનો અનુભવ કર્યો એમ કહેવું જોઈએ. સંસારના પ્રત્યેક પદાર્થનો એ જ રીતે અનુભવ થાય છે. **લાકડી**ના જે ગુણ જ્ઞાનેન્દ્રિયો દ્વારા મનમાં સમજાય એ બધા ગુણ છે, **લાકડી** પોતે ગુણભંડાર નથી.

આવી જ રીતે જે ગુણ અત્યારે પ્રકટ છે, તથા જે હજુ અપ્રકટ હોય, એ બધાયે કેવળ ગુણધર્મ છે, **લાકડી** પોતે મૂલ સ્વરૂપે નથી; શું છે એ તો કેવળ અજ્ઞાત રહે છે.

**લાકડી** એવું નામ આપ્યું તે પણ વાણીમાં પડ્યું છે; મનુષ્યને જેવા સંસ્કાર હોય, જેવી રીતે વસ્તુનો ઉપયોગ થઈ શકતો હોય, તેવું નામ પોતાના પૂર્વસંસ્કાર તથા વાણી વડે બોલે, પણ એ શબ્દ તો વૈખરી વાણીથી પ્રકટ થયો, અને બોલતાં વેંત વાયુ-મંડળમાં વ્યાપીને પોતાને કે અન્યને કર્ણગોચર થયો, એટલે એ પણ આકાશતત્ત્વનો ગુણ છે, **લાકડી** નથી.

જે જાણ્યું તે પાંચ ગુણધર્મ, તથા એનું લાંબા–પહોળાપણાનું રૂપ હતું. એ બધાં મૂલ વસ્તુ તથી; વાસ્તવિક તત્ત્વ નથી. એ બધા ગુણ **લાકડી**ની સત્તા ( અસ્તિત્વ )ને અધીન છે એ વાત ખરી, પણ **લાકડી** એ ગુણોને અધીન નથી. કારણ કે જ્યારે લાકડી, **લાકડી** તરીકે નહોતી, એ જે વૃક્ષમાંથી કાપી હશે તે વૃક્ષ પણ જ્યારે નહોતું, ત્યારે એનું બીજ અસ્વિત્વમાં હતું, જે ગુણ આપણે **લાકડી**માં જોયા એ ગુણ બીજમાં પણ અસ્તિત્વમાં છે એમ પ્રત્યક્ષ થાય છે. બીજની અવસ્થામાં **લાકડી**ના ગુણ પ્રત્યક્ષ કે પ્રકટ નહોતા; વૃક્ષ થયા પછી **લાકડી** કાપી લીધી ત્યારે એમાં ગુણો પ્રકટ થાય છે, એટલે એમ સમજવું જોઈએ કે **લાકડી** ગુણોને અધીન નહોતી ને અત્યારે પણ નથી. ઉપરાન્ત **લાકડી**ને બાળી

નાંખીએ તો જે ભસ્મ થશે, એમાં પણ એના એ જ ગુણો દેખાશે; ભસ્મની માટી થશે, એમાંથી વનસ્પતિ કે કીટપતંગ ઉત્પન્ન થશે, એવી રીતે બધા નામરૂપમય પદાર્થોમાં એક જ પ્રકારના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધનો અનુભવ થશે; લાકડી, બીજ, વૃક્ષ, ભસ્મ, માટી, વનસ્પતિ કે કીટપતંગ, એ બધાંનું મૂલ સ્વરૂપ તો ગુણોને અધીન નથી; સ્વતંત્ર છે, અને ગુણોનું આવાગમન, હેરફેર, પરિવર્તન, વિકાર, ઓછાવત્તાપણું કે પ્રકાર બદલાય છે. પ્રત્યેક વખતે જ્ઞાનેન્દ્રિયો વડે પંચવિષયી ગુણનો બધાને આવો અનુભવ થાય છે.

એજ રીતે સંસારના સમસ્ત વર્તમાન પદાર્થને જોઈ તપાસીએ તો કેવળ ગુણધર્મ જ દેખાશે અને તેથી જ એમાં નામરૂપને મુખ્ય માનીને બધાને પરિવર્તનશીલ ગણ્યા છે. પાંચ તત્ત્વમાં આકાશનો ગુણ નામ અને અગ્નિનો ગુણ રૂપ, એ એને મુખ્ય માનીને એમાં સ્પર્શ, રસ તથા ગંધને અંતર્ગત સમજી લેવાના છે. એ બધાં હંમેશાં પરિવર્તનશીલ છે, ઉત્પત્તિ-સ્થિતિ-લયવાળાં છે; જન્મ-મરણશીલ છે. પરન્તુ એ નામરૂપ જેની સત્તાથી પ્રતીત થાય છે, એ બધાંયનું અતિષ્ઠાન તો આત્મા છે, જે મન અને વાણીથી પર તથા નિત્ય છે. અને તેથી મન-વાણીથી એનો નિર્ણય કરવો વ્યર્થ છે. જે ભેદ દૃષ્ટિગોચર થાય છે તે બધો નામરૂપમાં છે અને જે એનાથી પર છે ત્યાં વાણીની ગતિ નથી, વાણી કશું કહી શકતી નથી તથા સ્તબ્ધ થઈ જાય છે, કારણ કે એનો વિચાર કરનારી માનવીય બુદ્ધિ પણ ત્યાં કુંઠિત થઇ જાય છે. કૈંક છે, જેને આશ્રયે આ નામરૂપ ઈંદ્રિયગોચર થાય છે, એવું સમજીને મન-બુદ્ધિ શાન્ત થાય છે.

જેવી રીતે પ્રત્યેક પદાર્થને આપણે જોઈએ છીએ, તેવી જ રીતે માનવીય શરીરને તપાસી જોઈએ તો એમાં બધા અવયવ, સમસ્ત

શરીર, અંતઃકરણનાં મન, બુદ્ધિ ચિત્ત તથા અહંકાર, પણ નામ-રૂપની કક્ષામાં જ આવીને ઊભાં રહેશે. આત્મા જે સત્ ચિત્ આનન્દ છે, એ તો મનવાણીથી પર જ છે એમ વિવેક વડે જોતાં સમજાશે.

જે નામરૂપથી પર છે, એ નિર્વિકાર, નિરવયવ, સર્વવ્યાપક અને સર્વનું અધિષ્ઠાન હોવાથી એક જ સ્વરૂપનું છે. એ કેવું, કેમ, આવું, તેવું, અહીં, પણે, એક, અનેક, ભેદ, અભેદ–એ રીતે કલ્પનામાં ન આવે એવું જે તત્ત્વ છે, એનો ઉલ્લેખ જ શી રીતે થઈ શકે? તાત્પર્ય એ નીકળે છે કે પ્રત્યેક નામરૂપ વસ્તુનો આત્મા એક છે, જેમાં કોઈ પણ જાતનો ભેદ નથી; એ સર્વવ્યાપક છે તેથી સર્વત્ર છે; બધાનો આશ્રય છે તેથી સૌનું અધિષ્ઠાન છે; સમસ્ત ક્રિયાઓ-ગતિઓ એના આશ્રયથી થાય છે, તેથી એને કર્તા કહીએ છીએ ખરા, પરન્તુ નામરૂપથી વાસ્તવિક રીતે અસંગ હોવાથી એ જ અકર્તા પણ કહેવાય છે.

પાંચ કોશ, ત્રણ અવસ્થા તથા લાકડીના દૃષ્ટાન્તથી આપણે જોયું કે આત્મા પાંચ કોશના આવરણવાળો દેખાતાં છતાં સર્વવ્યાપક, સર્વનો આધાર, છતાં સર્વથી અસંગ છે. માંડૂક્ય ઉપનિષદ્‌માં આત્માને જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ અવસ્થાઓના સાક્ષી તરીકે વર્ણવ્યો છે, કારણ કે એ ત્રણેય અવસ્થાઓના પરિવર્તનનો દૃષ્ટા છે. અવસ્થાઓના પરિવર્તનથી એનામાં પરિવર્તન થતું દેખાતું નથી. સદૈવ એકરસ સાક્ષી બનીને પોતાના સ્વરૂપમાં અચ્યુત રૂપે સ્થિર રહે છે. વળી એમ પણ જોયું કે જે વસ્તુ નામરૂપવાળી છે, તેમાં જ્ઞાનેન્દ્રિયો વડે જે જ્ઞાન થાય છે, અથવા મન વડે જે સમજાય છે, તથા વર્તમાનમાં નામરૂપવાળા પદાર્થનું જ્ઞાન નથી થયું, અને ભવિષ્યમાં થશે, એ બધું ગુણજ્ઞાન છે; આત્માનું જ્ઞાન નથી. પંચતત્ત્વના વિલાસનું દર્શન છે; પરિવર્તનશીલ છે. તત્ત્વોનું રૂપાન્તર થયા કરે

છે ત્યારે ગુણજ્ઞાન પણ બદલાય છે, એટલે એ બધું વિકારી છે; અનિત્ય છે; વસ્તુનું યથાર્થ સ્વરૂપ નથી. વસ્તુનું જે વાસ્તવિક સ્વરૂપ છે, તે તો મન-વાણીથી પર છે; અતીન્દ્રિય છે, અગમ્ય છે, અગોચર છે. જ્ઞાત કે અજ્ઞાત સમસ્ત વસ્તુઓનું અધિષ્ઠાન એ આત્મા છે. અને મન તથા જ્ઞાનેન્દ્રિયોનો એ વિષય નથી.

આત્મા નામરૂપથી પર અને એને અધીન નથી, તેથી કોઈ પણ રીતે એ કર્તા થઈ શકતો નથી. ત્યારે હવે પ્રશ્ન એ ઊભો થશે કે આત્મા શા માટે કર્તા તરીકે પ્રતીત થાય છે? મનુષ્ય શરીરમાં આત્મા કર્તા નથી ત્યારે બીજું કોણ કર્તા છે?

આપણે પહેલાં મનુષ્ય શરીરનું વિવેચન કરીને જોયું કે બાહ્ય સ્થૂલ આવરણ અન્નમય કોશનું છે જે રૂપવાળાં પૃથ્વી, જલ અને અગ્નિનું બનેલું છે; બીજું આવરણ પ્રાણમય કોશ છે જેમાં વાયુ તત્ત્વની પ્રધાનતા છે; ત્રીજું આવરણ મનોમય કોશ છે અને જે અંતઃકરણ કહેવાય છે, એ પાંચ તત્ત્વોના સૂક્ષ્મ સત્ત્વગુણના અંશોથી બનેલું છે. એ અન્તઃકરણના સૂક્ષ્મ અંશનું નામ વિજ્ઞાનમય કોશ છે. આ વિજ્ઞાનમય કોશ જ મનુષ્ય શરીરમાં કર્તા, જ્ઞાતા તથા સંકલ્પવાન (નિશ્ચય કરનાર) છે. અંતઃકરણ પંચતત્ત્વના સૂક્ષ્મ અંશનું બનેલું છે, તેથી દર્પણના જેવું નિર્મલ છે. પત્થરમાં કોઈ પણ જાતનું પ્રતિબિમ્બ પડતું નથી, પરન્તુ પત્થરની બનેલી રેતીના શુદ્ધ અંશોમાંથી તૈયાર કરેલા કાચના દર્પણમાં વસ્તુનું પ્રતિબિમ્બ સ્વાભાવિક રીતે જ પડે છે. એવી રીતે સમસ્ત તત્ત્વોના સ્થૂલ અંશમાં આત્માનો આભાસ કે પ્રતિબિંબ પડતાં નથી, પરન્તુ નિર્મલ અને સૂક્ષ્મ અંશમાં આત્માનો આભાસ જણાય છે. આ આભાસ કે પ્રતિબિંબ આનંદમય કોશ કે જીવાત્મા કહેવાય છે. જ્યાં સુધી અંતકરણનું અસ્તિત્વ રહે છે, ત્યાં સુધી આ આભાસનું અસ્તિત્ત્વ પણ આત્માથી ભિન્નરૂપે જ્ઞાત

થાય છે. આપણે એ પણ જોયું કે દર્પણમાં જે રૂપ દેખાય છે તે મૂલ વસ્તુના સ્વરૂપથી, કે જેનું એ પ્રતિબિંબ છે, પૃથક્ નથી હોતું, પણ એ જ હોય છે. દર્પણમાં જે રૂપ દેખાય છે, તે વિજ્ઞાનને આધારે સિદ્ધ થઈ શકે છે કે એ રૂપ મૂલ-વસ્તુને યથાર્થ રૂપે જ દેખાડે છે. સૂર્યનાં કિરણોના પ્રકાશનો જે સિદ્ધાન્ત છે, એ જ સિદ્ધાન્ત મનુષ્યની દૃષ્ટિનાં કિરણોમાં છે. સૂર્ય પરમાત્માના વિરાટ સ્વરૂપનું નેત્ર છે, તેવી રીતે માનવીય શરીરમાં જે દૃષ્ટિનું સાધન છે તે નેત્ર છે. સૂર્ય અને નેત્ર બન્ને એક જ તત્ત્વનાં બનેલાં છે. તફાવત માત્ર ન્હાના મોટાનો છે, સ્થૂલ કે સૂક્ષ્મનો છે. પ્રકાશનાં કિરણો સૂર્યમાંથી નીકળીને નાના મોટા પ્રત્યેક પદાર્થને આવરી લે છે; પણ સામે દીવાલ આવે તો ત્યાં અથડાઈને, પાછાં સામે દીવાલ કે બીજી વસ્તુઓ ઉપર પડે છે. તાત્પર્ય કે જ્યાં સુધી કોઈ પ્રતિબંધક ન આવે, ત્યાં સુધી એ ગતિ કરે છે, અને પ્રતિબંધક આવતાં ત્યાંથી વાંકાં વળીને, વક્રીભવન કરીને બીજી વસ્તુ ઉપર પડે છે. આપણે એ કિરણોની ગતિનો વિચાર કરીએ :




કિરણ કોઈ સ્વચ્છ દર્પણ જેવી વસ્તુ ઉપર પડે અને ત્યાં રોકાઈ જવાથી—અથડાવાથી આગળ જઈ શકે નહિ, ત્યારે એ ત્યાંથી પાછું ફરે છે. ઉપરના ચિત્રમાં કિરણ જ્યારે ङ દિશામાંથી આવીને

अ–ब લીટી ઉપર પડે છે, ત્યારે ड–क–अ ખુણો બનાવે છે. ત્યાંથી અથડાઈને हની દિશામાં જાય છે, ત્યારે क–हની રેખા બને છે, અને જે વસ્તુ हને સ્થાને હોય તે ड કિરણથી જોઈ શકાય છે.

સામાન્ય નિયમ એવો છે કે કિરણના દર્પણ ઉપર પડવાથી જે ખુણો ઉત્પન્ન થાય છે, ત્યાંથી અથડાઈને પાછું ફરે, ત્યારે એ પ્રતિબંબવાળું કિરણ એ ખુણાની સામેની દિશામાં એટલો જ બીજો ખુણો બનાવીને, જે વસ્તુ ઉપર પડે છે તેને પ્રકાશિત કરે છે–દેખાડે છે.

નેત્રમાંથી જે કિરણ નીકળે છે, તે દર્પણના કાચની પાછળ કલઈ કરેલી છે, તેથી ત્યાંથી આગળ ન જતાં અથડાઈને પાછું વળે છે, અને ખૂણો બનાવીને જે વસ્તુ ઉપર પડે છે, તેને દેખાડે છે. દર્પણમાં જ્યારે આપણે મુખાકૃતિ જોઈએ છીએ ત્યારે નેત્રનું કિરણ દર્પણ ઉપર જાય છે, ત્યાંથી અથડાઈને પાછું આવી આપણી મુખાકૃતિને દેખાડે છે, જેને આપણે આપણો ચ્હેરો જોયો એમ કહીએ છીએ; ખરી રીતે દર્પણમાં કોઈ પણ જાતના પ્રતિબંબનો કે આકૃતિનો પ્રવેશ થયેલો હોતો નથી. સૂક્ષ્મ, લીસી, અને પારદર્શક દર્પણની પાછળ કલઈ લગાડેલી છે, એટલે જોનારના ચક્ષુનું મુખ સીધું, બાંકું કે આડું અવળું હોય તો ચક્ષુનું કિરણ જેટલા ખુણાથી ગયું હોય, તેટલો સામે ખૂણો કરીને મુખાકૃતિ તથા એની પાસેના બીજા પદાર્થોને પણ દેખાડે છે. આ છે કિરણના વક્રીભવનનો ચમત્કાર અને કિરણ–પ્રકાશની ગતિની પદ્ધતિ.

જે વસ્તુ કે મુખાકૃતિ દર્પણમાં દેખાય છે, તે વસ્તુતઃ દર્પણમાં પ્રવેશ કરતી નથી એ તો સ્પષ્ટ વાત છે, કારણ કે જો પ્રવેશ કરતી હોય તો દર્પણમાં અસંખ્ય રૂપનો પ્રવેશ થઈને એ તદ્દન કાળું

પડી જાય: ઉપરાંત એ પણ સંભવ નથી કે નાના એવા દર્પણમાં મોટી મોટી આકૃતિઓનો આકાર પ્રવેશ કરી શકે. પરંતુ વાસ્તવિક સ્થિતિ એ છે કે દૃષ્ટિનું કિરણ દર્પણ ઉપર છે ત્યાંથી પ્રત્યાવર્તન પામીને જોનારની મુખાકૃતિ ઉપર પડે છે, ત્યારે કિરણનો પ્રકાશ જેટલા ભાગ ઉપર પડે એટલું દેખાય છે, અને પ્રકાશ મુખાકૃતિનો આકાર ધારણ કરે છે; એ મુખાકૃતિના સંસ્કાર મનોમય કોશ ઉપર પડે છે, ત્યાંથી વિજ્ઞાનમય કોશમાં થઈને આનંદમય કોશ સુધી ગતિ કરીને એમાં પ્રવિષ્ટ થાય છે; એ છેલ્લા કોશમાં મન તથા બુદ્ધિનો પ્રવેશ ન હોવાથી ત્યાં એવા જ બીજા પૂર્વના સંસ્કારો–નામરૂપોની સાથે સમષ્ટિરૂપે વિદ્યમાન રહે છે. અસંખ્ય પૂર્વ સંસ્કારોનો ત્યાં જે ભંડાર ભર્યો છે એમાં એનો ઉમેરો થાય છે.

મન કોઈ વિષયવસ્તુ સાથે અથડાય, પાંચ જ્ઞાનેન્દ્રિયો વડે સંસર્ગમાં આવે, ત્યારે એ ગતિશીલ (ચંચલ) બને છે, ચંચલતાને લીધે એમાંથી ઊભો થતો તરંગાકાર વિષયાકારવૃત્તિ કહેવાય છે, અને આનંદમય કોશમાં એ જ્યારે પ્રવિષ્ટ થાય છે ત્યારે સંસ્કાર કહેવાય છે.

પ્રકૃતિનો એક સિદ્ધાંત છે કે એકવાર ગતિ ઉત્પન્ન થયા પછી એ બંધ પડતી નથી; નિરંતર વેગમાં જ રહે છે; અને એટલા જ માટે એનું નામ ગતિ (**જગત**) કહેવાય છે. ઉત્પન્ન થઈને કોઈપણ દિશામાં જવા માંડે ત્યાં એને કોઈ રોકાવું પડે એવી અથડાવાની વસ્તુ મળે કે જેને એ ધકેલી શકે નહીં, તો એ ત્યાંથી પાછી વળીને બીજી દિશામાં વેગ પકડે છે અને ધીમે ધીમે ફેલાતી ફેલાતી સામાન્ય વાયુમંડળની સાથે એક થઈ જાય છે. વાયુમંડળ તો નિરંતર વેગમાં જ રહે છે, વહ્યા જ કરે છે; એમાં કોઈ વસ્તુ અથડાય–ટીચાય ત્યારે એમાં જે વિશેષ વેગ આવે એને અહીં ગતિ કીધેલી છે. એ ગતિમાં

જ્યાં સુધી વિશેષ વેગ હોય ત્યાં સુધી વિશેષ ભાવે દોડે, વિરોધ આવતાં અથડાય ત્યારે વેગ ધીમો પડે, અને એવી રીતે અસંખ્ય પદાર્થોના વિરોધથી સામાન્ય દશામાં ઊતરે ત્યારે વેગ ઓછો થતાં સામાન્ય વાયુતત્ત્વમાં તદાકાર થાય છે.

અહીં દ્રષ્ટાની દૃષ્ટિ ચક્ષુ દ્વારા બહાર નીકળીને દર્પણ ઉપર જઈને ત્યાંથી પાછી ફરી મુખાકૃતિ ઉપર આવી ત્યારે એ દૃષ્ટિને દર્શન થયું. તેવી જ રીતે જીવાત્માદ્રષ્ટાનું દૃષ્ટિકિરણ ચક્ષુ દ્વારા બાહ્ય પ્રદેશમાં જઈને જે રૂપ ( આકૃતિ )નું દર્શન કરે, તે વિષયાકાર દૃષ્ટિકિરણના પ્રત્યાવર્તનને લીધે, દ્રષ્ટાના ચક્ષુ દ્વારા અંતઃકરણના પ્રદેશમાં પ્રવેશ કરી, મનમાં એક વૃત્તિ ઊભી કરે છે; જે વિષયાકારવૃત્તિ કહેવાય છે; ત્યાંથી વિજ્ઞાનમય કોશમાં થઈને આનન્દમય કોશમાં જાય ત્યારે ત્યાં વિષયના સંસ્કાર કહેવાય છે. ત્યાં ગયા પછી એ અજ્ઞાત વિસ્મૃત જેવી બની જાય છે, પણ ત્યાં એનો નાશ થતો નથી. કારણ કે આપણને અનુભવ થાય છે કે એકાન્તમાં બેસીને કોઈ એક જ ધ્યેયમાં મનને એકાગ્ર કરવાનો પ્રયત્ન કરીએ ત્યારે અન્ય વૃત્તિઓને રોકવાનો કે ન ઊઠવા દેવાનો પ્રયત્ન કરીએ છીએ, સમસ્ત જ્ઞાનેન્દ્રિયનાં દ્વાર કે કર્મેન્દ્રિયની ક્રિયાઓને બંધ કરીને સ્થિર આસન કરીને બેસીએ છીએ, ત્યારે આપણી ઈચ્છા અને પ્રયત્નની સામે પણ જોર કરીને, જેનું આપણે સ્મરણ પણ ન હોય, ભૂલી ગયા હોઈએ, આ જન્મમાં જોઈ સાંભળી છે એવું પણ ન લાગે, તો પણ અંતરમાંથી ઊછળી કૂદીને માનસિકભૂમિના મનોમય કોશમાં આવીને પ્રત્યક્ષ થાય છે. એ પૂર્વ સંસ્કાર આનન્દમય કોશમાં ગયા હતા ત્યાં કોઈ વિરોધી વસ્તુથી પ્રત્યાવર્તન પામીને મનોવૃત્તિરૂપે દૃશ્ય બને છે, માનસચક્ષુ વડે એનું દર્શન થાય છે, અને ચિત્ત ત્યાં દર્પણનું કામ કરે છે. જે વિષયાકાર-વૃત્તિ આનન્દમય કોશમાં ગઈ હતી તે બધી એકાન્તમાં, સ્થૂલ શરીરનો

વ્યવહાર બંધ કર્યો, તે વખતે સૂક્ષ્મ શરીરના મનમાં આનન્દમય કોશમાંથી આવીને અતઃકરણના દર્પણમાં પ્રત્યક્ષ દેખાય છે.

નેત્રદ્વારા જે આ વિષયવૃત્તિનું અંતરબાહ્ય દર્શન તપાસી જોયું, તેવી જ રીતે શબ્દ, સ્પર્શ, રસ અને ગંધજ્ઞાન આપતી જ્ઞાનેન્દ્રિયો વિષે સમજી લેવાનું છે. વિષયોનું દર્શન મન કરે છે, એમાં વિષયનો આકાર ઊઠે છે, મનની એ વૃત્તિ મનની ચંચળતાને લીધે બહારથી અંતરમાં પ્રવેશ કરે છે; આનંદમય કોશમાં મન–બુદ્ધિ નહીં હોવાથી ત્યાં એનો સંગ્રહ થાય છે, જેને સંસ્કારસમૂહ કહીએ છીએ. બાહ્ય સ્થૂલ શરીરનો વ્યવહાર બંધ થાય, ત્યારે ધ્યાન તથા સ્વપ્ન જેવી સૂક્ષ્મશરીરની મનોદશામાં દ્રષ્ટા–દૃશ્યની દર્શનલીલા ચાલુ થાય છે અને આનંદમય કોશમાં–સુષુપ્તિ અવસ્થામાં સંગ્રહ થઈ પડી રહેલા સંસ્કારો ઊભા થઈને મનોમય પ્રદેશમાં વસ્તુ સ્વરૂપે, વિષયાકારે વેગ પકડીને અંદર ઊતરે ત્યારે અંદર અનુભવાય છે.

આ ઉપરથી સમજાય છે કે દર્પણ તો કેવળ ચક્ષુ ઈંદ્રિયની દૃષ્ટિનાં કિરણોને પ્રતિબિંબિત કરવાનું એક દ્વાર છે, વાસ્તવિક રીતે તો જે મૂલ વસ્તુને ચક્ષુ પોતાની મેળે નથી જોઈ શકતું, તે મુખાકૃતિનું માત્ર દર્શન કરાવે છે. દર્પણમાં એક બીજી વાત વિચારવા જેવી છે કે મોટાને ન્હાનું તથા ડાબા જમણામાં ફેરફાર કરી નાંખે છે. તળાવને કાંઠે ઊગેલાં ઝાડને તળાવના પાણીમાં જોઈએ, તો ટોચ ઉપરની ડાળ નીચે અને થડ ઉપર દેખાય છે. દર્પણમાં આપણી જ મુખાકૃતિ આપણી સામે દેખાય છે ત્યારે આંખ, કાન, ગાલ વગેરે ડાબાંના જમણાં અને જમણાંનાં ડાબાં દેખાય છે. ઉપરાંત દર્પણ અસ્થિર હોય તો મુખાકૃતિ પણ હાલતી હોય એમ દેખાય છે; દર્પણની ગતિની અસર મૂલ વસ્તુના પ્રતિરૂપ જેવા પ્રતિબિંબ ઉપર પડે છે. બિંબ અને પ્રતિબિંબની બધી જાતની એકતા લાગવા છતાં

એ બે વચ્ચે ન્હાનામોટાનો, ઉલટાસુલતાનો તથા સ્થિરતા ચંચલતાનો તફાવત રહે છે એટલું જ નહિ પણ પ્રતિબંબ બિંબના જેવું જ છે કે નહિ એવી ભ્રાન્તિ ઊભી થાય છે. છતાં પણ મહાન વ્યક્તિઓની છબી કે મૂર્તિઓની પાસે આપણે પ્રાર્થના કરવા માટે બેસીએ ત્યારે એમને સત્ય માનીને જ વ્યવહાર કરીએ છીએ.

એવી જ રીતે અંતઃકરણમાં જે આત્મા સર્વવ્યાપક છે તે પરિચ્છિન્ન; સર્વશકિતમાન છે તે દુર્બલ; શાન્ત અને સ્થિર છે તે ચંચલ,–એવું એવું ઘણું વિપરીત ભાવવાળું દેખાય છે. આત્મા તો સચ્ચિદાનન્દ છે. સત્ એટલા માટે કે બધાં નામરૂપના અધિષ્ઠાન તરીકે સર્વદા વિદ્યમાન છે; ચિત્ એટલા માટે કે એ સાક્ષી સ્વરૂપ ચૈતન્ય હોવાથી બધાથી અસંગ રહે છે, અને આનન્દનું કારણ એ છે કે સુષુપ્ત અવસ્થામાં મનની ચંચલતા, ચેષ્ટા કે પરિવર્તન હોતાં નથી, તેથી મનુષ્ય આનંદ પામે છે, ત્યાં એ આનન્દમાં તરબોળ થઈ જાય છે તેથી એ આનન્દમય કોશ કહેવાય છે. પણ એ આનન્દ કેવળ પ્રતિબિંબનો છે, એટલે પરિપૂર્ણ નથી; બિમ્બ સ્વરૂપ આત્મા જે મૂલ છે, તે શુદ્ધ અને પૂર્ણાનંદસ્વરૂપ છે.

આટલા વિવેચન ઉપરથી સ્પષ્ટ થાય છે કે અંતઃકરણમાં જે પ્રતિબિંબ પડે છે, તે ચંચલ–હલતું હોય તેમ જણાય, ત્યારે પ્રતિબિંબના ચંચલ થવાથી મૂલ તત્ત્વ ચંચલ થાય છે, એવી ભ્રાન્તિ ઊભી થાય છે જે નર્યું અજ્ઞાન છે અને એ જ અવિદ્યા કહેવાય છે. વસ્તુતઃ ઉપનિષદોનો તો નિર્ણય છે કે આત્મા સર્વવ્યાપક હોઈ એમાં કોઈ-પણ જાતની ગતિ હોવાનો સંભવ નથી, અને ગતિ નથી તેથી કોઈપણ જાતની ચંચલતા સંભવી શકતી નથી, કારણ કે ગતિને ઊભી થવામાં તેમ જ આમતેમ દિશામાં જવા માટે પોલાણ–અવકાશ જોઈએ, જે આત્મામાં છે જ નહિ. આકાશનું અધિષ્ઠાન આત્મા છે એમ

આપણે પહેલાં કહી ચૂકયા છીએ. આત્મામાં આકાશ નથી તેમ જ એ સર્વવ્યાપક છે, તેથી એક દેશ છોડીને બીજા દેશમાં જવાની આત્મા માટે કલ્પના કરવી એ અજ્ઞાન છે.

જીવાત્માની જે ગતિ જોવામાં આવે છે, એ બધી અંતઃકરણને લીધે છે; જેમાં જીવાત્મા પ્રતિબિંબ રૂપે વિરાજમાન છે. વાસ્તવિક આત્મા જે બિંબ સ્વરૂપ છે તેમાં ગતિ નથી. સાક્ષીની વિદ્યમાનતામાં જે ગતિઓ થાય, તેમાં સાક્ષીની કશી પણ જવાબદારી નથી; સાક્ષીની હાજરીમાં જે કર્મો થાય એને માટે સાક્ષી કર્તા બનતો કે કહેવાતો નથી. જેવી રીતે એ અસંગ અને મુકત કહેવાય છે, એવી જ રીતે અંતઃકરણમાં પડેલા ચિદાભાસસ્વરૂપ પ્રતિબિંબ-જીવાત્માનાં કર્મો, ચેષ્ટાઓ, ઇચ્છાઓ, વાસનાઓની સાથે સાક્ષીસ્વરૂપ આત્માને કંઈ પણ સંબંધ નથી, સંગ નથી, દોષ નથી; આત્મા કેવળ અસંગ, મુક્ત, શુદ્ધ તથા બુદ્ધ છે. જે કાંઈ આત્મામાં આરોપિત થાય છે તે જીવાત્માની ચંચલતા તથા ચેષ્ટાને લીધે તથા જીવાત્માના પોતાના જ અજ્ઞાનને લીધે મનાય છે. એ અજ્ઞાન કેમ દૂર કરવું તથા એનાં સાધન કેવાં હોય એ હવે વિચારવાનું રહ્યું.

અજ્ઞાનીઓ જેવી રીતે આકાશમાં કોઈ પણ જાતના રૂપ, રંગ, મલિનતા વગેરે ન હોવા છતાં, એ બધું સત્ય હોવાની કલ્પના કરે કે માન્યતા રાખે છે, તેવી જ રીતે આ બ્રહ્મવિદ્યાથી અશિક્ષિત લોકો અંતઃકરણની ગતિનો જીવાત્મામાં અધ્યારોપ કરીને એને કર્તા, ભોકતા, પાપ-પુણ્ય, ધર્મ-અધર્મ વગેરેનાં વિશેષણો વળગાડે છે, પરંતુ જ્યારે એ અજ્ઞાન દૂર થાય છે, જ્ઞાન વડે એ નિર્મૂલ થાય છે, ત્યારે સ્પષ્ટ સમજાય છે કે જીવાત્મા યથાર્થ સાક્ષી રૂપે અસંગ છે. આની સાથે સાથે આ સંસાર કોણે ઉત્પન્ન કર્યો, એની પ્રેરણા કરનાર કોણ છે; એ પ્રશ્ન પણ સ્વાભાવિક રીતે ઊભો

થાય છે. અંતઃકરણમાં તેમજ અન્ય અસંખ્ય પદાર્થોમાં કેવી રીતે ગતિ થાય છે, શા માટે થાય છે, એ બધું સમજવા જેવું છે.

આપણે ઉપર જોઈ ગયા કે સાંસારિક પ્રકૃતિ એક ગુણમયી પ્રકૃતિ છે. જેવી રીતે મનુષ્યના શરીરની છાયા નિરંતર એની સાથે જ રહે છે, સૂર્ય કે અન્ય પ્રકાશની દિશા પ્રમાણે આગળ, પાછળ કે ડાબી જમણી દેખાય છે, તેવી રીતે જેને માયા, અવિદ્યા, કે પ્રકૃતિ કહીએ છીએ, એ આત્માની સાથે છાયા રૂપે રહે છે. જેવી રીતે લાકડીના ગુણધર્મ લાકડીમાં છાયા રૂપે રહ્યા હોય છે, લાકડી કરતાં પૃથક્, લાકડીને છોડીને અન્ય સ્થળે દેખાતા નથી, તારાઓનો ચળકાટ તારાથી ભિન્ન રહેતો કે હોવાનો સંભવ નથી, સૂર્ય ચંદ્રનો પ્રકાશ એનાથી પૃથક્ નથી, તેવી જ રીતે એ આત્માની છાયા છે. અને એ જ પ્રકૃતિ, માયા કે અવિદ્યા કહેવાય છે. એની આત્માથી પૃથક્ સ્વતંત્ર સત્તા નથી.

શરીરની છાયા, જેમ પ્રકાશ સીધી રીતે મસ્તક ઉપર હોય ત્યારે દેખાતી નથી, અથવા શરીર પૃથ્વી ઉપર આડું પડીને સૂઈ જાય તો પ્રકાશ હોવા છતાં જેમ છાયા રહેતી નથી, પણ જ્યાં શરીર ઊભું થઈને આડુંઅવળું થાય, હાલવા ચાલવા માંડે તો છાયા જુદી દેખાય છે, તેવી રીતે જ આ પ્રકૃતિનો ખેલ છે. એમાં ઉત્પત્તિ–પ્રલય થયા કરે છે. આંખ ઉઘડે ત્યારે જગતનું દર્શન, બંધ થાય ત્યારે અદર્શન; તેવી જ રીતે પ્રકૃતિનો વિકાસ સંકોચ ચાલ્યા કરે છે.

આ છાયા કે માયા આત્માના એક દેશમાં રહે છે–એક ભાગમાં રહે છે, જેવી રીતે મનુષ્યની છાયા મનુષ્યના શરીરમાં રહે છે તેમ. છાયા સર્વવ્યાપક નથી, એમાં જે ગતિનું ભાન થાય છે એ કેવલ કલ્પિત છે. એ પ્રકૃતિ આગળ કહી ગયા તેમ ત્રણ ગુણવાળી છે,

જેમ ત્રણ ગુણોમાં રજોગુણ કેવલ શુદ્ધ ગતિસ્વરૂપ-ચંચલતારૂપ છે, એટલે કે એનું હલનચલન, વેગ વગેરે સ્વાભાવિક છે. એનું હલન-ચલન થવું એ એક આત્માનો ચમત્કાર છે એમ કહીએ તો ખોટું નથી. ગતિનું ઉત્પન્ન થવું એ ઉત્પત્તિ છે, પાછા વળીને મૂલસ્થાનમાં શાંત થઈ જવું એ પ્રલય છે; આવી રીતે રજોગુણરૂપ માયાનો-જેને પ્રકૃતિ કહીએ છીએ તેનો-આ એક અલૌકિક વિલાસ માત્ર છે. આ ગતિ-અગતિ, ઉત્પત્તિ અને પ્રલયને માટે પ્રકૃતિ સ્વતંત્ર નથી. આત્માની સત્તાથી સત્તાવાન બનીને ત્રણ ગુણની આ બધી રમત એ રમે છે. સમસ્ત પ્રકૃતિનો એ એક ગતિરૂપ અંશ છે; તેથી પ્રત્યેક વસ્તુમાં એનો આવિર્ભાવ આપણે જોઇએ છીએ.

ગતિ હંમેશાં ચેતન પદાર્થથી ભિન્ન જડ પદાર્થના સંયોગથી જોવામાં આવે છે; ગતિ પોતે એકલી અને એક જ હોય તો એ ગતિ -અગતિ એમ કોઈ રીતે કહી શકાય નહીં. આ ગતિ તથા ચેતન અને જડ પદાર્થની ચેષ્ટાનો સાક્ષી તો એનાથી પૃથક્, ભિન્ન અને અસંગ જ હોવો જોઇએ. સંસારના સમસ્ત પ્રાણી પદાર્થોમાં રજોગુણરૂપ ગતિ, પ્રવૃત્તિ, ચેષ્ટા, ક્રિયા જોવામાં છે; એ બધાંનો દ્રષ્ટા, જોનાર, સાક્ષી, અસંગ, મુક્ત, બુદ્ધ, શુદ્ધ-કેવલ પૃથક્ જે છે, તે સત્ત્વ-ગુણના પ્રભાવવાળો છે; સત્ત્વગુણનો ગુણધર્મ પ્રકાશ તથા જ્ઞાન છે. એને આશ્રયે ગતિ, ચેષ્ટા તથા ક્રિયાનું જીવાત્માને ભાન થાય છે; હવે જે જડ પદાર્થ છે અને જેને ચેતન પદાર્થ ગતિમાં મૂકે છે, ત્યારે પરિવર્તન થાય છે એ જડતા તમોગુણ છે.

અંતઃકરણમાં પ્રકૃતિનો જે સત્ત્વગુણનો અંશ છે, એમાં પ્રકાશ તથા જ્ઞાન હોવાથી અંતઃકરણમાં થતી ગતિનાં આવિર્ભાવ-તિરોધાન સ્પષ્ટ રીતે એ વડે ઓળખી શકાય છે. નિર્વિકલ્પ સમાધિ કે સુષુપ્તિ અવસ્થાના સમય વિના બીજો કોઈ એવો સમય કે અવસ્થા

નથી જેમાં ગતિ–ચંચલતા–મનોવૃત્તિનો અભાવ જણાતો હોય. તમોગુણની જડતા કે મલિનતાને લીધે પથ્થર જેવા સ્થૂલ ભૌતિક પદાર્થમાં સ્થૂલ દૃષ્ટિથી વિચાર કરતાં ગતિનો પ્રાદુર્ભાવ જણાતો નથી, પરન્તુ પદાર્થ વિજ્ઞાનની દૃષ્ટિએ તો કહી શકાય એમ છે કે ગતિ નિરન્તર સર્વવ્યાપક રૂપે ચાલુ જ રહે છે, કારણ કે પથ્થરમાં પણ સમય જતાં પરિવર્તન થાય છે; એક જ પથ્થરની ખાણમાં હીરા વગેરે ઉત્પન્ન થાય છે; ખનિજ વર્ગમાં પણ અસંખ્ય જુદી જુદી જાતભાત છે, એ બતાવે છે કે એમાં પણ એ જ ગતિશક્તિ ફેરફાર કર્યા કરે છે; જગતની સમસ્ત જડ વસ્તુઓ વિકારી છે, પરિણામ પામ્યા કરે છે, એ વેદશાસ્ત્રનો પુરાણો પ્રાચીન સિદ્ધાન્ત છે. એ ગતિ જ અભ્યુદય તથા પતનમાં કારણભૂત છે; આ સિદ્ધાન્તને લક્ષ્યમાં રાખીને જ ભારતીય તત્ત્વવેત્તાઓએ દૃષ્ટિ–સૃષ્ટિવાદનો સિદ્ધાન્ત શોધી-સમજી રાખ્યો છે, અને પ્રતિપાદન કરે છે કે પ્રત્યેક ક્ષણે નવીન સૃષ્ટિ ઉત્પન્ન થાય છે કારણ કે સતત્ ગતિને લીધે પ્રત્યેક ક્ષણે પ્રત્યેક નામરૂપવાળી વસ્તુમાં વિકાર થાય છે-પરિવર્તન થયા જ કરે છે.

આ વાતને હવે વધારે લંબાવવાની જરૂર નથી. વિચારવાન મનુષ્ય સહજ સમજી શકે એવી વાત છે કે ગતિ તો ભૌતિક પ્રકૃતિનો સ્વાભાવિક ગુણ--ધર્મ છે, એ નિરન્તર પ્રવૃત્ત રહે છે અને રહ્યા કરશે. પ્રકૃતિની આ ગતિને, ચંચલતાને, ચેષ્ટાને, ક્રિયાશીલતાને અજ્ઞાનીઓ આત્મા કે જીવાત્માની ગતિ માને છે એ ભૂલ છે; અજ્ઞાન છે, અવિદ્યા છે, તાત્ત્વિક સિદ્ધાન્તની વિરુદ્ધ છે. દર્પણની ચંચલતાને કોઈ પ્રતિબિંબ કે બિંબની ચંચલતા માની બેસે એના જેવું એ અજ્ઞાન છે. એ જ રીતે કોઈ વળી અંતઃકરણના ધર્મોને જીવાત્માના ધર્મો માનવાની ભૂલ કરે છે. ચંદ્રની ઉપર વાદળાં દોડતાં

હોય છતાં બાલકોને જેમ ચંદ્ર દોડતો હોય એમ લાગે છે, રેલ્વેમાં બેઠાં હોઈએ ત્યારે બાજુનાં વૃક્ષ વગેરે દોડતાં લાગે છે, તેના જેવી આ ગંભીર ભૂલ છે. તે જ પ્રમાણે અસંગ, અકર્તા, અભોકતા, શુદ્ધ, બુદ્ધ, મુક્ત આત્માને અજ્ઞાનીઓ કર્તા, ભોકતા માને છે; પરંતુ વાસ્તવિક રીતે ગતિ તો માયાની ક્રિયા છે, અને એમાં જ્ઞાન તથા કર્મ ઈન્દ્રિયો તથા અંતઃકરણના ધર્મ છે.

## મુક્તિ

આપણે પરમતત્ત્વ, એટલે આત્મા કે બ્રહ્મને એક અને અદ્વિતીય તરીકે સમજી લીધાં; પરમાત્માને સંસારના ઉત્પત્તિ–સ્થિતિ–લયમાં જોઈ લીધો; પ્રકૃતિના ત્રિગુણાત્મક વિસ્તારને વિચારી જોયો; માનવીય શરીરની રચના સમજી લીધી; અંતઃકરણમાં પડતા પ્રતિબંબને જીવાત્માના નામથી ઓળખ્યો, અને ત્રણ અવસ્થા તથા પાંચ કોશના વિવેક વડે એ પણ જોયું કે સંસારની સ્થિતિ એક એવી વિચિત્ર સમસ્યા છે કે એનાં શોધન, સાધન, સાધના, પ્રયોગ તથા અનુભવ માટે ત્રણ ગુણ-ધર્મનો વિવેક કેળવ્યા વિના વાસ્તવિક તત્ત્વને સમજી શકાય એમ નથી.

અજ્ઞાનનું કોઈ અચિંત્ય આવરણ ઊભું થાય છે અને એને લીધે આત્મા અસંગ છતાં સંગી દેખાય છે; નિર્વિષયી હોવા છતાં એ વિષયી બને છે, દ્વંદ્વના સ્પર્શ વિનાનો હોવા છતાં એના બંધમાં આવે છે; મુક્ત, સ્વતંત્ર હોવા છતાં પરાધીન અને પરતંત્ર બનીને જાણે આમતેમ, લોક પરલોકમાં વિચરતો, બંધમાંથી છુટવાની મનોવૃત્તિવાળો બને છે. આમાંથી છુટવાનો મનોભાવ મોક્ષેચ્છા કહેવાય છે. મુકિત શબ્દનો અર્થ જ બંધનથી સ્વતંત્રતા પ્રાપ્ત કરવી એવો થાય છે. ત્યારે હવે એ પ્રશ્ન ઊભો થાય છે કે જેને મોક્ષેચ્છા થઈ છે, જેને સ્વતંત્રતા પ્રાપ્ત કરવી છે એમ લાગે છે, જેને મુકિત મેળવવાના મનોરથ ઊભા થાય છે, એ કોણ છે અને જે બંધન લાગે છે તે કેવાં પ્રકારનાં છે.

આપણે પહેલાં જોઈ ગયા કે આત્મા સ્વતંત્ર તથા સંપૂર્ણ છે, એટલે એ કોઈપણ રીતે બંધનમાં આવવાનો કે હોવાનો સંભવ નથી. હવે રહ્યો જીવાત્મા જેનો પણ આપણે વિચાર કરી લીધો છે. અંતઃકરણમાં આત્માનું જે ભાન થાય છે, આભાસ જણાય છે, બિંબના પ્રતિબિંબ જેવો આવિર્ભાવ દેખાય છે, એને આપણે જીવાત્મા કહીએ છીએ. જ્યાં સુધી દર્પણ હોય ત્યાં સુધી એમાં પ્રતિબિંબ પડયા કરે, તેવી રીતે જ્યાં સુધી અંતઃકરણનું અસ્તિત્વ હોય ત્યાં સુધી સત્-ચિત્-આનન્દ સ્વરૂપનો આભાસ એમાં પડયા કરે છે. આત્માની સત્તાથી સત્તાવાન બનીને આત્માથી ભિન્ન એની સત્તા હશે એમ જે લાગે છે, એ માન્યતા અજ્ઞાન, અવિદ્યા કે માયા કહેવાય છે; એજ છે બંધન. એવું અજ્ઞાન દૂર થાય એ છે મુકિત.

બ્રહ્મવિદ્યાનું રહસ્ય જાણનારા શ્રોત્રિય ગુરુદેવ પોતાના વિશેષ, સુયોગ્ય, અધિકારી અને પ્રિય શિષ્યને રહસ્યવિદ્ બનાવવા માટે એક પ્રક્રિયાની આ રીતે યોજના કરે છે. દિવસે સૂર્યનો પ્રકાશ એક ભીંત ઉપર પડે છે, અથવા રાત્રે એક ઓરડાની ભીંત ઉપર દીપકનો પ્રકાશ પડે છે, ત્યારે એ પ્રકાશ ભીંત ઉપર બધે ફેલાઈ જાય છે; તે વખતે એક દર્પણને સૂર્યની કે પેલા દીપકની સામે રાખીને એમાં પડતા પ્રતિબિંબને ભીંત ઉપર ફેંકીએ, તો દર્પણના માપ જેટલો એક પ્રકાશમય વિભાગ ભીંત ઉપર, પેલા સામાન્ય પ્રકાશ ઉપર વિશેષ પ્રકારે, વિશેષ પ્રોજ્વળ, વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. દર્પણને જેમ જેમ હલાવીએ તેમ તેમ એ પ્રકાશમય વિભાગ હાલે-ચાલે છે, ઊંચોનીચો કે આડોઅવળો થાય છે, અને સૂર્ય કે દીપક સ્થિર હોવા છતાં, પ્રતિબિંબિત પ્રકાશવિભાગ ચંચળ જણાય છે. ભીંત ઉપર એક સામાન્ય પ્રકાશ હતો, એના ઉપર આ પ્રકાશ પડે છે, એ એવડો પ્રકાશ છે. એક કરતાં વધારે દર્પણને એક ભીંતની સામે ધરી રાખીએ તો અસંખ્ય પ્રકાશવિભાગ દેખાશે અને વચ્ચે વચ્ચે સૂર્ય-

પ્રકાશ પણ પોતાનું અજવાળું પાડતો જણાશે. સૂર્યપ્રકાશ સામાન્ય પ્રકાશ છે અને એ જ પ્રકાશ ઉપર પડતો દર્પણનો પ્રકાશ વિશેષ પ્રકાશ કે એવડો પ્રકાશ કહેવાય છે. આ પ્રક્રિયા પ્રતિબિમ્બવાદ કહેવાય છે.

આત્માને સત્–ચિત્––આનંદ કહીએ છીએ એમાં પ્રકાશ, જ્ઞાન, પ્રભા, દીપ્તિ, ચૈતન્ય, જ્ઞાન,—એવા શબ્દો વડે ઓળખાતી જે આત્માની પ્રભા છે, તે ચિત્ કહેવાય છે. અહીં સૂર્યપ્રકાશના જેવી આત્માની જે સર્વવ્યાપકતા છે, તે બિમ્બ સ્થાને સમજીએ એટલે દર્પણ ઉપરથી પડતો પરિચ્છિન્ન પ્રકાશ, જીવાત્માના અંતઃકરણમાં અથડાઈને આવતું પ્રતિબિંબ છે: એને માટે વેદાન્તશાસ્ત્રમાં અમુક શબ્દોનો જ પ્રયોગ થાય છે.

આ શરીરમાં બે પ્રકારનાં ચૈતન્ય છે; એક આત્મચૈતન્ય અને બીજું જીવચૈતન્ય; એક સામાન્ય પ્રકાશ અને બીજો વિશેષ પ્રકાશ, જેમ ભીંત ઉપર દર્પણને લીધે દેખાય છે તેમ. પહેલું ચિત્ છે ત્યારે બીજું ચિતનો આભાસ હોવાથી ચિદાભાસ છે. પહેલું એક અને અદ્વિતીય ચિત્ છે, ત્યારે બીજું દ્વિતીય ચૈતન્ય કે દ્વિગુણી ચૈતન્ય છે. બિંબચૈતન્યના પ્રકાશથી અંતઃકરણમાં પડેલા પ્રતિબંબચૈતન્યના વિશેષ પ્રકાશને જીવાત્મા તથા ચિદાભાસ એવું નામ આપવામાં આવ્યું છે. અનેક દર્પણોને લીધે જેમ દર્પણનો પ્રકાશ પરિચ્છિન્ન તથા અનેક દેખાય છે, તેમ અનેક અંતઃકરણને લીધે એમાં પડેલાં પ્રતિબંબ અનેક છે; અને પરમાત્મા સૂર્યપ્રકાશની પેઠે સામાન્ય પ્રકાશરૂપે એક અને અદ્વિતીય છે: અંતકરણવિશિષ્ટ ચૈતન્ય ચંચલ છે, કારણ કે અંતઃકરણ પોતે જ ચંચલ ધર્મવાળું છે અને તેથી એમાં પડેલું પ્રતિબિંબ ચંચલ રહ્યા કરે છે: એ ચિદાભાસ સ્વરૂપ જીવાત્મા રજોગુણ ધર્મને લીધે અસ્થિર અને ભોગવાસનાને લીધે મલિન બને છે.

અંતઃકરણ ત્રણ ગુણવાળું છે જેમાં તમોગુણસ્વરૂપ ભોગવાસનાની

મલિનતા છે, એ સત્ત્વગુણસ્વરૂપ નિષ્કામ કર્મથી ધોવાય છે; રજોગુણ રૂપ ચંચલતા છે તે ભકિત ઉપાસના--ધ્યાન વડે સ્થિર થાય છે; એવું થાય ત્યારે એમાં સત્ત્વગુણસ્વરૂપ પ્રતિબિંબ સ્વચ્છ દેખાય છે અને અહંકાર સાત્વિક થતાં પરમાત્માના સચ્ચિદાનન્દ સ્વરૂપનાં દર્શન થાય છે; એટલું થતાં મલ--વિક્ષેપ જાય છે, પરન્તુ જીવાત્મા અને પરમાત્માના ઉપાસક--ઉપાસ્યનો ભેદ જતો નથી, કારણ કે અહંકાર-સ્વરૂપ અંતઃકરણ ટકી રહે છે. જ્યાં સુધી અંતઃકરણની સત્તા હોય, ત્યાં સુધી ચિદાભાસ હોય, ચિદાભાસ હોય ત્યાં સુધી પરમાત્માની સગુણ સત્તા પણ હોય છે, ચિદાભાસ (જીવાત્મા) અને ચિત્ (પરમાત્મા)ની દ્વૈતલીલા ચાલ્યા કરે છે. મુકિત એટલે તો સમસ્ત દ્વૈતપ્રપંચનો નિરાસ, અને એ નિરાસ ત્યારે જ થાય જ્યારે જીવાત્મા પોતાનું વિશેષ અસ્તિત્વ, વિશેષ ચિત્પ્રતિભા કે પ્રતિબિંબ આત્માના સામાન્ય ચૈતન્ય, સામાન્ય સત્તામાં ગાળી નાંખે; એકમેક કરી નાંખે. વેદાન્તશાસ્ત્ર જીવબ્રહ્મની એકતા એ દૃષ્ટિએ જ સિદ્ધ કરે છે, અને જીવ--ઈશ વચ્ચેનું જે અજ્ઞાનરૂપ આવરણ છે, એનો બ્રહ્મવિદ્ આચાર્યના મહાવાકય શ્રવણથી ભંગ કરવાનું કહે છે; સાધન તરીકે अहंब्रह्मास्मिના નિદિધ્યાસનની ઘોષણા કરે છે અને અંતઃકરણમાં પડેલા પ્રતિબિંબ-ચિદાભાસ પાસે એવો અનુભવ કરાવે છે કે બિંબ--પ્રતિબિંબ જેવો જે આભાસભેદ જણાય છે એ કેવળ અંતકરણની અહંકારવૃત્તિની ભ્રામિત માન્યતા છે, અને કેવલ મિથ્યા હોઈ નિર્મૂળ થાય એવી છે. એના ફલસ્વરૂપ વિશેષ ચૈતન્ય, દ્વિગુણી ચૈતન્ય, કે જે કહો તે સામાન્ય ચૈતન્યમાં એકમેક થઈ જાય, એટલે જન્મમરણ વગેરે દ્વંદ્વનો નાશ થાય છે. ચિત્નો આભાસ નહિ પણ ચિત્ જ વાસ્તવિક સત્તાવાન છે; સૂક્ષ્મ શરીરના અંતઃકરણની પ્રતિભા વડે પ્રતિભાસ થતી પ્રાતિભાસિક સત્તાનો નાશ થતાં, કેવલ પર--અર્થ (પરમતત્ત્વ) જ શેષ રહે છે, જે એક અને અદ્વૈત આનંદ છે; સ્થૂલ શરીર

વડે થતો વ્યવહાર સ્થૂલના અંત પર્યન્ત રહે, એમાં ભાસમાન થતી વ્યાવહારિક સત્તા પણ પોતાનું કાર્ય પૂરું કરે, અને જ્યાં પ્રતિભા, પ્રતિભાસ, બિંબ, પ્રતિબિંબ, ચિદાભાસ, જીવદશા, વગેરે ગયાં એટલે જન્મમરણશીલ શરીરનો અંત આવે છે, એની સાથે ઊભાં થતાં સુખદુઃખ, હર્ષશોક, માનઅપમાન, લાભહાનિ, ક્ષુધાતૃષા જેવાં દ્વંદ્વોનો પણ નિરાસ થાય છે. આ છે મુક્તિની સામાન્ય સમજણ.

પાછા આપણે મૂલ મુદ્દા ઉપર આવીએ. દર્પણના પ્રતિબિંબનો જે એવડો પ્રકાશ ભીંત ઉપર પડયો તેની હલનચલનની ક્રિયા દર્પણની ક્રિયાને અધીન છે. ત્યાં એક હતો સામાન્ય પ્રકાશ અને બીજો થયો વિશેષ પ્રકાશ. એ વિશેષ પ્રકાશની સત્તા દર્પણની સત્તાને લીધે છે. એ દર્પણને સ્થાને અંતઃકરણ, સામાન્ય પ્રકાશને સ્થાને પરમાત્મા તથા વિશેષ પ્રકાશને સ્થાને જીવાત્મા છે. એ એવડા પ્રકાશને દ્વિગુણ બ્રહ્મ કહીએ તો પણ ખોટું નથી. બ્રહ્મ તો સર્વત્ર વિદ્યમાન છે, સર્વવ્યાપક છે, પણ જ્યાં જ્યાં અંતકરણસ્વરૂપ દર્પણ વિદ્યમાન થાય ત્યાં ચેતન આત્માનો આભાસ (પ્રતિબિંબ) સામાન્ય ચૈતન્યથી એવડો–બમણો તથા એનાથી પૃથક્–ભિન્ન હોય એવી પ્રતીતિ થાય છે. ચૈતન્ય સ્વરૂપ આત્મા અકર્તા, અભોકતા તથા અસંગ છે; સ્થિર છે, નિર્વિકાર છે, શુદ્ધ, એક અદ્વિતીય તથા સર્વવ્યાપક છે. પરન્તુ આ દ્વિગુણ બ્રહ્મ જેને આપણે જીવાત્મા કહીએ છીએ એ કર્તા, ભોકતા, સંગવાન્, ચંચલ, વિકારી, મલિન, અનેક તથા દેશકાલ વ્યાપી હોઈ પરિચ્છિન્ન છે. વાસ્તિવિક દૃષ્ટિએ જોતાં તો આત્માની પેઠે એ પણ ચૈતન્યસ્વરૂપ હોઈ અકર્તા, અભોકતા છે, બિંબથી પ્રતિબિંબ ભિન્ન નથી; સામાન્ય પ્રકાશનું બિંબ દર્પણની સાથે અથડાઇને, પ્રત્યાવર્તન પામીને પ્રતિબિંબરૂપે પ્રતીત થાય છે તેથી વસ્તુતઃ એક જ છે, છતાં પરિચ્છિન્ન દર્પણસ્વરૂપ અંતઃકરણના ઉપાધિને તથા પરિચ્છિન્નતા તેમજ ચંચલતાને લીધે પરિચ્છિન્ન તથા ચંચલ

હોય એમ લાગે છે. જ્યાં સુધી આ દર્પણસ્વરૂપ અંતઃકરણનું અસ્તિત્વ (સત્તા) રહે છે, ત્યાં સુધી અજ્ઞાનના આવરણવાળો જીવાત્મા પોતાને સ્વતંત્ર સત્તાવાન્ માને છે તથા સુખી દુઃખી, જન્મમરણશીલ, કર્તા–ભોક્તા, બદ્ધઅજ્ઞ સમજે છે.

જેનો વાસનામલ શુદ્ધ થયો છે, ચંચલતાનો વિક્ષેપ નાશ પામ્યો છે, અને અજ્ઞાનનું ભેદ–આવરણ તુટી ગયું છે, એવા બ્રહ્મવિદ્ જ્ઞાની દેહધારણ પર્યન્ત અંતઃકરણસ્વરૂપ દર્પણની વિદ્યમાનતા હોવા–રહેવા છતાં પણ બિંબ પ્રતિબિંબના મિથ્યા ભેદનો બાધ તથા બન્નેનો અભેદ અનુભવીને બ્રહ્માનંદના ભોક્તા બને છે. મુક્તાવસ્થાનો અવર્ણનીય સુખાસ્વાદ લીધા કરે છે.

સૂર્ય એક હોવા છતાં, એની સામે અસંખ્ય દર્પણ રાખીએ તો ભીંત ઉપરના સામાન્ય પ્રકાશમાં બીજા અસંખ્ય સૂર્ય દેખાય છે અને તેથી વિશેષ પ્રકાશ પડે છે; સૂર્ય સ્થિર હોવા છતાં દર્પણની ચંચલતા, તથા માપ પ્રમાણે વિશેષ પ્રકાશ ચંચલ તથા નાના મોટા પડે છે, તેવી જ રીતે આત્મા એક જ હોવા છતાં અસંખ્ય અંતઃકરણ તથા એની ચંચલતાને લીધે અસંખ્ય જીવાત્માઓનું ભાન થાય છે. આત્માના સચ્ચિદાનન્દ સ્વરૂપમાં અને જીવાત્માના અધિષ્ઠાનમાં રતિમાત્ર પણ વાસ્તવિક ભેદ નથી. ભેદ કેવળ ચિદાભાસની ભ્રાન્તિનો છે. અસંખ્ય જલપાત્રોમાં જેમ એક જ સૂર્ય અસંખ્ય રૂપે દેખાય છે, તેના જ જેવું આ છે. દર્પણ તથા જલની ઉપાધિને લીધે સૂર્યની અનેકતા લાગે છે એ કેવળ ઉપાધિભેદ છે, સ્વરૂપભેદ નથી: જ્ઞાનવાન સમજે છે કે આત્મા એક અને વ્યાપક છે, પરન્તુ અંતઃકરણના ઉપાધિને લીધે ભિન્ન ભિન્ન થયો હોય એમ દૃષ્ટિગોચર થાય છે. દર્પણમાં જેમ રેખા પડે કે એના બે કકડા થઈ જાય, અથવા દર્પણ ઊંચુંનીચું કે આડુંઅવળું થાય તો પ્રતિબિંબમાં

પણ એ દોષ દેખાય છે, અને દર્પણની રેખા પ્રતિબિંબિત વસ્તુમાં રેખારૂપે અથવા આડી અવળી દેખાય છે, એવી દશામાં ય બિમ્બભૂત વસ્તુ તો યથાર્થ સ્વરૂપે જ રહે છે; એમાં કશુંયે પરિવર્તન થતું નથી. દર્પણના પરિવર્તન (વિકાર–દોષ)થી પ્રતિબિંબ વિકારી લાગે છે. છતાં બિંબસ્વરૂપ સૂર્યમાં વિકારનો સ્પર્શ તો શું પણ કલ્પના કરવી પણ ભ્રાન્તિ છે, તેવી જ રીતે અંતઃકરણના દોષને લીધે ચિદાભાસ (જીવાત્મા)ના દોષ કે વિકારની આત્મામાં કલ્પના કરવી મિથ્યા છે; ભ્રાન્તિ છે, અજ્ઞાન છે, અને એનું જ નામ અવિદ્યા કે માયા છે. અંતઃકરણના વિકારને લીધે જીવાત્મા પોતાને વિકારી, પાપપુણ્ય કે ધર્મ–અધર્મનો કર્ત્તા, સુખદુઃખાદિનો ભોક્તા, તથા જન્મમરણના બંધનવાળો માને છે, પરન્તુ બિંબસ્વરૂપ આત્માના સ્વરૂપનું, જો એ શ્રુતિવાક્યો પર શ્રદ્ધા અને આચાર્યના અનુભવ–શબ્દો ઉપર વિશ્વાસ રાખીને, આત્મા–અનાત્માના વિવેકથી માંડીને વૈરાગ્ય, શમાદિષટ્ક, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન, શ્રવણ તથા મનની સાધન-સંપત્તિ મેળવીને નિદિધ્યાસન કરે, તો અત્યારસુધી જે પોતાને પરિચ્છિન્ન જીવાત્મા તરીકે માનવાની ભ્રાન્તિ રાખ્યા કરતો હતો, તે ભ્રાન્તિ નિર્મૂળ થાય છે, નિદિધ્યાસનના અભ્યાસથી દેહાધ્યાસ દૂર થાય છે, અને સ્વરૂપસાક્ષાત્કારના આનન્દથી એ કૃતકૃત્ય બને છે.

બ્રહ્મવિદ્ જ્ઞાની આ બધું સમજી ચૂકયો હોય છે તેથી જીવાત્માના ગુણદોષની સાથે કશોએ સંબંધ રાખતો નથી અને અંતઃકરણના ધર્મોનું જે એણે આત્મામાં આરોપણ કર્યું હતું, એનો અપવાદ કરીને, આત્માના વાસ્તવિક પારમાર્થિક સ્વરૂપમાં ચિત્તની દૃઢ વૃત્તિવડે નિરંતર નિમગ્ન રહે છે. એની આંતરિક શાંતિ અખંડ અને નિશ્ચલ રહે છે; આ છે બ્રહ્મવિદ્ જીવન્મુકતની જીવનદશા. જીવાત્માના આવાગમનનું કારણ કર્મોની ગતિના સંસ્કાર છે, જે મૃત્યુ સમયે આનંદમય કોશમાં બીજરૂપથી પડયા હોય છે. ખેડેલા ખેતરમાં બીજ

પડવાથી જેમ એમાંથી ફલ-પાક નીપજે છે, તેમ, એ સંસ્કાર અંતઃકરણમાંથી પાછા ધકેલાઈને ભોગ આપવાને તૈયાર થયેલાં હોય એવાં શરીરને ઉત્પન્ન કરે છે. ઈચ્છાઓને પરિપૂર્ણ કરીને નવીન કર્મો કરાવે છે, ભાવી સંસ્કારનો ભંડાર વધારે છે અને એ રીતે જીવાત્માને ભવસંસારમાં ભ્રમણ કરાવ્યા કરે છે. પરંતુ જ્યારે પૂર્વ પૂણ્યના પરિપાકથી, તેમજ ઉપાસનાદ્વારા પ્રાપ્ત થયેલી પરમાત્માની કૃપાથી અંતઃકરણ નિર્મલ થાય છે, ઉપાસના તથા ધ્યાનથી અંતઃકરણનો વિક્ષેપ દૂર થાય છે, વૃત્તિઓનો નિરોધ થાય છે, સ્થિર શુદ્ધ દર્પણના જેવી અંતઃકરણની સ્થિતિ થાય છે, ધીરે ધીરે વિજ્ઞાનમય કોશ બલવાન બને છે, મનોમય કોશ એને અધીન-સેવક બની જાય છે; જ્ઞાનેન્દ્રિયોનો તથા કર્મેન્દ્રિયોનો સંયમ સિદ્ધ થાય છે, નિર્વિકલ્પ સમાધિ-સુખવડે મનનો વેગ અટકી પડે છે ત્યારે જીવાત્મા પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરે છે. ત્યાર પછી જેવી રીતે નિદ્રામાંથી જાગેલો જીવાત્મા એ અવસ્થાના આનંદના અનુભવનું વર્ણન કરે છે, તેવી રીતે આવો મનુષ્ય-જીવાત્મા અજ્ઞાનરૂપી નિદ્રામાંથી જાગી ઊઠે છે ત્યારે એનો વિજ્ઞાનમય આત્મા નિર્વિકલ્પ સમાધિમાંથી ઊઠીને નિશ્ચલ રહી ચૂકેલા આત્માના અનુભવનું વર્ણન કરે છે. આવું વર્ણન ઉપનિષદોમાં, તેમજ વેદાન્તના સંસ્કૃત પ્રાકૃત ભાષામાં લખાયેલા ગ્રન્થોમાં અસંખ્ય સ્થાને આવે છે. જીવન ધન્ય ધન્ય બને છે, હૃદય પરિતૃપ્ત થાય છે: ચિત્ત આત્યંતિક શાંતિ ભોગવે છે, કર્તવ્ય, પ્રાપ્તવ્ય, જ્ઞાતવ્ય, બોધવ્ય-એવી બધી ઈચ્છાસૂચક વૃત્તિઓનો અંત આવે છે. જ્યારે વિજ્ઞાન-આત્મા આત્મદૃષ્ટા બને છે, ત્યારે એને રુચિકર તથા પ્રિય પદાર્થો પ્રાપ્ત કરવાની તથા અરુચિકર અને અપ્રિય પદાર્થોનો ત્યાગ કરવાની રાગદ્વેષ વાળી મનોવૃત્તિઓ રહેતી નથી. બધાને જ્યારે પોતાના આત્મસ્વરૂપે અનુભવે ત્યારે પછી કોની સાથે પ્રેમ કરે અને કોનો દ્વેષ કરે? રાગદ્વેષથી પુર થયેલો એ અભેદદર્શી અને આત્મતૃપ્ત

થયેલો હોવાથી પ્રારબ્ધપ્રાપ્ત શરીરની લીલાનો દ્રષ્ટા બનીને જીવન-નિર્વાહ કરે છે.

ઈન્દ્રિયોના ભોગપદાર્થોની એને કોઈ લાલસા રહેતી નથી. જીવન-નિર્વાહ માટેનાં અન્નજલ અને શીતઉષ્ણતા નિવારણ માટે સ્થાન કે વસ્ત્રની જે આવશ્યકતા હોય તે ભોગવાસના નથી, પણ સામાન્ય ઇચ્છાઓ કહેવાય છે; મન તથા ઈંદ્રિયોને પૂર્વસંસ્કાર પ્રમાણે ભવિષ્યના સુખની આશાથી તથા વર્તમાન સુખની તૃષ્ણાથી જે કર્મ કરવાની ટેવ પડી ગઈ છે, એનો એના ચિત્તમાં અભાવ હોય છે; એને સુખની, આનંદની વાસના હોતી નથી કારણ એ પોતે આનંદસ્વરૂપ છે. એને કશું જ્ઞાન મેળવવાની, જાણવાની વાસના રહેતી નથી કારણ કે પોતે જ્ઞાનસ્વરૂપ છે; અત્યારે નથી તે ભવિષ્યમાં મળશે એવી વાસના રહેતી નથી કારણ કે એ સત્સ્વરૂપે સર્વવ્યાપક અને નિત્ય છે; ભૂત, ભાવી કે વર્તમાનકાળથી અપરિચ્છિન્ન છે; અમુક દેશખંડથી એ પર હોઈ અખંડ આત્મસ્વરૂપ છે. એને આવશ્યકતાઓ હોય છે, પણ વિષય-ચિંતનનો દાહ હોતો નથી; એને ઈચ્છાઓ હોય છે, પણ એની પીદમાં આસક્તિયુક્ત આગ્રહ હોતો નથી. શરીરરક્ષણની વસ્તુઓ માટેની ક્રિયાઓ એ કરે છે, પણ એમાં પ્રાપ્તિઅપ્રાપ્તિથી હર્ષશોક હોતા નથી. એનામાં ભોગબુદ્ધિ નથી, ભોગવાસના નથી, ભોગ માટેનાં કર્મો નથી, ભોગ માટેનું જ્ઞાન નથી, જે સ્વભાવસિદ્ધ ઈચ્છા, કર્મો તથા જ્ઞાનદશા ભોગવાય છે, તે છે કેવળ નિર્દોષ, નિર્ગુણ અને નિર્લેપ-ભાવે બનતી, સહજસ્વભાવથી પ્રવાહરૂપે થતી સામાન્ય માનવધર્મ-પ્રેરિત ક્રિયાશીલ પ્રવૃત્તિ.

આવી સહજાવસ્થા જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે વિવિધ દૃશ્ય પદાર્થોની લાલસા નિવૃત્ત થાય છે. ભાવિને માટે કોઈ નવીન સંકલ્પો ઊભા થતા નથી. જે કાંઈ એનાથી થાય છે એ બીજાની દૃષ્ટિને

કર્તાપણાનો ભાવ લાગે, પણ એ તો પરવશપણે કરતો હોય એમ લાગે છે. રાગદ્વેષથી એ કશુંયે કરતો નથી; એમાં આસક્તિ કે મોહ નથી. એટલું જ નહિ પણ આગ્રહ પણ હોતો નથી. એથી જે ક્રિયાઓ કે ચેષ્ટાઓ એ કરે છે એ અત્યંત દુર્બળ હોય છે; ચિત્ત ઉપર પ્રભાવ પાડે, નવીન સંસ્કાર ઊભા કરે એવી એની ક્રિયાઓ હોતી નથી. એની જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયોની ક્રિયાઓથી મન ગતિશીલ બનતું નથી. ચિત્તમાં તરંગ ઊભા થતા નથી; અને કદાચિત્ કોઈ વૃત્તિ ઊભી થાય, ચંચળતાનો વેગ પકડે, તો એના વિજ્ઞાનમય કોશની દીવાલ એટલી પ્રબળ હોય છે કે એ તરંગ, મનોવૃત્તિનો વેગ, ત્યાંથી જ અથડાઈને પાછો ફરે છે. અજ્ઞાનીનો તરંગ, મનોવૃત્તિ કે ભોગવાસના જેમ ચિત્તમાંથી ઊભાં થઈને આનંદમય કોશમાં પ્રવેશ પામે છે, અને ત્યાં એનો ભંડાર ભરાય છે એવું બ્રહ્મવિદ્‌ના ચિત્તમાં બનતું નથી. સૂક્ષ્મ શરીરના વિજ્ઞાનમય કોશમાં આત્મનિષ્ઠાનું પ્રાબલ્ય એટલું બધું દૃઢ બન્યું હોય છે, આત્મા–અનાત્માનો વિવેકદીપક એટલો બધો પ્રોજ્વળ હોય છે કે પૂર્વસંસ્કારવશ કદાચિત્ કોઈ મનોવૃત્તિ ઊઠે, તો વિજ્ઞાનમય કોશમાંથી પાછી ફરે છે, અથવા જ્ઞાનાગ્નિથી ભસ્મીભૂત બને છે. ભાવી જન્મના સંચિતસંસ્કારના ભંડારમાં એ જવા જ પામતી નથી. વિજ્ઞાનમય શાસક એવી વૃત્તિગતિને આનન્દમયકોશમાં જવાની આજ્ઞા જ આપતો નથી.

જેવી રીતે પ્રકાશપૂર્ણ તથા શક્તિશાલી થયેલા જ્ઞાની પુરુષનો વિજ્ઞાનમય કોશ બાહ્ય વિચારોને અંતરમાં પ્રવેશ થતાં અટકાવે છે તેવી જ રીતે આનન્દમય કોશમાં જે પૂર્વસંસ્કારો અનેક જન્મોથી ભરેલા પડયા હોય, જેને આપણે સંચિત એટલે એકઠા કરી રાખેલા હોય એમ કહીએ છીએ, અને જે બીજરૂપે બહાર નીકળીને અંતઃકરણના ક્ષેત્રમાં પડીને કર્મરૂપે ફૂલે–ફાલે છે, તે પણ અંતરથી નીકળતાં વેંત વિજ્ઞાનમય કોશમાંથી મનોમય કોશમાં આવી શકતા

નથી. તાત્પર્ય એ છે કે બાહ્ય સંસ્કારોને અંદર જતાં રોકવા એ વિજ્ઞાનમય કોશનું કાર્ય છે, તેવીજ રીતે અંતરના આનન્દમય કોશના સંચિત સંસ્કારોને બાહ્યપ્રદેશ (ચિત્ત)માં આવવા દેવાનું કામ પણ વિજ્ઞાનમય કોશ કરે છે.

ધ્યાન, નિદિધ્યાસન તથા બ્રહ્માકારવૃત્તિ વડે વિજ્ઞાનમય કોશ દૃઢ બને છે. સામાન્ય માનવીનું વિજ્ઞાન સાંસારિક વિદ્યાઓના જ્ઞાનથી દૂષિત થયેલું હોવાથી, મનોમય કોશને અધીન હોય છે. એ બલવત્તર ન હોવાથી બાહ્ય ભોગવાસના અંતરમાં પ્રવેશ કરે છે અને આંતરિક સંસ્કાર બહાર આવીને મનોમય કોશ દ્વારા કર્મ કરે છે. અજ્ઞાનીનો વિજ્ઞાનમય કોશ સાંસારિક જ્ઞાનવિજ્ઞાનયુક્ત હોય છે, જ્યારે બ્રહ્મવિદ્ જ્ઞાનીનો વિજ્ઞાનમય કોશ સાંસારિક ભોગમલિનતા તથા વિષયભ્રમણની ચંચળતાથી મુક્ત હોઈ, બ્રહ્માકાર વૃતિને પોષણ આપનારો તથા આત્માના આનંદથી પરિતૃપ્ત હોય છે. એમાં જગત્, જગદીશ કે જીવાત્માનો ત્રિપુટી ભેદ રહેતો કે હોતો નથી, એનું વિજ્ઞાન બ્રહ્મવિજ્ઞાન છે. એનું દેહભાન બ્રહ્મભાવથી ભરેલું હોય છે, એનો મનોમય કોશ તો વિજ્ઞાનમય કોશમાં જ ઓગળી ગયેલા જેવો અથવા આજ્ઞાધીન સેવક જેવો બની ગયો હોઈ, એની ઈન્દ્રિયો કેવળ શારીરિક કર્મો જ કરે છે; વાસનાથી પ્રેરિત થયેલાં ભોગકર્મો નહીં.

ભવિષ્યની આવશ્યકતાઓની, તથા એ વિશેના ચિંતવનની એને સ્પૃહા રહેતી નથી, તેમ એવી આવશ્યકતાઓને કે ઈચ્છાઓને પૂરી કરવાના સંકલ્પ પણ ગોઠવતો-બાંધતો નથી. પ્રારબ્ધ પ્રમાણે જે જે શુભાશુભ પ્રાપ્ત થાય, સહજ સ્વભાવે જે કર્મ કરાય, તે બધાને રાગદ્વેષ વિના ભોગવે છે અને તેમ છતાં બધાથી અસંગ, ઉદાસીન, અનાસક્ત અને પર રહે છે. સુખદુઃખ કે હર્ષશોકનું કોઈ

પણ કારણ એના અંતઃકરણમાં રહેતું નથી. નિશ્ચલ, સર્વવ્યાપક, સમરસ આત્મસ્વરૂપમાં ચિત્તવૃત્તિ આરૂઢ રહેતી હોવાથી, નથી એને અધોગતિના પતનનો ભય કે નથી સ્વર્ગાદિ ઉર્ધ્વગતિના આરોહરણનું પ્રલોભન. નથી કોઈ શત્રુ કે નથી કોઈ મિત્ર ! માતા, પિતા, ભાઈ, બહેન, સગાં, સ્નેહી, જેવા સંબંધીથી એનું મન મુક્ત હોય છે. સ્તુતિ-નિન્દાનો હર્ષશોક નથી કારણ કે લોકવાસના જીતી લીધી છે. વાદવિવાદ, ચર્ચા કે શંકા આશંકા ઉદ્‌ભવતી જ નથી કારણ કે એની શાસ્ત્રવાસના શાન્ત થઈ ગઈ છે. મોટા ન્હાનાના, ધર્મી અધર્મીના, પાપી પુણ્યશાલીના, ઉચ્ચનીચના ભેદ એના મનમાં નથી. સર્વમાં સર્વદા સર્વસ્વરૂપ આત્મદર્શન કરતો એ આનંદમય જીવન ગાળે છે. એ જ આત્મજ્ઞાની, બ્રહ્મવિદ્, કે બ્રહ્મનિષ્ઠ નામથી ઓળખાય છે અને એ જ જીવન્મુક્ત કહેવાય છે. વર્તમાન શરીરના મરણ પછી એની કોઈ પણ જાતની ગતિ હોતી નથી; એના પ્રાણ વિશ્વપ્રાણમાં, એની ઉષ્ણતા અગ્નિતત્ત્વમાં, પાણી જલતત્ત્વમાં અને પૃથ્વી પૃથ્વી-તત્ત્વમાં સમાઈ જાય છે. એના સ્થૂલશરીરની આવી સ્થિતિ થાય છે અને ખેડ ખાતર પાણી કે બીજ નાંખતાં પણ કશુંયે ન ઊગે એવી અનુત્પાદ્ય જમીન જેવું એનું અંતઃકરણ બની જાય છે. કોઈ વાસના સંસ્કાર એમાં પડયા જ નહોતા અને જે વર્તમાન દેહના ભોગ પૂરતા આવતા જતા હતા તે નિવૃત્ત થઈ ચૂકયા હતા. વિજ્ઞાનના સામર્થ્યે કલ્પિત બંધથી જીવાત્માને મુક્ત કર્યો એટલે એને પણ કોઈ કર્મ કરવાનું બાકી રહ્યું નહિ. વનમાં વૃક્ષોનાં પરસ્પરનાં ઘર્ષણથી ઊભો થયેલો અગ્નિ વનને ભસ્મીભૂત કરીને અન્તે પોતે ત્યાં જ આપોઆપ શાન્ત થઈ જાય છે. ફટકડી કે નિર્મલીનું ચૂર્ણ પાણીમાં પડીને પાણીના મેલને તળીએ લઈ જઈને એની સાથે પડયું રહે છે, તેવી રીતે માયાના સત્ત્વગુણી અંશથી ઉત્પન્ન થયેલું જ્ઞાન, જીવાત્મા અને પરમાત્માના કલ્પિતભેદ રૂપે ઊભા થયેલા આવરણ ( અજ્ઞાન )નો ભંગ ( નાશ )

કરીને એ પણ પોતે વિશ્વના વિજ્ઞાનમય કોશમાં એકાકાર થઈ જાય છે. અંતઃકરણના શુદ્ધ થઈને શેષ રહેલા અંશો વિરાટના અંતઃકરણમાં તદાકારતા પામે છે. અંતઃકરણરૂપી દર્પણના અંશ જુદા જુદા થઈ જવાથી અંતઃકરણ લુપ્ત થઈ જાય છે અને એનો લોપ થવાથી એમાં પ્રતિબિંબ પડીને જે ચિદાભાસ જીવાત્મા તરીકે ઓળખાતો હતો, તે દૂર થતાં એમ કહેવાય છે કે એ જીવાત્મા હવે મુક્ત થયો. જે દ્વિગુણ બ્રહ્મ અંતઃકરણને લીધે સત્તા ભોગવતો હતો એ મુક્ત થયો. દર્પણ રાખવાથી જેમ ભીંત પર દ્વિગુણ પ્રકાશ પડે છે અને દર્પણના દૂર થવાથી જેમ એ નાશ પામે છે, તેવી જ રીતે અંતઃકરણનો નાશ થવાથી ચિદાભાસની સત્તા રહેતી નથી. આનું જ નામ મુક્તિ છે.

એક સામાન્ય નિયમ છે કે કોઈ પણ વસ્તુની પ્રાપ્તિ બે રીતની હોય છે. એક પ્રાપ્તિ એવી છે કે કોઈની પાસે અમુક વસ્તુ પહેલાં ન હોય અને પાછળથી કોઈ પણ રીતે મળે તો એ અપ્રાપ્તની પ્રાપ્તિ કહેવાય છે. બીજી પ્રાપ્તિ પ્રાપ્તની પ્રાપ્તિ કહેવાય છે. કોઈ વસ્તુ પોતાની પાસે જ હોવા છતાં વિસ્મૃતિ થઈ જવાથી એની શોધખોળ ચાલે ત્યારે અકસ્માત સ્મરણ થઈ આવે, ત્યારે પણ "વસ્તુ પ્રાપ્ત થઈ ગઈ" એમ કહેવાય છે ખરું, છતાં એ પ્રાપ્તની પ્રાપ્તિ છે. એમાં કોઈ નવીન વસ્તુ પ્રાપ્ત થઈ નથી. એવું જ આત્માના સંબંધમાં છે. આત્મા તો સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, સ્વ-સ્વરૂપ, મુક્ત અને અસંગ છે. એવી જ અવસ્થા એના પ્રતિબિંબની પણ છે. પ્રકાશ સ્વરૂપે બન્નેનો અભેદ છે. પ્રતિબિંબ મૂલ બિમ્બની તદ્રૂપતા છે. પરન્તુ અજ્ઞાનના આવરણને લીધે પોતે પોતાની મેળે બન્નેને પૃથક્ પૃથક્ માની લીધાં હતાં, એ અજ્ઞાન દૂર થયું, ત્યારે એ જીવાત્મા સમજ્યો કે મને મુક્તિ મળી. વાસ્તવિક રીતે કોઈ નવી વસ્તુ મળી નથી, પણ અત્યાર સુધી પોતાને જે બંધાયમાન માનતો હતો એ અજ્ઞાન દૂર થયું. આત્મસ્વરૂપે તો એ

મુક્ત હતો, છે, અને હશે જ. આત્મા તો સદાસર્વથા પ્રાપ્ત જ હતો. એમાં કશું મેળવવાપણું, પરિશ્રમ, ક્રિયા, વગેરે કાંઈ કરવાપણું હતું જ નહિ. વિસ્મૃત સદૈવ પ્રાપ્ત હતું, હવે વસ્તુની સ્મૃતિ થઈ આવી એનું નામ પ્રાપ્તની પ્રાપ્તિ કહેવાય છે.

આત્મજ્ઞાનની આડે આવતા અજ્ઞાનના આવરણને દૂર કર્યા પછી માનવીય અંતઃકરણમાં બ્રહ્માનંદની અવર્ણનીય તૃપ્તિ ઉદ્‌ભવે છે, આત્મભાવનાને લીધે વૃત્તિ તાદાત્મ્ય અનુભવે છે, શરીરનાં વિચાર તથા કર્મનો સાક્ષી બનીને એ જીવનવ્યવહાર ચલાવે છે એ વિષે કે એનાં લક્ષણો વિષે કશો એક જ પ્રકારનો નિયમ બાંધી શકાતો નથી. પુનર્જન્મના સિદ્ધાન્તના પાયા ઉપર આપણા જ્ઞાનમાર્ગનું ચણતર થયેલું છે. કોઈ પણ કર્મ આંતરિક મનોવૃત્તિના વ્યાપાર વિના સંભવી શકતું નથી. અંતરમાં પહેલાં વિચાર ઊઠે, ત્યાર પછી એ પ્રમાણે કર્મ થાય, અને વિચાર-વાસના પ્રમાણે ઇષ્ટાનિષ્ટ ફલભોગ મળે છે. શાસ્ત્રસિદ્ધાન્ત એવો છે કે વર્તમાન શરીરની ઉત્પત્તિ, પ્રાપ્તિ, કર્મ, ભોગ વગેરે ભૂતકાળના-પૂર્વશરીરોમાં કરેલા કર્મ-વાસનાના સંસ્કારમાંથી ઊભાં થયેલાં છે. મનુષ્ય વિચાર કરવામાં સ્વતંત્ર હોવા છતાં એની ઇચ્છાઓમાં ત્રણ ગુણનો ધર્મ રહ્યો હોવાથી તે પ્રમાણે કર્મ થાય છે. કર્મનો સિદ્ધાંત સમજવો બહુ જ કઠિન છે. જેવી વાસના તેવાં કર્મ, જેવાં કર્મ તેવાં ફળ, એ સિદ્ધાંત અટલ હોવા છતાં વર્તમાન અવસ્થાનાં કર્મ, તથા ફલભોગ સાથે આંતરિક મનોવૃત્તિનો મેળ છે કે નહીં, છે તો કેટલો છે, કેવી રીતનો છે, કર્મ કરવામાં ઇચ્છાની જે પ્રેરણા હોય છે એ કર્તાની પોતાની, પરાયી કે અકસ્માત્ ઊપજી આવેલી છે, એ ઓળખી કાઢવું પણ કઠિન છે. યદૃચ્છા, પરેચ્છા, સ્વેચ્છા જેવા ઇચ્છાના ભેદ છે; કર્મ, અકર્મ, વિકર્મ, સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ તથા સકામ; નિષ્કામ જેવા કર્મના ભેદ છે. તેની સામે મનસા-વાચા-કર્મણા એકવાક્યતા હોય

તો જ ચિત્ત સરલ, શુદ્ધ અને આર્જવયુક્ત મનાય એવી માન્યતા પ્રચલિત છે; તાત્પર્ય એ કે પૂર્વસંસ્કારમાંથી ઊભી થતી ભોગવાસના, વાસનાથી પ્રેરિત કર્મ, કર્મમાંથી ઉદ્ભવતા દ્વંદ્વભોગ, એ ત્રણેયનું પૃથક્કરણ થઈ શકે છે, પણ ત્રણેયની સમકાલીન એકવાક્યતા કે અનુસંધાન પારખવાં અઘરાં છે, અને એટલા માટે જ મનુષ્યની પરીક્ષા એકલાં એનાં કર્મ ઉપરથી થઈ શકતી નથી. મનુષ્ય સંકલ્પમય છે, કર્મમય નથી. કર્મ તો બાહ્ય જગતમાં સ્થૂલ શરીરદ્વારા થાય છે, અને વ્યવહારદ્રષ્ટાની દૃષ્ટિ પ્રમાણે એનું નિરીક્ષણ થતું હોવાથી એમાં હંમેશાં દૃષ્ટિભેદ રહ્યા કરે છે.

જ્ઞાનીના જીવનવ્યવહારમાં પણ એ જ પ્રશ્ન ઊભો થાય છે. આત્માનો સાક્ષાત્કાર, જ્ઞાન, કે અનુભવ કરવો એ અંતઃકરણની મનોવૃત્તિ ઉપર આધાર રાખે છે; સ્થૂલ શરીરની જ્ઞાનેન્દ્રિયોનાં જ્ઞાન કે કર્મેન્દ્રિયોનાં કર્મોથી એ આત્મજ્ઞાન મેળવાતું નથી, તેમ એનું પ્રદર્શન પણ થઈ શકતું નથી. પ્રત્યેક ધર્મસંપ્રદાય કે દર્શનસિદ્ધાંતવાદીઓએ તત્ત્વવિદ્પણાની સર્વોત્તમ ભૂમિકા સુધી પહોંચવાનાં ભિન્ન ભિન્ન સાધન શોધી-ગોઠવી રાખ્યાં છે; પરંતુ સામાન્ય રીતે ચિત્તની સત્ત્વગુણ દ્વારા શુદ્ધિ, લક્ષ્યમાં ચિત્તને એકાગ્ર કરવાની યોગ-ઉપાસના પદ્ધતિ, તથા અધિષ્ઠાનસ્વરૂપ આત્માની અનુભવવિદ્યાને માન્ય રાખી છે, એમાં વાદવિવાદ નથી. વૈદકશાસ્ત્ર કે વ્યાયામવિદ્યા જેમ કેવળ સ્થૂલ શરીરની કેળવણી સાથે સંબંધ રાખે છે, તેવી રીતે કર્મ-ભક્તિ જ્ઞાનની વિદ્યા મનુષ્યના સૂક્ષ્મ શરીર સાથે સંબંધ રાખતી હોઈ, એમાં કેવળ મનોવૃત્તિનાં શોધન-સાધનસાધના, તથા ધ્યેય, ધ્યાન, અને ધારણા જેવી આંતરિક પરાવિદ્યાને મહત્ત્વનું જ નહિ પણ અત્યાવશ્યક સ્થાન અપાયેલું છે. લૌકિક અપરા વિદ્યાની પદવીઓ કે ભૂમિકાઓ મુખ્યત્વે બાહ્ય લક્ષણવાળી છે, ત્યારે પરાવિદ્યાની પદવીઓ કે ભૂમિકાઓ

કેવળ આંતર લક્ષણવાળી જ છે એમ કહીએ તો ખોટું નથી. એટલા માટે નાળિયેરની પરીક્ષા જેમ ઉપરની છાલ જોઈને જ કરી શકાતી નથી, તેવી રીતે માણસની પરીક્ષા કેવળ એના બાહ્ય વ્યવહાર ઉપરથી જ થઇ શકતી નથી. કારણ કે વ્યવહારનાં પ્રત્યેક કર્મની પાછળ કર્તાનો હેતુ પણ તપાસી જોવો પડે છે. સંસારજ્ઞાની અને તત્ત્વજ્ઞાનીના બાહ્ય જીવનમાં બાહ્ય દૃષ્ટિએ સામ્ય દેખાતું હોવા છતાં, એના આંતરિક ઉદ્દેશને જોયા તપાસ્યા વિના અભિપ્રાય બાંધવો ભૂલ ભરેલો છે. અને પ્રશ્ન અટપટો હોવાથી જ યુગે યુગે, પ્રત્યેક ધર્મ કે સંપ્રદાયમાં વ્યવહારના જીવન માટે પણ અસંખ્ય વિધિનિષેધોનો ફેરફાર થયા કર્યો છે. તત્ત્વજ્ઞાનનો પ્રશ્ન આને લીધે જ અટપટો બની બેઠો છે. મુક્તિના તાત્ત્વિક સિદ્ધાંતમાં પણ ખૂબ જ કઠિન અને જ્ઞાનગંભીર હોવાથી એમાં કેવળ તર્ક નહિ, પણ અનુભવીઓના શબ્દો ઉપરની શ્રદ્ધાને પ્રાધાન્ય માનવામાં આવ્યું છે, અને અનુભવીની વ્યાખ્યા કરવી પણ કઠિન હોવાથી એ પ્રશ્નના ઉત્તરો કે સમાધાન હજુ સુધી સર્વાંશે ફલીભૂત થયાં નથી. છતાં ચારિત્રનું ઘડતર કરવામાં સદાચારને મુખ્ય માનવામાં બધા ધર્મ સંપ્રદાયોની એકવાક્યતા છે. બધા એક રીતે તો સહમત છે કે ત્યાગ અને નિર્મોહ, વૈરાગ્ય અને ભક્તિ, ગુરુ અને શિષ્ય સંબંધ, જેવાં સાધનો અનિવાર્ય રીતે આવશ્યક છે. માનવજીવન કેવળ પૃથ્વી પર જન્મ લીધેલા શરીરથી જ અંતિમ કક્ષાએ પહોંચતું નથી. એ જ એનું અંતિમ યાત્રાધામ નથી. પાર્થિવ શરીર તો પૃથ્વી ઉપર જીવાત્મા આવી ચડયો છે એ માટે એક પરિધાનવસ્ત્ર જેવું છે; બ્રહ્માંડભરમાં જેમ નક્ષત્રમંડળ, ગ્રહમંડળ, વગેરે સ્થૂલ તત્ત્વોનાં નિવાસસ્થાન છે, તેમ અંતરીક્ષમાં સૂક્ષ્મ તત્ત્વોનાં પણ નિવાસસ્થાન છે; એ બધા લોકલોકાંતર છે અને છે અને ત્યાં જડ ચેતન મિશ્ર વ્યક્તિત્વ ધરાવતા જીવાત્માઓનો નિવાસ તથા જીવનવ્યવહાર છે. જ્યાં

જાય ત્યાં તે તે ગ્રહ, નક્ષત્ર કે દ્યુ-લોકનાં સ્થૂલ કે સૂક્ષ્મ તત્ત્વોનાં વસ્ત્રો ધારણ કરે છે અને તે બધાં એમનાં શરીર કહેવાય છે. ઉપરનાં શરીર બદલાય, પણ આંતરિક શરીર, જે વ્યક્તિત્વવાળું અહંકારવાળું, અસંખ્ય વાસનાના ભંડારને સાચવી રાખનારું, એ પ્રમાણેના રાગદ્વેષવાળું, ભોગબુદ્ધિથી હલનચલન કે આવાગમન કરનારું છે, તે જ જીવાત્માનું અનંત જન્મમરણ પામનારું સૂક્ષ્મ શરીર છે.

જ્ઞાનોત્તર દશાને જીવન્મુક્તિ નામ એટલા માટે આપવામાં આવ્યું છે કે ઉપર જે અજ્ઞાનસ્વરૂપ, ચિત્ તથા ચિદાભાસના ભેદનું બંધન હતું તે આત્મજ્ઞાન વડે દૂર થયું, ત્યારે વર્તમાન દેહમાં જ અંતઃકરણમાં ઊભી થયેલી બ્રહ્માકારવૃત્તિ બધી ભેદ-અનાત્મવૃત્તિઓને નિર્મૂળ કરીને મનુષ્યને સહજાવસ્થા પ્રાપ્ત કરાવે છે. સાધકદશામાં અનાત્માના વિસ્મરણમાં આત્માનું સતત્ સ્મરણ રાખવા રૂપ શ્રવણ, મનન, નિદિધ્યાસનના સાધન પ્રમાણે સાધનાની આવશ્યકતા રહે છે, પણ જેમ કોઈ વસ્તુને ગોખીને યાદ કરી લીધા પછી એ સ્વાભાવિક રીતે જ સતત્ સ્મરણમાં રહે છે, મનુષ્યને જેમ પોતાનું નામ, વય, વર્ણ, જાત, આશ્રમ, ગામ, ઘર, ધંધો, સગાંસંબંધી, માલમિલકત કે ધનવૈભવ, ગરીબી કે વ્યાધિ વગેરે સ્વાભાવિક રીતે જ યાદ રહી જાય છે, તેમ આત્મજ્ઞાનના અભ્યાસીને શરૂઆતમાં સતત્ આત્મચિંતવન કરવું પડે છે, પણ જ્યારે એનો પરિપાક થાય છે, જ્ઞાન દૃઢ બને છે, ત્યાર પછી જેમ ઉપર વર્ણવેલી ઉપાધિઓ જ્યારે આવશ્યકતા પડે ત્યારે સહજ-ભાવે સ્મૃતિભંડારમાંથી નીકળી આવે છે, તેવી જ રીતે આત્મભાવનાની વૃત્તિ જ્યારે દૃઢ થઈ જાય છે, ત્યારે એ પણ જ્યાં જ્યાં દેહાધ્યાસ પ્રકટ થતો હોય, ત્યાં ત્યાં સહજ ભાવે ઉદય પામીને, આત્મજાગ્રતિ રખાવે છે. જેમ દેહ અને દેહની ઉપાધિઓની સ્મૃતિ-વિસ્મૃતિ પ્રસંગ અનુસાર હોય છે, તેવી રીતે આત્માની સ્મૃતિ-વિસ્મૃતિ પણ વ્યવહાર-પરમાર્થના

પ્રસંગે યથોચિત રીતે જાગ્રત થાય છે: પ્રથમ એને માટે પરિશ્રમ કરવો પડતો હતો, હવે સહજ સ્વભાવે એનો અંતરમાં ઉદય થાય છે. આ છે બ્રહ્મવિદ્‌ની સહજ અવસ્થા; જીવન્મુક્તિ પણ એનું જ નામ છે. વેદાન્તશાસ્ત્ર અશરીરી શરીરાન્ત પછીની મુકિત કરતાં આવી સશરીરી મુકિતને વિશેષ પ્રમાણભૂત માને છે, કારણ એમાં માનવીય અંતઃકરણ પોતે જ પોતાનું પ્રમાણ બને છે. શાસ્ત્ર તથા આચાર્યના ઉપદેશ પ્રમાણે એણે જે જે સાધના કરી લીધી એના ફળનું એ પોતે જ પ્રત્યક્ષ પ્રમાણ બને છે. એ ઉપરાંત દ્વૈત સંસારનો કોઇ પણ અનુભવ જેટલો સ્વસંવેદ્ય છે એટલો પરસંવેદ્ય નથી. ગોળના સ્વાદનું ગમે તેટલું વર્ણન કરો તો પણ એ સૌના પોતપોતાના અનુભવનો વિષય હોઈ જેમ સ્વસંવેદ્ય છે, તેવી જ રીતે બ્રહ્માનંદ પણ સ્વસંવેદ્ય હોઈ, વર્તમાન શરીરમાં જ એનો અનુભવ થાય તો જ શાસ્ત્રવાકય કે ગુરુઉપદેશ યથાર્થ છે એવું જ્ઞાન સપ્રમાણ અને સત્યનિષ્ઠ બને છે. સાધકદશામાં જે શ્રદ્ધાથી કામ લેવાનું હતું, તે શ્રદ્ધા સત્યને પંથે હતી એવી એને ખાતરી થાય છે; અને તેથી ભ. ગી. માં श्रद्धावान् लभते ज्ञानम् જે કહ્યું છે એ સાર્થક વાકય છે, એમ લાગે છે.

જીવન્મુકતના શરીરનો અંત આવે ત્યારે એના સ્થૂલ-સૂક્ષ્મ શરીરનાં તત્ત્વો વિરાટમાં મળી જાય છે કારણ કે એના ઉપર એનું મોહમમત્વ હોતું નથી. મારું મન, મારું શરીર, મારા વિચાર, મારી મનોવૃત્તિઓ, મારાં ધનવૈભવ વગેરે કોઈપણ વસ્તુઓ ઉપર એનું મમત્વ ન હોવાથી ચિદાભાસ જેમ સર્વવ્યાપક ચૈતન્યસ્વરૂપ સાથે અભેદ બની ગયો હોય છે, તેવી જ રીતે એના સ્થૂલ–સૂક્ષ્મ શરીરનાં તત્ત્વો પણ વિરાટમાં એકમેક થઈ જાય છે. સૂક્ષ્મ શરીરનું વ્યકિતત્વ તૂટી જાય છે, અને દેહાધ્યાસ–અહંકારને લીધે જેનાં જન્મમરણ થતાં હતાં તેનો અંત આવે છે. ઉન્નતિ કે અધોગતિ તો દૂર રહી, પણ એની પ્રાણસ્વરૂપ ગતિનો પણ અંત આવે છે એટલે બ્રહ્મવિદ્‌ના પ્રાણનું ઉત્ક્રમણ

થતું નથી એમ શ્રુતિઓ કહે છે; પરંતુ એક વસ્તુ શેષ રહી જાય છે. સ્થૂલ-સૂક્ષ્મ તત્ત્વો જેમ વિરાટસ્વરૂપમાં ભળી ગયાં તેમ જીવન્તકાળે આનંદમય કોશમાં જે અનેક પૂર્વજન્મોના સંચિત સંસ્કાર પડ્યા હતા, પાપપુણ્યનાં બીજોને એણે વિજ્ઞાનમય કોશમાં ભરેલાં પ્રખર જ્ઞાનવૈરાગ્યથી ખાળી રાખ્યાં હતાં, તેનો થોડો વિચાર કરી લેવો જોઈએ. પ્રાણ વિશ્વપ્રાણમાં એક થઈ ગયા પછી એ સંચિત સંસ્કારો નિરાશ્રિત તથા નિરાધાર બને છે; એના ઉપર કોઈનો અધિકાર, મમતા કે આસક્તિ ન હોય તો એ નિરાધાર રહી શકે જ નહિ. પ્રત્યેક સંસ્કાર, વિચાર કે વૃત્તિના સૂક્ષ્મ રૂપો—આકારો હોય છે અને જેવું જેવું અંતઃકરણ હોય તે પ્રમાણે જીવાત્મા એને પોતાના માનીને સંઘરી રાખે છે. જીવન્મુક્તના સંચિત સંસ્કાર વિષે એ દૃષ્ટિએ એક પ્રશ્ન ઊભો થાય છે કે એના ઉપર કોની મમતા હતી? જ્યારે એ જીવન્ત હતો, ત્યારે એની સાથે માનવ સમૂહનો સંપર્ક—સંબંધ હતો. કોઈ ભકિતમાન શિષ્ય તરીકે કે, કોઈ વ્યવહારપક્ષી એની સાથે મમતા બાંધીને એનાં જ્ઞાન ધ્યાનનાં સાધનોનો લાભ લેતા હતા, એના લૌકિક વ્યવહારની પીઠમાં રહેલી અલૌકિક દૃષ્ટિની પ્રશંસા કરતા હતા, ભાવભકિત રાખીને એના ગુણાનુવાદ ગાતા હતા, જ્યારે એથી વિપરીત કેવળ સાંસારિક મલિન વાસનામાં રચીપચી રહેલા લૌકિક સ્વાર્થી તથા વિષયી ભાવમાં સડ્યા કરનારા એમનાં સામાન્ય શારીરિક-કર્મમાં પણ દોષારોપણ કરીને પાપદૃષ્ટિથી એમનું સ્મરણ કર્યા કરતા. સામાન્ય મનુષ્યના જીવનમાં જેવું બને છે તેમ જગતનો વ્યવહાર તો સ્તુતિ-નિન્દાથી જ ભરેલો છે; ઋષિમુનિઓ, અવતારો, આચાર્યો, સન્તો કે ભકતોનાં જીવનમાં બહુજન સમૂહની એક જ પ્રકારની દૃષ્ટિ હોતી નથી. એક જ ઝાડના ઠૂંઠામાં કોઈ ચોર, તો કોઈ ભૂત તો કોઈ વનપશુની મનમાની કલ્પના કરે તેવી જ રીતે સન્તજીવનમાં પણ બને છે. કોઈ ભકિતભર્યા હૃદયે સ્તુતિ પ્રશંસા કરે

તો કોઈ દોષદષ્ટિ રાખીને નિન્દાનો વરસાદ વરસાવે. તાત્પર્ય એ છે કે જીવન્મુક્તના જીવનમાં આ બે વર્ગના મનુષ્યોએ, પોતપોતાની દૃષ્ટિ પ્રમાણે મમતા બાંધી હોય છે, અને એમના ગુણદોષનું સતત્ સ્મરણ ચિંતવન કરતા હોય છે. બ્રહ્મવિદ્‌ને તો સંચિત સંસ્કાર સાથે સદેહ અવસ્થામાં પણ મમતા નહોતી અને વિદેહમુક્ત થયા પછી તો હોય જ શાની? નિરાધાર થયેલા એ પૂર્વસંસ્કારના ભંડારમાંથી જેવી જેની દૃષ્ટિ હોય, તે પ્રમાણેની મમતા પ્રમાણે ભક્ત કે પ્રશંસકને પુણ્ય-સંસ્કારનો લાભ મળે છે, અને નિન્દક કે દોષદષ્ટાને પાપસંસ્કારનો વારસો મળે છે. ઠૂંઠામાં ચોર જોનારના ચિત્તમાં ચોરની મનોવૃત્તિ ઊભી થાય છે અને એનાજ સંસ્કાર પડે છે. ચોરનો વિચાર આવતાં જ ચોરીની રીતભાત, એનાં ફલ, સજા, દંડ, પાપકર્મની પણ કલ્પનાઓ ઊભી થાય છે, પરંતુ ઠૂંઠામાં એમાંનું કશું હોતું નથી, તેમ એમાં પરિવર્તન પણ થતું નથી. જેવી જેની મનોદશા તેવું એને જગત્ દેખાય છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ, દ્રષ્ટાનો જેવો ભાવ તેવું એનું જગત્ એ ન્યાયે દુ:ખી, શોકગ્રસ્ત કે કલેશવાળાને જગત્ દુ:ખમય દેખાય છે, સુખી, પ્રસન્ન અને આનંદમગ્નને જગત્‌માં પ્રસન્નતા દેખાય છે. ચિત્ત પ્રસન્ન હોય ત્યારે એક જ વિષય આનન્દ આપે છે અને એનો એ જ વિષય ચિત્તમાં ઉદ્વેગ ઊભો થતાં અણગમો ઉપજાવે છે. જેવું મન તેવો સંસાર, જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ, જેવી ભાવના તેવું જગત્ એ અટલ સિદ્ધાન્ત છે, અને મનુષ્ય પોતાના મનોભાવ પ્રમાણે દૃશ્ય સંસારમાંથી અનુરૂપ સંસ્કારો મેળવી લે છે.

જીવન્મુક્તનું શરીર પંચતત્ત્વોમાં મળી ગયું, સ્થૂલ-સૂક્ષ્મ બધું વિરાટમાં સમાઈ ગયું. રહ્યા માત્ર સંચિત સંસ્કાર જે એમના ભક્તો અને નિન્દકોના ચિત્તમાં ચિંતનરૂપે રહ્યા હતા, તે ખેંચાઈને પ્રકૃતિના સ્વાભાવિક આકર્ષણના નિયમ પ્રમાણે ત્યાં ચાલ્યા ગયા. આ થઈ એમના જીવનની, બંધનમાં પડેલા ચિદાભાસની સંપૂર્ણ મુક્તિ.

આ ઉપરથી વ્યવહારમાં પણ એક સામાન્ય નિયમ થઈ પડ્યો છે કે મરણ પામેલા મનુષ્યની નિન્દા ન કરવી. એમના કોઇ દોષ સ્વભાવવશ મનમાં આવે, તો પણ ગુણ તરફ દૃષ્ટિ કરીને કાઢી નાંખવા જોઈએ. સાચી વાત તો જીવન્ત મનુષ્ય પ્રત્યે પણ એ જ દૃષ્ટિ કેળવવાની છે, છતાં વ્યવહારપક્ષે એ કેવળ અસંભવિત હોવાથી મનોવૃત્તિમાં દોષભાવ આવે તો વિજ્ઞાનમયકોશના સામર્થ્યથી આનન્દ-મયકોશના ભંડારમાં, સંચિત સંસ્કારમાં એનો ઉમેરો ન થાય એની સાવચેતી રાખવી જોઈએ.

પરંતુ જેની સાથેનો વ્યવહાર એના મૃત્યુને લીધે બંધ થયો છે, એવા સદ્‌ગત જીવાત્માઓ વિષે તો હંમેશાં ગુણમયી દૃષ્ટિ જ કેળવવી જોઈએ. કારણ કે કયો મનુષ્ય તત્ત્વવિદ્‌ કે જીવન્મુક્ત છે, એની વ્યાખ્યા બાંધવી વ્યવહારની દૃષ્ટિએ કઠિન છે અને દોષ દૃષ્ટિ તો સર્વથાનિષિદ્ધ છે એમ વ્યવહારપક્ષે પણ પરમ સત્ય છે. આત્મસાક્ષાત્કારનો માર્ગ આત્મ-સુધારણા માટેનો છે. માનવીયજીવન આત્મલક્ષી છે. વિશ્વસુધારણાનો પ્રશ્ન ઊભો કરીએ, ત્યારે પહેલાં વિશ્વસુધારકની આવશ્યકતા ઊભી થાય છે. વિશ્વસુધારકનો વિચાર કરતાં પહેલાં એ પોતે સુધારણાનો સર્વાંગી વિકાસ સાધી ચૂકેલો છે એવો નિશ્ચય કરવો પડે છે. વ્યાધિથી રીબાતો, પીડાતો, હાલવાચાલવાની અશક્તિ વાળો પથારીમાં પડેલો રોગી કોઈ બીજા રોગીની સેવા કરી શકે એ જેમ અશક્ય અને અસંભવિત છે, તેવી રીતે વિકારથી ભરેલો, પ્રપંચમાં ઓતપ્રોત, અને સ્વાર્થમાં રચ્યો પચ્યો રહેનાર કોઈને સુધારી શકે એમ માનવું એ નરી મૂર્ખતા છે. એટલે જ ધર્મજ્ઞાનનો ઉપદેશ નિરંતર આત્મલક્ષી છે; આત્મસુધારણા જ મુખ્ય છે. લોકસુધારણા ગૌણ છે, કારણ કે આત્મસુધારણામાં લોકસુધારણાનો સમાવેશ થઈ જાય છે. ધર્મભાવના આત્મલક્ષી હોવાથી પ્રત્યેક વ્યક્તિને માટે ધર્મધારણાને જ કર્તવ્યપરાયણતા ઠરાવેલી છે. પાંડિત્ય અને પરોપદેશ કરતાં સ્વધર્મ અને સ્વકર્તવ્ય વધારે

ઉપયોગી છે. કહેણી કરતાં કરણી સ્થાયી છે, અને વાણી કરતાં વર્તન સહસ્રગણું મૂલ્યવાન છે. વેદાન્તશાસ્ત્ર આ રીતે દૃષ્ટિ બદલવાનું કહે છે, કારણ કે પ્રત્યક્ષ થતું જગત્ કેવળ બ્રહ્મમય છે; બ્રહ્મનો વિવર્ત છે અને એ જગત કેવળ માનસિક પ્રતિભાસ છે. ચિત્ અને ચિદાભાસનું જેવું વિવેચન આપણે જોઈ ગયા, તેવું જ જગત્ અને જગદીશ વિશે સમજી લેવાનું છે. કોઈ પણ પદાર્થને લ્યો, કાં તો એ પાંચ તત્ત્વોનું મિશ્ર રૂપાંતર છે એમ માનવું પડશે, અથવા પાંચ તત્ત્વોનાં પરિધાનવાળું અધિષ્ઠાન સ્વરૂપ બ્રહ્મ સમજવું પડશે. જેમાં તમારી દૃષ્ટિ સચ્ચિદાનંદ મેળવે એ દૃષ્ટિ સત્ય; બીજી અસત્ય. અને સાપેક્ષ સત્ય અને નિરપેક્ષ સત્ય વચ્ચેનું અંતર તો પ્રથમથી જ સમજી લેવું જોઈએ. ક્ષણેક્ષણે રૂપાંતર પામતું આ દૃશ્ય જગત્ નામરૂપના વિકારોનો વિલાસ આપણી સમક્ષ દેખાડયા કરે છે, એમાં નામરૂપોની ક્ષણિક સત્તા પણ જો માનતા હો તો એ બધાં સાપેક્ષ સત્ય લાગશે. સાપેક્ષ રીતે કોઈ પણ નામરૂપને સત્ય કહેવું, એ વ્યવહારપક્ષે પણ યથાર્થ નથી. ત્રિકાલના વિકારનો જેને સ્પર્શ ન થાય, ત્રિલોકના અંતરનો જેમાંથી વિભાગ ન પડે, એવી પરમ વસ્તુ તે સત્ય. એને નિરપેક્ષ કહેવામાં પણ કૈંક અપૂર્ણતા રહી જાય છે; એને સત્ કહો, ચિત્ કહો કે આનંદ કહો, પણ એ બધા સંકેત માત્ર હોઈ દ્વૈતબંધથી મુકત થવાના શબ્દવિલાસ છે. બાકી તો મૌન ! ॐ શાંતિ !

* * *

કર્મકાંડના વિવેચનમાં જીવાત્માનાં લોકપરલોકગમન, કર્મ પ્રમાણેની ગતિ અને સંસારચક્રની વસ્તુસ્થિતિ આપણે જોઇ ગયા. બ્રહ્મજ્ઞાનની મીમાંસા કરતાં કરતાં સંસારનું સ્વરૂપ, માનવીય શરીરની રચના, એક જ ચિત્ ( ચૈતન્ય )નો ચિદાભાસ સ્વરૂપ જીવાત્મા અને એના બંધમોક્ષ, વગેરેનો વિચાર કરી જોયો. સાર એ નીકળ્યો કે—

(૧) માનવીય જન્મ અને જીવન અમૂલ્ય છે; ભાસમાન થતાં બંધનમાંથી મુક્તિ મેળવવાનું એ એક માત્ર દ્વાર છે.

(૨) જેવી મતિ તેવાં કર્મ; જેવાં કર્મ તેવી ગતિ; જેવી ગતિ તેવા ભોગ; જેવા ભોગ તેવા સંસ્કાર એ ન્યાયે સંસ્કારસુધારણા માનવીય જીવનનું પરમ લક્ષ્ય હોવું જોઈએ.

(૩) વસ્તુસ્થિતિ સમજવી એ જેમ વ્યવહારજ્ઞાન છે; કોઈ પણ પદાર્થના ગુણધર્મ સમજવા એ જેમ વિષયજ્ઞાન છે, તેમ માનવીય જીવનનું રહસ્ય-જ્ઞાન મેળવવું એ શાસ્ત્રજ્ઞાન છે, અને પોતાના આત્માનું જ્ઞાન મેળવવું એ પરમ વિજ્ઞાન છે.

(૪) મુક્તિ એટલે આત્માની પાકી ઓળખાણ; આત્મા ક્યાંય લેવા જવો પડે એમ નથી; ક્યાંયથી શોધી કાઢવાનો નથી; ક્યાંય નવો પેદા કરવાનો નથી; કારણ કે એતો તો શોધનારનું, જાણવા ઇચ્છનારનું પોતાનું જ સ્વરૂપ છે, સાક્ષાત્ એ પોતે જ છે.

(૫) પોતે જ પોતાને ભૂલી જઈને માને છે કે હું સચ્ચિદાનન્દ આત્મા નથી; બ્રહ્મવિદ્ પાસેથી ઉપદેશ-આજ્ઞા મેળવીને એ ભયંકર બંધનમય ભૂલ સુધારે, ભુલી ગયેલું ઓળખી લે, વિસારેલું યાદ કરે અને પોતે જેવો છે તેવો માનીને એ પ્રમાણે રહેણી, કરણી રાખે એટલે આનન્દ !

(૬) આત્મા અને અનાત્માનો વિવેક શીખે; અનાત્માનો વૈરાગ્ય કેળવે; આત્માની ભક્તિ કરીને શમ, દમ, વગેરે વધારે; અનાત્માની માન્યતામાંથી ઊભાં થયેલાં દ્વંદ્વરૂપ બંધનથી મુક્તિ મેળવવાની ઇચ્છા કરે; બ્રહ્મવિદ્ પાસેથી આત્મજ્ઞાનના ઉપદેશનું શ્રવણ કરે; એ ઉપદેશનું

પોતાની શુદ્ધ બુદ્ધિથી મનન કરે; એ પ્રમાણે નિદિધ્યાસન કરીને અભેદ અનુભવે—આ છે આત્મસાક્ષાત્કારની સાધન સંપત્તિ.

(૭) જેને પૂર્વસંસ્કાર હોય તે શીઘ્રતા કરે; અમૂલ્ય માનવ-શરીરનો લાભ મળ્યો છે, તો પછી આત્મજ્ઞાનનો અલૌકિક લાભ લેવામાં શા માટે વિલંબ કરવો? એ એક જ પરમધર્મ છે; એ જ કર્તવ્ય છે; એ જ જીવનમાર્ગ છે; અને એ જ જીવનલક્ષ્ય છે. ૐ